અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત તમામ મૃતાત્માઓને અબતક પરિવારની અશ્રુભીની શ્રદ્ધાંજલી



પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



તા. ૧૩-૬-૨૦૨૫, શુક્રવાર
વર્ષ: ૧૪, અંક : ૮૨

શહેર આવૃત્તિ
પાના: ૧૬

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

# પ્લેન ક્રેશમાં ૨૯૦ના મોતથી ગુજરાત હિબકે ચડ્યું: વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ શોકમગ્ન

## ૨૦ મિનિટ સુધી ઘટનાનું નિરીક્ષણ કરતા નરેન્દ્રભાઈ મોદી: રૂપાણી પરિવારને મળ્યાં ગાંધીનગરમાં સમીક્ષા બેઠક

**૨૦ મિનિટ સુધી ઘટનાનું નિરીક્ષણ કરતા નરેન્દ્રભાઈ મોદી: હતભાગી પરિવારો સાથે મુલાકાત**





**બી જે મેડિકલ કોલેજના મેસમાં ભોજનનો કોળિયો લઇ રહેલા પાંચ તબીબો પણ કાળનો કોળિયો બની ગયા : કરૂણ રકાશ**

**દુર્ઘટના સર્જાતા સર્વત્ર આક્રંદ: ભડથું થયેલા મૃતદેહ જોઈ કઠોર મનના માનવીની આંખો પણ ભીની થઇ ગઈ**

**બપોરે ૧:૩૮ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભરનાર એર ઈન્ડિયાનું પ્લેન ફક્ત બે મિનિટમાં ક્રેશ થતાં ૨૨૯ મુસાફરો, બે પાયલોટ, ૧૦ ક્રુ મેમ્બર ભડથું**

## લંડન ખાતે દીકરી-જમાઈના ઘરે જઈ રહેલા રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું નિધન

**અબતક, રાજકોટ**

૧૨/૦૬.. આ તારીખ ગુજરાતના ઈતિહાસમાં કાળા દિવસ તરીકે સ્થાપિત થઈ ગયો છે. ગઈકાલે અમદાવાદ એરપોર્ટ ખાતેથી ૧:૩૮ કલાકે ૨૩૦ મુસાફરો, બે પાયલોટ અને ૧૦ ક્રુ મેમ્બર સાથે લંડનની ઉડાન ભરનાર એર ઈન્ડિયાનું પેસેન્જર પ્લેન ફક્ત બે મિનિટમાં મેઘાણીનગર રહેણાંક વિસ્તારમાં ક્રેશ થઈ જતાં સર્વત્ર આક્રંદ જોવા મળ્યો હતો. પ્લેન ક્રેશ થતાંની સાથે જ ભયાવહ વિસ્ફોટ થતાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા અને આ કરુણ દુર્ઘટનામાં ૨૯૦ લોકોને કાળ ભરખી ગયો હતો. અત્યંત કરુણ ઘટના એ પણ છે કે, ક્ષતિગ્રસ્ત પ્લેન બી જે મેડિકલ કોલેજની હોસ્ટેલ સાથે અથડાયું હતુ જેના લીધે હોસ્ટેલની મેસમાં ભોજનનો કોળિયો લઈ રહેલા પાંચ તબીબો કાળનો કોળિયો બની ગયા હતા. ઉપરાંત લંડન ખાતે દીકરી-જમાઈના ઘરે જઈ રહેલા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું પણ નિધન થઈ ગયું હતું. હજુ પણ એનડીઆરએફની ટીમો દ્વારા સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે માટે દુર્ભાગ્યવશ મૃત્યુઆંક હજુ પણ વધે તેવી શક્યતા છે. આ દુર્ઘટના બાદ શોકમગ્ન

(અનુ. ૧૫ માં પાને)

## જો ૫૦૦ મીટર દૂર પ્લેન ક્રેશ થયું હોત તો મૃત્યુઆંક અકલ્પનિય

અમદાવાદ સિવિલ હોસ્પિટલ નજીક ઘોડા કેમ્પ પાસે સ્ટુડન્ટ મેસ બિલ્ડીંગ અને હોસ્ટિલ બિલ્ડીંગ પાસે જે પ્લેન ક્રેશની ઘટના બની છે તે આમ તો હૃદય કંપાવનારી અને અત્યત કરૂણ છે પરંતુ મહત્વની વાત એ છે કે આ પ્લેન ક્રેશ થયુ ત્યાંથી સૌથી મોટી એવી ૧૨૦૦ બેડ હોસ્પિટલ માત્ર ૫૦૦ મીટર જ દૂર હતી.જો થોડે જ દૂર પ્લેન ક્રેશ થયુ હોત તો મૃતકો અને ઘાયલોની સંખ્યા અનેકગણી વધારે હોત.

## દરવાજો તૂટી જતાં હું બચી ગયો: પ્લેન ક્રેશના બચી ગયેલા રમેશે જણાવી આપવીતી



અમદાવાદમાં ગઈકાલે સર્જાયેલી હૃદયદ્રાવક વિમાન દુર્ઘટનામાં સવાર ૨૪૧ લોકોના મોત થયા હતાં. જેમાં એકમાત્ર વ્યક્તિ રમેશ વિશ્વાસનો ચમત્કારિક બચાવ થયો હતો. જે હાલ સારવાર હેઠળ હોસ્પિટલમાં છે. તેની સ્થિતિ સામાન્ય છે. રમેશ વિશ્વાસે મીડિયા ઈન્ટરવ્યૂમાં પોતાનો બચાવ કેવી રીતે થયો તેના વિશે જણાવ્યું હતું.રમેશ વિશ્વાસે જણાવ્યું કે, વિમાન જેવુ રનવે પર સ્પીડથી ટેકઓફ કરવાની તૈયારીમાં હતું, ત્યારે જ કંઈક અજીબ અનુભવ થયો. અચાનક ૫-૧૦ સેકન્ડ માટે વિમાન અટકી ગયુ હતું. બાદમાં અચાનક ગ્રીન અને વ્હાઈટ લાઈટ્સ ઓન થઈ ગઈ. જાણે એવુ લાગ્યુ કે, પાયલોટે માંડ-માંડ પ્લેનને ટેકઓફ કરાવ્યું હોય. બાદમાં સ્પીડમાં જ પ્લેન સીધુ હોસ્ટેલની બિલ્ડિંગમાં જઈને અથડાયું. મારી આંખો સામે જ આખું પ્લેન બળીને ખાખ થયુ હતું.આગળ વિશ્વાસ કહ્યું કે, મારી સીટ પ્લેનના જે હિસ્સામાં હતી. તે હિસ્સો જ બિલ્ડિંગના (અનુ. ૧૫ માં પાને)

## ભાવનગરના બે, ગ્વાલીયરના એક સહિત પાંચ હતભાગીઓના મૃતદેહ પરિજનોને સોંપી દેવાયા

## હોસ્ટેલની મેસમાં ૧૦થી વધુ તબીબી વિદ્યાર્થીઓના મોતની આશંકા: પરિવારો પર આભ ફાટ્યા જેવી સ્થિતિ

પ્લેન ક્રેશ થતાં બી જે મેડિકલ કોલેજની હોસ્ટેલ ઈમારત સાથે ટક્કર થઇ હતી. જેના લીધે જોરદાર બ્લાસ્ટ થતાં હોસ્ટેલની મેસમાં ભોજનનો કોળિયો લઇ રહેલા તબીબી વિદ્યાર્થીઓ કાળનો કોળિયો બની ગયા હતા. હાલ સુધીમાં પાંચ તબીબી છાત્રોના મોતની પુષ્ટિ થઇ ચુકી છે જયારે હજુ અનેક વિદ્યાર્થીઓ લાપતા હોવાના અહેવાલ વચ્ચે હોટેલ મેસમાં ૧૦ થી વધુ વિદ્યાર્થીઓના મોતની આશંકા છે. આશાસ્પદ યુવાનો તબીબ બનવા મોકલનાર પરિજનો પર આ દુર્ઘટનાને પગલે આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે.

## પ્લેન ક્રેશ થવા પાછળનું કારણ તપાસવા અમેરિકન એજન્સી અમદાવાદ આવશે

અમદાવાદમાં ક્રેશ થયેલી એર ઈન્ડિયા ફ્લાઈટની તપાસ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી ગઈ છે. અમેરિકાની નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (એનટીએસબી)એ જાહેરાત કરી છે કે, તે ભારતની વિમાન અકસ્માત તપાસ બ્યુરો (એએઆઈબી)ને ઘટનાની તપાસ કરવામાં મદદ કરશે. અમેરિકાની એજન્સી એલટીએસબીએ પોતાની એક્સપર્ટ્સની ટીમ ભારત મોકલવાની તૈયારી કરી દીધી છે. આ ટીમ એઆઈઆઈબી સાથે મળી અમદાવાદમાં ક્રેશ થયેલા પ્લેનની તમામ બાબતોની તપાસમાં કરશે. આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (આઈસીએઓ)ના એનેક્સ-૧૩ પ્રોટોકોલ મુજબ, જયારે કોઈ દેશમાં વિમાન દુર્ઘટના થાય છે અને તે વિમાન જે કંપનીએ બનાવ્યું હોય છે, ત્યારે તે વિમાન બનાવનાર કંપની તપાસમાં સામેલ થઈ શકે છે. ક્રેશ થયેલું એર ઈન્ડિયાનું વિમાન બોઈંગ ૭૮૭-૮ હતું, જે અમેરિકાની કંપની બોઈંગ દ્વારા બનાવાયું છે, તેથી ઘટનામાં એનટીએસબીની ભૂમિકામાં હોવાનું સ્વાભિવક છે.

## ફ્લાઈટનુ ડેટા રેકોર્ડર અને કોકપીટ વોઈસ રેકોર્ડર મળ્યું

અમદાવાદમાં ક્રેશ થયેલા બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરનું એક બ્લેક બોક્સ મળી આવ્યું છે. બીજા બ્લેક બોક્સની શોધ ચાલુ છે. આ બ્લેક બોક્સથી ખબર પડશે કે ટેકઓફ પછી તરત જ આટલો મોટો અકસ્માત કેવી રીતે થયો.અમદાવાદમાં ક્રેશ થયેલી ફ્લાઈટનુ ડેટા રેકોર્ડર અને કોકપીટ વોઈસ રેકોર્ડર બંને મળી ગયા છે. ટૂંક સમયમાં એર ઈન્ડિયા પ્લેન ક્રેશનું કારણ પણ બહાર આવશે. બ્લેક બોક્સ હોય પરંતુ તે ઓરેન્જ કલરનું હોય છે. કારણ કે દુર્ઘટના બાદ કાટમાળમાંથી તેને શોધવામાં સરળતા રહે. જેમાં બે ભાગ હોય છે. ફ્લાઈટ ડેટા રેકોર્ડર અને કોકપીટ વોઈસ રેકોર્ડર આ બંને મળીને બ્લેક બોક્સ કહેવાય છે.

## વિજયભાઈ રૂપાણીના બહેનનો ડીએનએ ટેસ્ટ કરાયો

પ્લેન ક્રેશ દુર્ઘટનામાં રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું પણ નિધન થઇ ગયાના અહેવાલ છે ત્યારે વિજયભાઈની બહેનનો ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યો છે. જો તેમનો ડીએનએ મેચ નહિ થાય તો તેમના પુત્રનો ડીએનએ સેમ્પલ લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, વિજયભાઈના પુત્ર ઋષભભાઈ અમેરિકાથી ભારત આવવા રવાના થઇ ચુક્યા છે અને તેઓ આજે રાત સુધીમાં અમદાવાદ પહોંચી જશે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, આઘાતજનક અહેવાલ મળતા જ અંજલિબેન રૂપાણી લંડનથી તાબડતોડ અમદાવાદ દોડી આવ્યા હતા. જ્યા અંજલિબેનનું હૈયાફાટ રુદન જોવા મળ્યું હતું. તેમણે પોતાની લાગણી વ્યક્ત કરતાની સાથે જ વિજયભાઈના કમાન્ડો પણ ધ્રુસકે ચડ્યા હતા.

## ઉચ્ચ સ્તરીય બેઠક: તમામ બાબતોની સમીક્ષા

એર ઈન્ડિયાના અમદાવાદથી લંડન જતાં વિમાનની સર્જાયેલી કમનસીબ દુર્ઘટના સંદર્ભે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને સમગ્ર ઘટનાની તલસ્પર્શી માહિતી મેળવી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ મંત્રીએ રાહત-બચાવ કામગીરીની સમીક્ષા કરીને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય મંત્રી રામમોહન નાયડૂ, કેન્દ્રીય રાજય મંત્રી મુરલીધર મોહોલ પણ આ બેઠકમાં જોડાયા હતા. કેન્દ્રીય ગૃમંત્રીને આ બેઠકમાં નાગરિક ઉડ્ડયન વિભાગ, ડીજીસીએ, આરોગ્ય વિભાગ, પોલીસ તંત્ર અને રાહત કમિશનર દ્વારા સમગ્ર વિમાન દુર્ઘટનાનો ઘટનાક્રમ, રાહત-બચાવ કામગીરી, આરોગ્યલક્ષી સેવાઓ સહિતની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાને દુઃખદ ગણાવીને કેન્દ્રીય મંત્રી શાહે પીડિત પરિવારોને સરકાર તરફથી જરૂરી તમામ સહાય પૂરી પાડવા માટે આદેશો કર્યા હતા. તેમણે કહ્યું હતુ કે, ઈજાગ્રસ્તોને ઝડપી સારવાર મળે, મૃતક અને પરિવારજનોના ડીએનએ સેમ્પલ કલેક્શન, મૃતકની ઓળખથી લઈને પાર્થિવ દેહને તેમના ઘર સુધી સુરક્ષિત પહોંચાડવા સુધીના દરેક તબક્કે જરૂરી મદદ સરકાર તરફથી પૂરી પાડવામાં આવશે. મૃતકોની ઓળખ થઈ શકે તે માટે ડીએનએ મેચ કરવાની કામગીરીને વધુ સુદ્રઢ અને બનાવવા તેમજ ઘટનાની સંપૂર્ણ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઘટના સ્થળને સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખવા માટે અમિત શાહે સંબંધિત અધિકારીઓને આદેશ આપ્યા હતા. દુર્ઘટનાનો સત્તાવાર મૃત્યુઆંક પરીક્ષણ પછી જ જાહેર થઈ શકશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, તેમણે અકસ્માત સ્થળની પણ મુલાકાત લઈને સમીક્ષા કરી છે. બધા મુસાફરોના મૃતદેહ બહાર કાઢવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. જે લોકો વિદેશમાં છે તેમના સંબંધીઓને જાણ કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને તેઓ પહોંચતાની સાથે જ તેમના ડીએનએ નમૂના પણ લેવામાં આવશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં જ લગભગ ૧૦૦૦ ડીએનએ પરીક્ષણો કરાવવા પડશે. (અનુ. ૧૫ માં પાને)

**વધુ એક યુધ્ધ શરૂ, વિશ્વભરના બજારોમાં અસર**

# ઈઝરાયેલનો ઈરાન ઉપર હુમલો: ૪ પરમાણુ સંગ્રહ સ્થળ સહિત ૬ સૈન્ય ઠેકાણાને નિશાન બનાવાયા

## અમેરિકા પાછલા બારણે ઈઝરાયેલનો સાથ આપે તેવા અહેવાલો: હુમલામાં ઈરાનના આર્મી ચીફ સહિતના વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ માર્યા ગયા હોવાનો ઈઝરાયેલનો દાવો

**અબતક, નવી દિલ્હી**

વિશ્વમાં વધુ એક યુદ્ધ શરૂ થતાં વેંત જ વૈશ્વિક બજારમાં તેની અસરો શરૂ થઈ ગઈ છે. ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો છે. ઈઝરાયલના રક્ષામંત્રી ઈઝરાયલ કાત્ઝે આ વાતની પુષ્ટિ કરી અને કહ્યું કે તેમના લડાકુ વિમાનોએ શુક્રવારે સવારે દુશ્મન દેશ પર હુમલો કર્યો. ઈઝરાયલી સેનાએ તેહરાનની આસપાસના ઓછામાં ઓછા ૬ લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. આ ૬ સ્થળોમાંથી ૪ સ્થળોએ પરમાણુ સામગ્રીઓ હતી.

ઈઝરાયલી હુમલામાં ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સના કમાન્ડર હુસૈન સલામીનું

(અનુ. ૧૫ માં પાને)

## યુદ્ધનું અસર ભારતીય બજાર ઉપર: સેન્સેક્સમાં મોટો કડાકો

ઈરાન પર ઈઝરાયલના હુમલા પછી, આજે એટલે કે ૧૩ જૂને શેરબજાર રેડ ઝોનમાં છે. સેન્સેક્સ ૯૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૮૦,૮૦૦ ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ લગભગ ૨૫૦ પોઈન્ટ ઘટીને ૨૪,૬૦૦ ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે.સેન્સેક્સના તમામ ૩૦ શેર નીચે છે. બેંકિંગ, ઓટો અને આઈટી શેર સૌથી વધુ નીચે છે. ગઈકાલના એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના પછી, એરલાઈન કંપનીઓના શેર પણ ઘટ્યા છે. દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોનો શેર ૪% ઘટ્યો છે.સ્પાઈસજેટ લગભગ ૩% ઘટ્યો છે. તે જ સમયે, એર ઈન્ડિયાનું સંચાલન કરતી ટાટા ગ્રુપના (અનુ. ૧૫ માં પાને)

## ક્રૂડના ભાવમાં ૧૨ ટકાનો ઉછાળો

ઈઝરાયલના હવાઈ હુમલાને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં ભારે ઉછાળો આવ્યો છે. બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧૧.૫% થી વધુ વધીને ૭૮.૫૦ ડોલર પ્રતિબે રલ થયો. જ્યારે નાયમેક્સ ક્રૂડ ૧૨% થી વધુ વધીને ૭૭.૫૮ ડોલર પ્રતિ બેરલ થયો. ઈઝરાયલી વડા પ્રધાન નેતન્યાહૂએ કહ્યું કે આ ધમકીને દૂર કરવા માટે આ ઝુંબેશ જેટલા દિવસો લાગશે તેટલા દિવસો ચાલુ રહેશે. ઈઝરાયલે ઈરાનના કેટલાક પરમાણુ વૈજ્ઞાનિકો અને સેનાપતિઓને પણ નિશાન બનાવ્યા છે. ઈરાની રાજ્ય ટેલિવિઝનએ અહેવાલ આપ્યો હતો કે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સના વડા, હુસૈન સલામી માર્યા ગયા છે.નેતન્યાહૂની સરકારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ (અનુ. ૧૫ માં પાને)

## સોના- ચાંદીના ભાવમાં આગ ઝરતી તેજી

મધ્ય પૂર્વમાં વધતા ભૂરાજકીય સંઘર્ષ વચ્ચે સોના માટે સુરક્ષિત રોકાણમાં વધારો થવાને કારણે આંતરરાષ્ટ્રીય બુલિયન પર સોનાભાવમાં વધારો થયો છે. ચાંદીના ભાવમાં પણ વધારો ચાલુ રહ્યો. એમસીએક્સ પર સોનાનો ભાવ રૂ.૧,૧૦૮ એટલે કે ૧.૧૨% વધીને રૂ.૯૯,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ખુલ્યો, જે તેની અગાઉની બંધ કિંમત રૂ.૯૮,૩૯૨ હતી. ભાવ રૂ.૧૦૦,૪૦૩ ની ઊંચી સપાટીએ પહોંચ્યો. એમસીએક્સ પર ચાંદીનો ભાવ રૂ.૫૬૫ એટલે કે ૦.૫૩% વધીને રૂ.૧,૦૬,૪૫૦ પ્રતિ કિલોગ્રામ પર ખુલ્યો, જે તેની અગાઉની બંધ કિંમત રૂ.૧,૦૫,૮૮૫ હતી. ચાંદી રૂ.૧,૦૬,૭૪૮ પ્રતિ કિલોગ્રામની ઊંચી સપાટીએ પહોંચી.સવારે ૯:૫૦ વાગ્યે, એમસીએક પર સોનાનો ભાવ ૧.૮૭% વધીને રૂ.૧,૦૦,૨૩૩ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે એમસીએક્સ પર ચાંદીનો ભાવ ૦.૬૨% વધીને રૂ.૧,૦૬,૫૪૫ પ્રતિ કિલો થયો હતો.આંતરરાષ્ટ્રીય બજારોમાં, સોનાના ભાવ એક મહિના કરતાં વધુ સમયગાળામાં તેમના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હતા.

**અનેક પરમાણુ વૈજ્ઞાનિકો પણ માર્યા ગયાના અહેવાલ: ઈરાનના ભારતીય દુતાવાસે એડવાઈઝરી જાહેર કરી**

# બ્લેક બોક્સઃ વિમાનની ઉડાનથી લેન્ડિંગ સુધીના તમામ ડેટાનો રાખે છે


## એરોપ્લેન બ્લેક બોક્સને ફ્લાઈટ ડેટા રેકોર્ડર (FDR) અને કોકપિટ વોઈસ રેકોર્ડરને (CVR) તરીકે ઓળખવામાં આવે છેઃ તે ટાઈટેનિયમ ધાતુમાંથી બનેલું હોય છેઃ વિમાન દુર્ઘટનાનું સત્ય શોધવામાં સૌથી મહત્વનું ઉપકરણ કડી ગણાય છે

બ્લેક બોક્સ દરેક વિમાનનો સૌથી મહત્વનો પાર્ટ છે. તે દરેક ફ્લાઈટમાં હોય ભલે તે પેસેન્જર, કાર્ગો કે લશ્કરના ફાઈટ પ્લેન હોય. તે એક તમામ ઉડાન ભરતી ફ્લાઈટની તમામ પ્રકારની પ્રવૃતિઓને રેકોર્ડ કરે છે. તેને ફ્લાઈટ ડેટા રેકોર્ડર (FDR) પણ કહેવાય છે. બ્લેક બોક્સ હોય છે લાલ કે ગુલાબી કલરનું પણ તેને કહેવાય છે બ્લેક બોક્સ કારણ કે તેની અંદરની દિવાસ તો બ્લેક જ હોય છે. પ્રારંભે તેને ‘‘રેડ એગ‘‘ પણ કહેતા હતા. સામાન્ય રીતે એરક્રાફટના પાછળના ભાગે લગાવવામાં આવે છે. આગળના પાયલોટ પાસે વોઈસ રેકોર્ડર લગાવાય છે. જે છેલ્લા બે કલાકની તમામ વાતો રેકોર્ડ કરી લે છે. તે મજબૂત ટાઈટેનિયમ ધાતુમાંથી બનાવાય છે. જે ખૂબ જ મજબૂત હોય છે. ગમે તેટલી ઉંચાઈએથી જમીન, પહાડ કે દરિયામાં પડે તો પણ બહુ જ ઓછું નુકશાન થાય છે.




નોલેજ કોર્નર
ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

બ્લેક બોક્સના ઈતિહાસની કહાની ઘણી રસપ્રદ છે. ૧૯૫૦માં વિમાનોના અકસ્માતોની સંખ્યા વધવા લાગી હતી ત્યારે ૧૯૫૩, ૫૪ના વર્ષોમાં નિષ્ણાતોએ એક એવું ઉપકરણ વિકસાવ્યું જે વિમાનની દૂર્ઘટના વિશે તથા તેના કારણો વિશે યોગ્ય માહિતી આપી શકે જેથી ભવિષ્યનાં આવા અકસ્માતો નિવારી શકાય.



આમ બ્લેક બોક્સનો આવિષ્કાર થયો તેના મૂળ લાલ રંગને કારણે તેને રેડએગ પણ કહેતા હતા.

બાદમાં વિશ્વભરમાં તેની અંદરની કાળી દિવાલને કારણે બ્લેક બોક્સ પ્રચલિત થઈ ગયું. ફ્લાઈટની તમામ દુર્ઘટનાની માહિતી તેના બ્લેક બોક્સમાં સુરક્ષિત હોય છે. બ્લેક બોક્સ મજબૂત સ્ટીલ અથવા ટાઈટેનિયમમાંથી બનાવાય છે. તે એક ઈલેક્ટ્રોનિક રેર્કોડીંગ ઉપકરણ છે. જે તપાસકર્તાને પ્લેનક્રેશનું સાચુ કારણ જાણવામાં મદદ કરે છે. આ બોક્સને ફ્લાઈટ રેકોર્ડર પણ કહેવાય છે. તે અલગ-અલગ બે ભાગમાં કાર્ય કરે છે. પ્રથમ ફ્લાઈટ ડેટા રેકોર્ડર છે જે ફ્લાઈટની દિશા, ઉંચાઈ, બળતણ, ઝડપ, અશાંતિ, કેબીન તાપમાન સહિતની કુલ ૮૮ પ્રકારના ડેટા વિશે છેલ્લી ૨૫ કલાકથી વધુની રેકોર્ડ કરેલી માહિતીનો ૧૦ કલાક સુધી સંગ્રહ કરી શકે છે જે ૨૬૦ ડિગ્રી તાપમાન સહન કરી શકે છે. તે સતત ૩૦ દિવસ સુધી તેમાંથી તરંગો અને અવાજો નીકળતા હોવાથી પ્લેનક્રેશની ઘટના બાદ સમય લાગે તો પણ તેને શોધવું ખૂબ જ સરળ છે. દરિયામાં ૨૦ હજાર ફૂટની નીચે પડેલ હોવા છતાં તેના તરંગો, અવાજો સતત આવતા હોવાથી તેને સરળતાથી શોધ કરી શકાય છે. તેનો બીજો ભાગ કોકપીટ (CVR) કહેવાય છે. જે એરક્રાફ્ટ કે ફ્લાઈટના છેલ્લા બે કલાક દરમ્યાનના અવાજો રેકોર્ડ કરે છે. તે એન્જિન અવાજ, ઈમરજન્સી એલાર્મ, કેબીનના અવાજો-વાત સહિત તમામ વસ્તુ રેકોર્ડ કરીને પ્લેન ક્રેશના છેલ્લા અવાજો પણ તેમાં રેકોર્ડ થયેલા હોય છે. દૂર્ઘટના પહેલા ફલાઈટનું વાતાવરણ પણ તેમાં રેકોર્ડ હોય છે. પાયલોટ કે અન્ય એરપોર્ટ સાથેની વાતચિત, મુશ્કેલી જણાવવાની વાતો વિગેરે તેમાં રેકોર્ડ કરે છે જે ખુબ જ સુરક્ષિત રહેતું હોવાથી ક્રેશની તપાસમાં તે ઘણું ઉપયોગી છે.




બ્લેક બોક્સની શોધ ૧૯૫૪માં એરોનોટિકલ રિસર્ચર ડેવીડ વોરેન દ્વારા કરવામાં આવી હતી. દૂર્ઘટના થયા બાદ તેની સાચી માહિતી જાણવા માટે બ્લેક બોક્સ કે જેને ફ્લાઈટ ડેટા રેકોર્ડર કહેવાય છે તે અને કોકપિટમાં આવેલ વોઈસ ડેટા રેકોર્ડર (CVR)આ બંને સૌથી મહત્વની માહિતી આપે છે. તેની શોધ ફલાઈટ અકસ્માતોના નિવારણ માટે થઈ હતી. અકસ્માત થયો તો ભૂલ કોની તે શોધવા આ બ્લેક બોક્સ સૌથી અગત્યની ભૂમિકા ભજવે છે. અકસ્માત બાદ આ બ્લેક મળે જેને બાદમાં તેના મજબૂત દિવાલને કાપીને અંદરના રેકોર્ડ ડિવાઈસને સુરક્ષિત બહાર કઢાય છે, પછી તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. જ્યારથી આની શોધ થઈ તે પછીથી દરેક ફ્લાઈટમાં તેને રાખવામાં આવે છે. તેને પ્લેનનાં સૌથી પાછળના ભાગે રખાય છે. બ્લેક બોક્સના પાછળ રાખવાના કારણોમાં પ્લેન દુર્ઘટના થાય તો તે સુરક્ષિત રહે છે. એક વસ્તુ ખાસ જોવા મળી છે કે ગમે તેવી પ્લેન ક્રેશ કે ફ્લાઈટ દુર્ઘટનામાં મોટાભાગે પાછળનો ભાગ સૌથી ઓછો અસરગ્રસ્ત થાય છે. દૂર્ઘટના થયેલ ફ્લાઈટ ક્રેશના સ્થળ વિશે પણ બ્લેક બોક્સમાંથી નિકળતા તરંગો અને અવાજોને કારણે સ્થળ શોધવું સરળ બને છે. ત્યાં સુધી કે દરિયામાં પડ્યું હોય તો પણ તેના અવાજો-તરંગોને કારણે તેને સરળતાથી સર્ચ કરી શકાય છે. હવે તો ૨૦૨૨માં પૃથ્વીની તબાહી થાય તો તેનું સંપૂર્ણ ડેટા રેકોર્ડ કરવા માટે વૈજ્ઞાનિકો ૩૨ ફૂટ લાંબુ અને ક્યારેય ન તૂટે તેવું વિશાળ બ્લેક બોક્સ બનાવી લીધું છે. ઝાડીઓ કે ધૂળ, માટીમાં બ્લેક બોક્સનો લાલ કે ગુલાબી કલર હોવાથી બ્લેક બોક્સ અને શોધવું ખૂબ જ સરળ બને છે. કલરના ફ્લાઈટ ડેટા રેકોર્ડર (FDR)માં તેનો તમામ ડેટા રેકોર્ડ હશે જેનાથી જાણી શકાશે કે અકસ્માત ક્યાં અને કેવા સંજોગોમાં થયો હતો. બહારના અતિ મજબૂત શેલ કાપીને અંદરના રેકોર્ડ ડિવાઈસને બહાર કાઢી અને પછી તેનું વિશ્લેષણ કરવામાં આવે છે.

બ્લેક બોક્સમાં ૩૦ દિવસ સુધી તેમાંથી તરંગો અને અવાજો નિકળતા હોવાથી શોધવું સરળ બને છે. તે એક મહિનો સુધી વગર વિજળીએ કામ કરી શકે છે. તેના લાલ કે ગુલાબી રંગને કારણે શોધવું સરળ છે. તે એક કલાક સુધી એક હજાર ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન સહન કરી શકે છે.

**પૃથ્વીનું બ્લેક બોક્સ જે તેની તબાહીના દરેક પગલાને રેકોર્ડ કરશેઃ** તેમ વિમાનના બ્લેક બોક્સ વિશે સાંભળ્યું હશે પણ હવે પૃથ્વીનું બ્લેક બોક્સ પણ વૈજ્ઞાનિકો બનાવી રહ્યા છે જે પૃથ્વીની તબાહીના તમામ પગલાઓને રેકોર્ડ કરશે. આ બ્લેક બોક્સ આબોહવા પરિવર્તન અને માનવ સર્જીત અન્ય જોખમ રેકોર્ડ કરશે. આપણી માનવ સંસ્કૃતિના પતનની વાત પણ રેકોર્ડ કરશે. લગભગ ૩૨ ફૂટ લાંબુ અને ક્યારેય ન તૂટતી ધાતુમાંથી બનાવ્યું છે. આ બોક્સનું નિર્માણ ઓસ્ટ્રેલિયાના તાસ્માનિયામાં વર્ષ-૨૦૨૨ના મધ્યમા તેનું નિર્માણ શરૂ કરેલ હતું.

### બ્લેક બોક્સ હોય છે લાલ કલરનું !!

પ્રારંભે બ્લેક બોક્સને તેના લાલ કલરના કારણે રેડ એગ કહેવાતું બાદમાં અંદરની દિવાલ બ્લેક હોવાથી તેને બ્લેક બોક્સ કહેવાય છે. ઉપરનો ભાગ લાલ કે ગુલાબી રંગ રખાય છે કારણકે ઝાડીઓમાં અથવા ધૂળ માટીમાં પડે તો પણ તેના રંગને કારણે તેને દૂરથી પણ જોઈ શકાય છે. તે એક કલાક સુધી એક હજાર ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન સહન કરી શકે છે. તેની ખાસ વિશેષતામાં લગભગ એક મહિનો વિજળી વગર કામ કરી શકે છે એટલે ક્રશ થયેલા વિમાનને શોધવા સમય લાગે તો પણ તેમાં ડેટા બોક્સમાં સેવ રહે છે. ૩૦ દિવસ સુધી તેમાંથી તરંગો અને અવાજો નીકળતા હોવાથી શોધવું સરળ છે. દરિયામાં વીસ હજાર ફૂટ નીચેથી પણ તેના અવાજો અને તરંગો નીકળે છે.

### ફ્લાઈટ ડેટા રેકોર્ડર (FDR) શું છે?

ફ્લાઈટ સાથે થયેલ દુર્ઘટના વિશે જાણકારી મેળવવા હંમેશા તેના બ્લેક બોક્સનો ઉપયોગ થાય છે. આ બોક્સ ફ્લાઈટની ઉડાન દરમ્યાન તમામ ગતિવિધી રેકોર્ડ કરે છે. આથી જ તેને ફ્લાઈટ ડેટા રેકોર્ડર (FDR) પણ કહેવાય છે. તેને સુરક્ષિત રાખવા માટે સૌથી મજબૂત ધાતુ ટાઈટેનિયમમાંથી બનાવાય છે. અંદરની બાજુની સુરક્ષિત દિવાલ એવી રીતે બનાવાય છે કે ગમે તેવો અકસ્માત થાય પણ તે સુરક્ષિત રહે છે. તેની શોધ ૧૯૫૪માં એરોટોનિકલ રિસર્ચર ડેવીડ વોરેન દ્વારા કરવામાં આવી હતી. તેમાં વોઈસ રેકોર્ડર (CVR) હોય છે. જે પ્લેનનાં છેલ્લા બે કલાકના અવાજો રેકોર્ડ કરે છે.

**બ્લેક બોક્સમાં અકસ્માત અગાઉની સ્થિતિ, અવાજ તેમજ વાતચીતનું રેકોર્ડિંગ હોય છે, આ ઉપરાંત તે વિમાનના દરેક ભાગની નોંધ પણ રાખે છે બ્લેક બોક્સ ૧૧૦૦ ડિગ્રી સેલ્સિયસ સુધીની ગરમી સહન કરી શકે તેવું કઠોર હોય છે, દરિયામાં પડેલ બ્લેક બોક્સ દિવસો સુધી સિગ્નલ આપે છે**

# માનવતાનો સાદઃ વિમાન દુર્ઘટના તમામ પીડિતોને ઝાયડસ હોસ્પિટલ આપશે વિનામૂલ્યે તબીબી સારવાર

## ઝાયડસ હોસ્પિટલના ચેરમેન પંકજભાઈ પટેલની સંવેદનશીલ જાહેરાતઃ મેડિકલ રેસીડેન્સ, વિદ્યાર્થીઓને ડોક્ટરો સહિત તમામ અસરગ્રસ્તોને અપાશે મફત સારવાર

**અબતક, રાજકોટ**

અમદાવાદ સિવિલ હોસ્પિટલ સંકુલ માં સર્જાયેલી વિમાન દુર્ઘટના ને પગલે અમદાવાદની પ્રતિષ્ઠિત ઝાયડસ હોસ્પિટલએ સંવેદનશીલ અને પ્રશંસનીય માનવતા ભર્યો નિર્ણય લઈ વિમાન નગર દુર્ઘટના ના તમામ પીડિતોને વિનામૂલ્ય તબીબી સારવાર આપવાની જાહેરાત કરી છે,


ઝાયડસ હોસ્પિટલના ચેરમેન પંકજભાઈ પટેલ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે અમદાવાદ વિમાન દુર્ઘટના ના તમામ અસરગ્રસ્તો દર્દીઓ જેમાં મેડિકલ રેસીડેન્સ, વિદ્યાર્થીઓ ડોક્ટરો અને તમામ અસરગ્રસ્તોનેસ હોસ્પિટલમાં સંપૂર્ણ મફત તબીબી સારવાર પૂરી પાડવામાં આવશે.

રાજ્ય પર આવી પડેલા આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્તોને સહાય રૂપ થવા ના ઉપદા હેતુથી ઝાયડસ હોસ્પિટલ દ્વારા તમામ અસરગ્રસ્તોને વિનામૂલ્ય તબીબી સારવાર આપવાનો નિર્ણય લીધો છે ,હોસ્પિટલ દ્વારા જારી કરેલા અપડેટ માં જણાવ્યું છે કે ઝાયડસ હોસ્પિટલ ની આ સેવા અંગેની માહિતી શકય હોય તેટલી વધુમાં વધુ લોકોને પહોંચાડવામાં આવે તેવી અપીલ કરવામાં આવી છે ત્યાં સેવા ની જેમને પણ જરૂર હોય તેમને આ સેવાનો લાભ લેવા અનુરોધ કર્યો છે ઝાયડસ હોસ્પિટલ ના માનવ સેવા ના સાદ ને સર્વત્રિકઆવકાર

ઝાયડસ હોસ્પિટલ ના ચેરમેન પંકજભાઈ પટેલ દ્વારા લેવાયેલા આ નિર્ણય ને સાર્વત્રિક આવકાર મળી રહ્યો છે સમાજ પ્રત્યેની તેમની પ્રતિબધતા ના પ્રતિબિંબ જેવી આ કામગીરી થી દુર્ઘટનામાં ગવાયેલાઓને મોટી રાહત મળશે. સામાન્ય રીતે દુર્ઘટનાઓમાં અનેક લોકો આર્થિક અને સારી રીતે ભોગ બને છે ત્યારેઝાયડસ હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલી

આ માનવતાની પહેલ જેવી જાહેરાતથી પરિવારો માટે મોટી રાહત થઈ છે આ પહેલ માત્ર તબીબી સહાય નહીં પરંતુ અસરગ્રસ્તો નહીં ભાવનાત્મક ટેકો પણ પૂરો પાડશે ઝાયડસ હોસ્પિટલ દ્વારા વિમાન દુર્ઘટના ગ્રસ્તોને વિનામૂલ્ય તબીબી સેવાની જાહેરાત જપ સમુદાયમાં પણ સકારાત્મક ભાવ ઉભો કરવામાં સફળ રહી છે અને લોકો આ મુશ્કેલ ઘડીમાં હોસ્પિટલ ના આ પગલા ની સરાહના કરી રહ્યા છે આ સંદેશને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાની અપીલ કરવામાં આવી છે જેનાથી સાચા જરૂરિયાત મંદોને આ સેવાનો લાભ મળી શકે તેવી અપીલ ઝાયડસ હોસ્પિટલ ના ચેરમેન પંકજભાઈ પટેલે કરી છે

zydus
Dedicated To Life



# સાંઝા ચૂલા અને બલિ’સ પંજાબી ઢાબામાંથી વાસી ખોરાક પકડાયો

## જય કૈલાસ નમકીન અને એલ પી એલ કાફેને નોટિસઃ ભેંસના દૂધ મિક્સ દૂધ અને અડદ પાપડના નમૂના લેવાયા



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કાલાવડ રોડ પર અસિમ ટાવર પાછળ આવેલા સાંઝા ચૂલા (એક્ઝોટીક ફૂડ)પેઢીમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.જે અંતર્ગત સ્થળ પર સંગ્રહ કરેલ લોટમાં જીવાતવાળો હોવાનું માલૂમ પડ્યું હતું. જ્યારે એક્સપાયરી થયેલી બેકરી પ્રોડક્ટ્સ -બ્રેડ, પીઝા બેઈઝ વાસી જણાતા ૧૯ કિ.ગ્રા. અખાદ્ય જથ્થોનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોકમાં ‘‘બલી’સ પંજાબી ઢાબા‘‘ પેઢીની તપાસ કરતા સ્થળ પર ઉપયોગમાં લેવાતા વાસી બટેટા તથા બાફેલ દાળ સંગ્રહ કરેલ મળી આવતા કુલ મળી ૮ કિ.ગ્રા. અખાદ્ય જથ્થોનો સ્થળ પર નાશ કરી પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી. રામકૃષ્ણનગરમાં ‘‘જય કૈલાશ નમકીન લી.‘‘ પેઢીની તપાસ કરતા પેઢીને સ્થળ પર લાયસન્સ તથા યોગ્ય સ્ટોરેજ આવી હતી.

કાલાવડ રોડ પર સાંઝા ચૂલા પાસે એલપીએલ કાફે પેઢીને હાઈજેનિક કન્ડિશન તથા યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી.

આ ઉપરાંત શહેરના આનંદ બંગલા ચોક થી મહાદેવવાડી મેઈન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.જેમાં ૭ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી. ઓમ સ્વીટ નમકીન એન્ડ મિલ્ક શોપમાંથી ભેંસનું દૂધ,ગોકુલ ડેરી ફાર્મ અને શ્રીજી ડેરી ફાર્મ માંથી મિક્સ દૂધ,શ્રી રામ ડેરીમાંથી મિક્સ દૂધ અને એવન્યુ સુપર માર્ટમાંથી હોમ સેફ અડદ પાપડના નમૂના લેવામાં આવ્યા હતા.

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૪.૬.૨૦૨૫, શનિવાર, સંવંત ૨૦૮૧, જેઠ વદ ત્રીજ, ઉત્તરાષાઢા નક્ષત્ર, બ્રહ્મ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : આંતરિક શકિત વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.

**વૃષભ** (બ,વ,ઉ) : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, ધાર્યા કામ પાર પાડી શકો.

**મિથુન** (ક,છ,ઘ) : મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે,મન નું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.

**કર્ક** (ડ,હ) : ભાગીદારીમાં કામ કરતા મિત્રોને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**સિંહ** (મ,ટ) : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કન્યા** (પ,ઠ,ણ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, દિવસ ખુશનુમા વીતે.

**તુલા** (ર,ત) : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદ માં પસાર કરી શકો.

**વૃશ્ચિક** (ન,ય) : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.

**મકર** (ખ,જ) : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે, કામકાજમાં સફળતા મળે.

**કુંભ** (ગ,સ,શ) : ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.

**મીન** (દ,ચ,ઝ,થ) : નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૦૬-૨૦૨૫ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ગોળકેરી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોટેજ ચીઝ ફ્લાવર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (હેલ્ધી પ્રેગનેન્સી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૦૬-૨૦૨૫ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર(શ્રી.કષ્ટભંજન દેવ) લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટિવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૪-૬-૨૦૨૫ શનીવાર**

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિઃ | ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ | | |
| તિથી | જેઠ વદ ત્રીજ | | |
| નક્ષત્ર | ઉત્તરાષાઢા | | |
| યોગ | બ્રહ્મ | કરણઃ | બવ |
| સુર્યોદય | ૬.0૪ | સુર્યાસ્તઃ | ૭.૩૧ |
| ચંદ્ર રાશી | મકર | | |
| રાશિ અક્ષર | ખ.જ. | | |
| દિશાશૂળ | પૂર્વ દિશા તરફ | | |
| રાહુકાળ | સવારે ૯ થી ૧૦.૩૦ | | |
| દિવસનાચોઘડીયા | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ | | |
| રાત્રીનાચોઘડીયા | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૧૯ થી ૧.૧૩ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | | ૩ | ૨ | | | | |
| | ૪ | | | | | ૫ | | |
| | | | | | ૬ | | | |
| | ૬ | | | | | | | ૮ |
| | | | | | | ૭ | | |
| | | | ૨ | ૭ | | | | ૫ |
| ૯ | | | | ૧ | ૨ | | | |
| ૪ | | | | | | ૬ | ૩ | |
| | | | | ૯ | | ૮ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૨૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૬ | ૯ | ૩ | ૧ | ૮ | ૭ | ૫ |
| ૩ | ૯ | ૧ | ૭ | ૮ | ૫ | ૬ | ૪ | ૨ |
| ૫ | ૭ | ૮ | ૬ | ૪ | ૨ | ૧ | ૩ | ૯ |
| ૮ | ૧ | ૨ | ૩ | ૯ | ૭ | ૫ | ૬ | ૪ |
| ૯ | ૬ | ૫ | ૮ | ૧ | ૪ | ૭ | ૨ | ૩ |
| ૪ | ૩ | ૭ | ૫ | ૨ | ૬ | ૯ | ૮ | ૧ |
| ૧ | ૮ | ૯ | ૪ | ૬ | ૩ | ૨ | ૫ | ૭ |
| ૬ | ૫ | ૪ | ૨ | ૭ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૭ | ૨ | ૩ | ૧ | ૫ | ૮ | ૪ | ૯ | ૬ |

### એક ફોન, એક આશા, એક નવી શરૂઆત

# આપનો એક ફોન દેશના ભાવિને નશાના કાળા અંધારામાં ધકેલાતા બચાવી લેશે: પોલીસની અપીલ

## ડ્રગ્સના કાળા કારોબાર અંગે ૧૯૩૩ ટોલ ફ્રી નંબર પર માહિતી આપો: ઓળખ ગુપ્ત રાખી પ્રોત્સાહક ઈનામ અપાશે




**અબતક, રાજકોટ**


ભારત યુવાઓનો દેશ છે અને આ બાબત જ આપણી સૌથી મોટી તાકાત છે પરંતુ અમુક તત્વો દેશના ભાવી સમાન યુવાનોને નશાના કાળા અંધારામાં ધકેલવા રઘવાયા થયાં હોય તેમ ડ્રગ્સનું વેચાણ કરવામાં આવતું હોય તેવા અહેવાલો છાસવારે સામે આવતા રહેતા હોય છે ત્યારે ગુજરાત પોલીસે નશાના કાળા કારોબાર સામે કાયદેસરનો જંગ છેડ્યો છે. ગુજરાત પોલીસ દ્વારા વધુ એકવાર પ્રજાજનોને અપીલ કરવામાં આવી છે કે, આપની આસપાસ ક્યાંય પણ ડ્રગ્સનું વેચાણ થતું હોય તો તાત્કાલિક માનસ નેશનલ નાર્કોટિક્સ ટોલ ફ્રી નંબર ૧૯૩૩ પર જાણ કરવી જેથી ડ્રગ્સના વેચાણને અટકાવી શકાય. ઉલ્લેખનીય છે કે, ડ્રગ્સ વેચાણ અંગેની માહિતી આપનારની ઓળખ તદ્દન ગુપ્ત રાખવામાં આવશે તેમજ પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવશે તેવી જાહેરાત ગુજરાત પોલીસ દ્વારા સત્તાવાર રીતે કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસ દ્વારા એક વિડીયો જાહેર કરવામાં આવ્યો છે. જે વિડીયો મારફતે પ્રજાજનોને અપીલ કરતા પોલીસે જણાવ્યું છે કે, યુવા પેઢીને નશાના કાળા અંધારામાં ધકેલી વિચલિત કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ત્યારે ડ્રગ્સના કાળા કારોબાર સામે લડી લેવાના રાજ્ય સરકારના મક્કમ નિર્ધાર હેઠળ ગુજરાત પોલીસ પણ આ બાબતે કટીબદ્ધ છે. વધુમાં વીડિયોમાં જણાવવામાં આવ્યું છે કે, આ દ્રઢ સંકલ્પની પૂર્તતા પ્રજાના સહયોગ વિના શક્ય બની શકે નહિ ત્યારે પ્રજાજનોને જવાબદાર નાગરિક તરીકે ફરજ બજાવવા અપીલ કરવામાં આવી રહી છે.

વીડિયોમાં પ્રજાજનોને અપીલ કરતા જણાવવામાં આવ્યું છે કે, આપની આસપાસ ક્યાંય પણ ડ્રગ્સનું ખરીદ-વેચાણ થતું હોય તો પેડલર, સપ્લાયર કે પછી વેચાણ સ્થળની માહિતી તાત્કાલિક રાષ્ટ્રીય માનસ નાર્કોટિક્સ ટોલ ફ્રી નંબર ૧૯૩૩ અથવા માનસ પોર્ટલ પર આ અંગેની વિગતો આપવી. જેથી પોલીસ માહિતીની ખરાઈ કરી તાત્કાલિક દરોડો પાડી જવાબદારો સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં પોલીસે જણાવ્યુ હતું કે, માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે ઉપરાંત સચોટ માહિતી આપનારને રાજ્ય સરકાર તરફથી પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવશે.

### પર લાખ લોકોએ ડ્રગ્સ સામે લડવા શપથ લીધા

ડ્રગ્સ સામે લડવા કેન્દ્ર સરકાર દ્વારા એક દેશ વ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અભિયાનને પગલે પ્રજાજનો ઓનલાઈન આ અભિયાનના સહભાગી બની ડ્રગ્સ સામે લડવા શપથ લઈ શકે છે. લોકો મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સની ઓફિશિયલ વેબસાઈટ પર જઈ 'ખઢ ત્ર્ક્ષ્દ્રટ જંઈઅડ્અઝઈ' ઓપશન પર ક્લિક કરીને શપથ લઈ શકે છે. હાલ સુધીમાં પર,૦૭,૬૭૧ લોકોએ પોર્ટલ ઓર શપથ લીધાનું સામે આવ્યું છે. જેમાં ૧૦-૨૦ વર્ષના ૧૮.૪%, ૨૦-૪૫ વર્ષના ૭૮.૯ % અને ૪૫-૬૦ વર્ષના ૨.૭% લોકો અભિયાનમાં સહભાગી બન્યા છે. વધુમાં આ અભિયાનમાં પર લાખ લોકો પૈકી ૫૭.૩% પુરુષો અને ૪૨.૫% મહિલાઓએ શપથ લીધા છે.




# અમદાવાદ સિવિલ હોસ્પિટલના પોસ્ટ મોર્ટમ રૂમમાં ૮૦ ડોક્ટર્સની ટીમ ખડેપડે

## અત્યાર સુધીમાં ઓળખ થઈ ગયેલા પાંચ મૃતદેહને તેમના પરિવારજનોને સન્માનભેર સોંપવામાં આવ્યા

**અબતક, રાજકોટ**

એર ઈન્ડિયાના અમદાવાદથી લંડન જતાં વિમાનની સર્જાયેલી કમનસીબ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓનો મૃતદેહ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા પોસ્ટ મોર્ટમ રૂમમાં લાવવામાં આવી રહ્યા છે. આ પોસ્ટ મોર્ટમ રૂમમાં અમદાવાદ, ગાંધીનગર, આણંદ, નડિયાદના પીએસસી અને સીએસસીના ડોક્ટર્સ, અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સની તેમજ તેમની ટીમ સહિત ૭૦ થી ૮૦ ડોક્ટર્સ ગઈકાલથી ખડે પડે કાર્ય કરી રહ્યા છે.

આ પોસ્ટ મોર્ટમ રૂમમાં મૃતદેહની ઓળખ થયા બાદ આ



મૃતદેહને પરિવારજનો તેમજ તેમના સગાઓને સન્માનભેર સોપવવામાં આવી રહ્યા છે.

અત્યાર સુધીમાં ઓળખ થઈ ગયેલા એવા પાંચ મૃતદેહને તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આ મૃતદેહમાં ૨ રાજસ્થાન, ૨ ભાવનગર અને ૧ મધ્યપ્રદેશના મૃતકનો સમાવેશ થાય છે.

આમ, પોસ્ટ મોર્ટમ રૂમમાંથી જેમ જેમ પરિવારો મૃતદેહની ઓળખ કરી રહ્યા છે તેમ તેમ આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# પારૂલ યુનિ. સંચાલિત હોમિયોપાથિક કોલેજ આયોજિત રક્તદાન કેમ્પને બહોળો પ્રતિસાદ

## બ્રહ્મ ભટ્ટ સેન્ટરના સહયોગથી ૧૨૧ યુનિટ રક્ત એકત્રિત થયું



**અબતક, રાજકોટ**

અમદાવાદમાં બનેલી દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર તમામ દિવંગતોની પવિત્ર સ્મૃતિમાં રાજકોટ ખાતે એક ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પારુલ યુનિવર્સિટી સંચાલિત રાજકોટ હોમિયોપેથિક મેડિકલ કોલેજ દ્વારા

(અનુ. ૧૫માં પાને)

### અમદાવાદ દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા કેમ્પ યોજાયો: ડો.હિતાર્થ મહેતા



અબતક સાથેની વાતચીત દરમિયાન ડોક્ટર હિતાર્થ મહેતાએ જણાવ્યું હતું કે આવતીકાલે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવાનું હતું પણ અમદાવાદની અંદર જે દુઃખદ ઘટના ઘટી તેને લઈને શ્રદ્ધાંજલિના ભાગરૂપે આજના દિવસે રાજકોટ હોમિયોપેથીક મેડિકલ કોલેજ દ્વારા બ્લડ ડોનેટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કોલેજમાં અંદાજે ૬૦૦ વિદ્યાર્થીઓ છે તેમાંથી લગભગ ૮૦% વિદ્યાર્થીઓ આ કેમ્પમાં જોડાયા હતા. એક અણધારી આફત જે ગુજરાત ઉપર આવી છે તેના ભાગરૂપે આજના દિવસે બ્લડ ડોનેટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

### યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ

# લોખંડ ભસ્મ પણ ભગવદ ગીતા અકબંધ!

## પ્લેન ક્રેશ બાદ કાટમાળમાંથી ભગવત ગીતા અને ભગવાન કૃષ્ણની લડુ ગોપાલ સ્વરૂપની મૂર્તિ સુરક્ષિત નીકળી, આ ચમત્કારીક ઘટના આસ્થાનું પ્રતિક બની



**અબતક, રાજકોટ**

અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૧૭૧ ના ભયાનક અકસ્માતે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. અમદાવાદથી લંડન જઈ રહેલું આ વિમાન ઉડાન ભર્યાની ગણતરીની પળોમાં જ એક મેડિકલ કોલેજના હોસ્ટેલ પર ધરાશાયી થયું હતું. આ ગોઝારી દુર્ઘટનામાં વિમાનમાં સવાર કુલ ૨૪૨ લોકોમાંથી ૨૪૧ના કરુણ મોત નિપજ્યા છે, જેમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીનો પણ સમાવેશ થાય છે. આ કરુણ અકસ્માતના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સર્વત્ર શોકની ગમગીની છવાઈ ગઈ છે.

વિસ્ફોટ પછી લાગેલી ભીષણ આગમાં વિમાનના મોટાભાગના અવશેષો સંપૂર્ણપણે ભસ્મીભૂત થઈ ગયા હતા. વિમાનનું લોખંડ પણ પીગળી ગયું હતું અને આસપાસની ઈમારતો તથા વસ્તુઓને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. આ ભયંકર વિનાશ અને ચારે તરફ ફેલાયેલી તારાજી વચ્ચે જ બચાવ ટીમને એક અત્યંત અસામાન્ય અને અકલ્પનીય દ્રશ્ય જોવા મળ્યું.

કાટમાળ ખસેડતી વખતે, ટીમને એક ભગવદ ગીતાનું પુસ્તક સંપૂર્ણપણે સલામત અને વાંચી શકાય તેવી સ્થિતિમાં મળી આવ્યું. આસપાસની દરેક વસ્તુ બળીને ખાખ થઈ ગઈ હોવા છતાં, આ પવિત્ર ગ્રંથને સહેજ પણ નુકસાન ન થયું હોવાથી, ત્યાં હાજર લોકો અને સમગ્ર પ્રજા દ્વારા આ ઘટનાને "મોટો ચમત્કાર" ગણાવવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર આ ઘટનાનો એક વીડિયો પણ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક વ્યક્તિ અકસ્માત સ્થળે કાટમાળમાંથી ગીતાના પાના બતાવતો જોવા મળે છે. ભગવદ ગીતાની આ સલામત શોધ માત્ર ચમત્કારિક જ નહીં, પરંતુ ભયાનક પરિસ્થિતિમાં પણ શ્રદ્ધા અને ભક્તિ જીવંત રહી હોવાનું પ્રતીક બની ગઈ છે, અને તેણે સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે.

આ સાથે ભગવાન શ્રી કૃષ્ણની લડુ ગોપાલ સ્વરૂપની એક નાની મૂર્તિ સંપૂર્ણપણે સલામત અને અકબંધ સ્થિતિમાં મળી આવી છે. આસપાસની દરેક વસ્તુ બળીને ખાખ થઈ ગઈ હોવા છતાં, આ



પવિત્ર મૂર્તિને સહેજ પણ નુકસાન ન થયું હોવાથી, ત્યાં હાજર લોકો અને સમગ્ર પ્રજા દ્વારા આ ઘટનાએ સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે.

આ ગોઝારા અકસ્માતમાં સવાર તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સમાંથી ફક્ત એક જ મુસાફર, રમેશ વિશ્વશકુમાર, જીવિત બચી શક્યા હતા. તેઓ વિમાનમાં ઈમરજન્સી દરવાજા પાસે સીટ નંબર ૧૧એ પર બેઠા હોવાથી, સમયસર વિમાનમાંથી કૂદીને પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યા હતા, જે ખરેખર એક દુર્લભ ઘટના છે.

આ કરુણ ઘટના અને તેમાંથી સામે આવેલા અદ્ભુત ચમત્કારને કારણે સમગ્ર રાજ્ય અને દેશમાં શોકની સાથે આશ્ચર્યની લાગણી પણ વ્યાપી ગઈ છે, અને મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થનાઓ થઈ રહી છે.

### એસપીએલના છઠ્ઠા દિવસે ધમાકેદાર ડબલ હેડર

# અનમોલ કિંગ્સ હાલાર અને આર્યન સોરઠ લાયન્સનો વિજય

## પોઈન્ટ ટેબલમાં હાલાર ટોચ પર યશરાજ જોશી અને પૃથ્વી ચૌહાણ પ્લેયર ઓફ ધ મેચ બન્યાં, અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાના કારણે બંને મેચ શાંતિપૂર્ણ માહોલમાં રમાયા

**અબતક, રાજકોટ**

નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગનો છઠ્ઠો દિવસ ડબલ હેડર મેચો સાથે રોમાંચક રહ્યો હતો. અનમોલ કિંગ્સ હાલાર અને આર્યન સોરઠ લાયન્સએ વિજય મેળવી પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી છે.

દિવસની પ્રથમ મેચમાં અનમોલ કિંગ્સ હાલાર અને ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ સામ-સામે હતી. ઝાલાવાડ સ્ટ્રાઈકર્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. અનમોલ કિંગ્સ હાલારે ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૦૨ રનનો જંગી સ્કોર ઉભો કર્યો હતો. જેમાં તરંગ ગોહેલે શાનદાર કેપ્ટન ઈનિંગ રમી ૫૨ રન, નિહાલ ચૌધરીએ ૪૭ રન, સિદ્ધાંત રાણાએ ૩૭ રન અને પાર્શ્વરાજ રાણાએ ૩૪ રનનું યોગદાન આપ્યું હતું. ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ તરફથી અંકુર પંવાર અને દેવ ડેએ ૨-૨ વિકેટ ઝડપી હતી.

૨૦૩ રનના પડકારજનક લક્ષ્યાંકનો પીછો કરતા, ઝાલાવાડ સ્ટ્રાઈકર્સની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૬૮ રન જ બનાવી શકી હતી. અંશ ગોસાઈએ ૪૮ રન, જય ગોહિલે ૩૯ રન અને કેપ્ટન શેલ્ડન જેક્સને ૩૫ રન બનાવ્યા હતા. અનમોલ કિંગ્સ હાલાર તરફથી યશરાજ જોશીએ શાનદાર બોલિંગ કરતા ૪ વિકેટ ઝડપી અને ઝાલાવાડ સ્ટ્રાઈકર્સની રન ગતિને રોકી હતી. આ મેચમાં અનમોલ કિંગ્સ હાલારનો ૩૪ રને વિજય થયો હતો. યશરાજ જોષીને તેના પ્રદર્શન બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

દિવસની બીજી મેચ જેએમડી કચ્છ રાઈડર્સ અને આર્યન સોરઠ લાયન્સ વચ્ચે રમાઈ હતી. જેએમડી કચ્છ રાઈડર્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું અને ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૩૮ રન બનાવ્યા હતા. જેમાં વિશ્વરાજસિંહ જાડેજાએ ૬૦ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. આર્યન સોરઠ લાયન્સ તરફથી રમેશ પડિયાચી, કરણ પટેલ અને પ્રણવ કારિયાએ ૨-૨ વિકેટ ઝડપી હતી.

૧૩૯ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, આર્યન સોરઠ લાયન્સે ૧૮.૨ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. રક્ષિત મહેતાએ અણનમ ૫૦ રન બનાવી ટીમને વિજયી બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જ્યારે પૃથ્વી ચૌહાણે ૪૨ રન અને કેપ્ટન પ્રેરક માંકડે ૨૫ રનનું યોગદાન આપ્યું હતું. પાર્થ ભુતે ૨ વિકેટ ઝડપી હતી. આર્યન સોરઠ લાયન્સે ૬ વિકેટે મેચ જીતી લીધી હતી. પૃથ્વી ચૌહાણને પ્લેયર ઓફ ધ મેચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાના કારણે બંને મેચ શાંતિપૂર્ણ માહોલમાં રમાયા હતાં.









### છઠ્ઠા દિવસના અંતે પોઈન્ટ ટેબલની સ્થિતિ

આ ડબલ હેડર મેચો બાદ, સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગના છઠ્ઠા દિવસના અંતે અનમોલ કિંગ્સ હાલાર ૬ પોઈન્ટ્સ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને છે. ત્યારબાદ આર્યન સોરઠ લાયન્સ બીજા ક્રમે, દીતા ગોહિલવાડ ટાઈટન્સ ત્રીજા ક્રમે, ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ ચોથા ક્રમે અને જેએમડી કચ્છ રાઈડર્સ પાંચમા ક્રમે છે. લીગ આગળ વધતા, તમામ ટીમો પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે સઘન પ્રયાસો કરી રહી છે, જેથી આગામી મેચો પણ રોમાંચક બનવાની શક્યતા છે.

# ભાજપે સંગઠનના ચાણકય ગુમાવ્યા કોર્પોરેશનના પદાધિકારીઓ શોકગ્રસ્ત


**અબતક,રાજકોટ**

પ્લેન ક્રેશની દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું પણ દુઃખદ અવસાન થયું છે.

વિજયભાઈ રૂપાણીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ગુજરાત રાજ્યને અનેકવિધ પ્રોજેક્ટ્સની ભેટ આપેલ. જેમાં, રાજકોટને ઈન્ટરનેશનલ એરપોર્ટ, એઈમ્સ હોસ્પિટલ, ઝનાના હોસ્પિટલ, બસ પોર્ટ, ફલાયઓવર બ્રિજ, ટી.પી.સ્કીમ, સૌની યોજના મારફત નર્મદા ડેમનું પાણી, આઈ-વે પ્રોજેક્ટ, સ્માર્ટ સિટી, મહાત્મા ગાંધી મ્યુઝિયમ, નવા ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ, અર્બન ફોરેસ્ટ-રામવન સહિત અનેકવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની ભેટ આપેલ છે આ પ્રોજેક્ટ્સના કારણે રાજકોટ શહેરએ વિકાસની હરણફાળ ભરેલ છે. જેના માટે રાજકોટના શહેરીજનો વિજયભાઈ રૂપાણીના કાયમને માટે ૠણી રહેશે.

મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ પ્લેન ક્રેશની અતિ દુર્ભાગ્યપૂર્ણ દુઃખદ દુર્ઘટનામાં ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પૂર્વ મેયર વિજયભાઈ રૂપાણીના દુઃખદ અવસાન સબબ સંવેદના અને ઊંડા દુઃખની લાગણી વ્યકત કરી, શ્રદ્ધાસુમન પાઠવે છે અને જણાવે છે કે, રાજકોટએ ભાજપના પાયાના પથ્થર, માર્ગદર્શક, વરિષ્ઠ રાજકીય આગેવાન અને સંગઠનના ચાણક્ય ગુમાવ્યા છે. પરમ કૃપાળું પરમાત્મા તેમના આત્માને મોક્ષ ગતિ પ્રદાન કરે તેમજ તેમના પરિવારજનોને આ દુઃખદ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરે છે.

# લાખો કાર્યકરોનો પ્રેરણાસ્રોત હતા વિજયભાઈ: માધવ દવે



**અબતક, રાજકોટ**

અમદાવાદ ખાતે બનેલી ગોઝારી વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા તમામ મૃતકો અને રાજકોટના પનોતા પુત્ર તેમજ ભારતીય જનતા પાર્ટીના સંનિષ્ઠ કાર્યકર એવા ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને રાજકોટ શહેર ભાજપ દ્વારા ઊંડી શોકની લાગણી સાથે શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી છે. શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાની સંયુકત અખબારીયાદીમાં આ અંગે દુઃખ વ્યક્ત કરાયું.

અખબારીયાદી મુજબ, અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ અઈ-૧૭૧ ટેક ઓફની ગણતરીની મિનિટોમાં જ અમદાવાદ એરપોર્ટ નજીક બી.જે. મેડિકલ કોલેજની અતુલ્યમ હોસ્ટેલ ઉપર ક્રેશ થઈ હતી. આ ગોઝારી દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૧ સહિત અંદાજે ૨૯૦ થી વધુ લોકોના કરુણ મોત નિપજ્યા છે. આ દુર્ઘટનામાં પંજાબ રાજ્યના પ્રભારી અને રાજકોટ શહેર ભાજપના પાયાના પત્થર સમાન વિજયભાઈ રૂપાણીનું પણ લંડન ખાતે દીકરીના ધાર્મિક પ્રસંગે જતાં દુઃખદ અવસાન થયું છે.

રાજકોટ શહેર ભાજપના પ્રમુખ, મહામંત્રીઓ સહિત પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પ્રદેશ મંત્રી બિનાબેન આચાર્ય, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા અને પૂર્વ શહેર ભાજપ પ્રમુખો સહિત તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ આ ઘટનામાં અવસાન પામેલા ''ભારત સહિત દેશ-વિદેશના તમામ નાગરિકો'' અને ''ભાજપના અનમોલ રતન'' એવા વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ભાજપ પરિવારે જણાવ્યું કે વિજયભાઈ રૂપાણીનું અવસાન પક્ષ માટે ક્યારેય પૂરી ન શકાય તેવી ખોટ છે. તેઓ સંવેદનશીલ, સાલસ રાજપુરુષ અને હજારો કાર્યકર્તાઓ માટે પ્રેરણાસ્રોત રહ્યા છે. ઈશ્વર સર્વે મૃતકોને શાંતિ અને મોક્ષ આપે તથા તેમના પરિવારજનોને આ વસમી વિપદા સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

# વિજયભાઈના નિધનથી મારા જીવનમાં મોટી ખોટ પડી: મયુર શાહ



ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના આકસ્મિક અવસાનથી મારા જીવનમાં ન પુરી શકાય તેવી ખોટ પડી છે.તેમ શહેર ભાજપના કોષાધ્યક્ષ મયુરભાઈ શાહે શ્રદ્ધાંજલી અર્પણ કરતા જણાવ્યું હતું.તેઓએ ઉમેર્યું હતું કે,તેઓ મારા માર્ગદર્શક, મોટાભાઈ સમાન, મારા સુખ દુઃખના સાથી અને મને અને મારા પરિવારને હંમેશા હુંફ આપતા હતા.મારા ધર્મ પત્નીની ખબર કાઢવા મારા નિવાસસ્થાને અંજલી ભાભી સાથે આવેલ અને અમોને હુંફ આપેલ જે અમારા માટે એક ગૌરવની ક્ષણ હતી.

# વિજય રૂપાણીના નિધનથી રાજકોટ શોકમય: જિલ્લાની તમામ સ્વનિર્ભર શાળાઓમાં કાલે શૈક્ષણિક કાર્ય બંધ

## ગુજરાત રાજયના પુર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર સ્વ. વિજયભાઈ રૂપાણીને વિશેષ શ્રધ્ધાંજલી આપવા આવતી કાલે અનધ્યયન જાહેર : ડી.વી મહેતા

**અબતક, રાજકોટ**

ગઈકાલે અમદાવાદ ખાતે ઘટેલ અત્યંત દુઃખદ વિમાન દુર્ઘટનામાં હતભાગી થયેલ દિવંગત આત્માઓ તેમજ ગુજરાત રાજયના પુર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર સ્વ. વિજયભાઈ રૂપાણી સાહેબને વિશેષ શ્રધ્ધાંજલી આપવા રાજકોટ જીલ્લાની તમામ સ્વનિર્ભર શાળાઓમાં અનધ્યયન રાખવાની જાહેરાત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી. વી. મહેતા અને મહામંત્રી પરિમલ પરડવાની અખબારી યાદી દ્વારા કરવામાં આવી છે.

આવતીકાલે શાળાઓમાં અનધ્યયન રાખી શ્રધ્ધાંજલી પાઠવવા અનુરોધ કરાયો છે.આ સંદર્ભે ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના ભરતભાઈ ગાજીપરા, જતીનભાઈ ભરાડ, અજયભાઈ પટેલ તેમજ રાજકોટ મંડળના પ્રમુખ ડી. વી. મહેતા, પરીમલ પરડવા સહિતના હોદેદારો દ્વારા તમામ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના સભ્યોને તેમની શાળામાં અનધ્યયન રાખી શ્રદ્ધાંજલી પાઠવવા આહવાન કરવામાં આવે છે. તેમજ જીલ્લાની ગ્રાન્ટેડ શાળાઓને પણ આ બાબતે જોડાવા અને અનધ્યયન રાખવા અનુરોધ કરવામાં આવે છે.

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સ્મશાન યાત્રા સમયે બંધ પાળી શ્રધ્ધાંજલી આપવા કોંગ્રેસની અપીલ

**અબ તક રાજકોટ**

રાજકોટના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ અને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી ની યાદી મુજબ રાજકોટના પનોતા પુત્ર અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગઈકાલે પ્લેન દુર્ઘટનામાં મૃત્યુને ભેટેલા વિજયભાઈ ની કામગીરી રાજકોટના માટે મેયર, રાજ્યસભાના સાંસદ અને પૂર્વ મુખ્યમંત્રી તરીકે તેઓને કામગીરી રાજકોટની જનતા માટે કાયમ યાદ રહેશે સામાન્ય કાર્યકર્તા થી લઈને સંઘ પરિવારના આગેવાનો સાથે પણ તેઓએ પુરા ખંત અને મહેનતથી સરાહનીય કામગીરી કરી છે. કાર્યકર્તાઓ થી છે ક મુખ્યમંત્રી સુધી તેઓએ સફર કરી ત્યારે અનેક નાની અનામી કાર્યકર્તાઓ સાથે તેઓનો પારિવારિક નાતો રહ્યો છે. અનેક સામાજિક તેમજ જૈન સમાજ હોય કે અન્ય કોઈ પણ સમાજ માટે તેઓ હર હંમેશ રાજકોટમાં હોય ગમે તેવા સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત હોવા છતાં પણ તેઓ સામાજિક સંસ્થાઓના આગેવાનોના કાર્યક્રમોમાં જવાનું ચૂકતા નહીં. પુજીત રૂપાણી ચેરીટેબલ ટ્રસ્ટ ચલાવી અનેક ગરીબો અને મધ્યમ વર્ગના પરિવારોને મદદરૂપ બન્યા છે અને આ સંસ્થા થકી તેઓ અનેક કાર્યક્રમો સફળતાપૂર્વક કરી ચૂક્યા છે. આજે પણ વિજયભાઈ હયાત ન હોય તેવું કોઈને માનવામાં આવતું નથી. રાજકોટના અનેક પ્રાણ પ્રશ્નો તેઓના થકી ઉકેલવામાં આવ્યા છે. અમદાવાદમાં ડીએનએ ટેસ્ટ બાદ રાજકોટમાં વિજયભાઈ રૂપાણીની સ્મશાન યાત્રા નીકળે તે સમયે રાજકોટના વેપારીઓ અને શહેરીજનો પોતાના ધંધા સ્વૈચ્છિક સંપૂર્ણપણે બંધ રાખી વિજયભાઈ ની રાજકોટની કામગીરીનું ૠણ ચૂકવે તેવી રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ વતી અપીલ છે.

# રાજકીય નહીં, માનવતાવાદી અપીલ : રાજકોટને ઘણુ આપનાર મહાપુરૂષ પ્રત્યે સંવેદનાની ભાવનાની અપેક્ષા


## રાજકોટના પનોતા પુત્ર વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિરૂપે અડધો દિવસ સ્વૈચ્છિક બંધ રાખવાની સૌ રાજકોટીઓને અપીલ કરતા કોંગ્રેસના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂત

**અબતક, રાજકોટ**

રાજકોટના ગૌરવ, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકીય મહાપુરુષના પ્રતીક શ્રી વિજયભાઈ રૂપાણીના દુખદ અવસાનથી સમગ્ર રાજ્ય શોકમગ્ન છે.અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં તેમના નિધનના સમાચાર રાજકોટની જનતાને ગમગીન કરી દીધા છે.

વિજયભાઈને રાજકોટના પનોતા પુત્ર તરીકે ખ્યાતિ મળી હતી. તેમના મુખ્યમત્રીપદના ટૂંકા સમયગાળામાં જ રાજકોટને એઈમ્સ(AIIMS), આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, સ્માર્ટ સિટી,મહત્ત્વના બ્રિજો સહિત અનેક મોટા પ્રોજેક્ટોની ભેટ આપી હતી.જે વિકાસ રાજકોટનો ૨૦ વર્ષમા થઈ ના શકયો હોત તે માત્ર વિજયભાઈના કાર્યકાળમાં શહેરને મળ્યો. માત્ર ચાર વર્ષમાં, રાજકોટને એક સાધારણ શહેરમાંથી રાજ્યના અગ્રણી મેગા સિટીઓની હરોળમાં મૂકી દીધું.વિકાસ માટેનો તેમનો દ્રષ્ટિકોણ પક્ષની સિમાઓથી પણ ઊંચો હતો અને લોકોના હિતમાં નિર્ણય લેવામાં તેઓ હંમેશા આગળ રહ્યા.તેમનો સરળ, નિર્વાદિત અને હંમેશાં સ્મિતમુખી ચહેરો આજે હજારો દિલોને યાદ આવી રહ્યો છે.

વિજયભાઈના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે રાજકોટ માટે રૂ. ૬૦૦૦ કરોડથી વધુના મોટા વિકાસકામો મંજૂર કર્યા, જેમાં એઈમ્સ, અંતરરાષ્ટ્રીય એરપોર્ટ, અને પાંચ-પાંચ ઓવરબ્રિજ, સ્માર્ટ સિટી અંતર્ગત



રૂ. ૨૬૦૦ કરોડનો ગ્રાન્ટ વગેરેનો સમાવેશ થાય છે.રાજકોટ મહાનગરપાલિકાનું બજેટ બમણું કર્યું અને શહેરી વિસ્તારને પણ વિસ્તૃત કરીને કોર્પોરેશનનું કદ અને દિગ્દર્શન બંને વધાર્યા.આ તમામ વિકાસકાર્યો માત્ર વિજયભાઈની દૃઢ ઈચ્છાશક્તિથી શક્ય બન્યા હતા જે રાજકોટવાસીઓ કદાપિ ભૂલી નહીં શકે.

વિજયભાઈ મુખ્યમંત્રી હતા ત્યારે તેઓ માત્ર ભાજપના નેતા નહોતા - તેઓ શહેરના દરેક નાગરિકના આશાનુ કિરણ અને ભરોસાના ચહેરા હતા. વિરોધ પક્ષો સહિત દરેકને શાંતિથી સાંભળતા અને જનહિતના મુદ્દે કદી પક્ષપાત કરતા જ નોહતા. વિકાસના કાર્યોમા, નાગરિક સુવિધાઓમાં અને નીતિગત નિર્ણયોમાં તેઓએ પક્ષપાતનાં હરમેશ માટે દરવાજા બંધ રાખ્યા હતા.તેમનો નિર્વિવાદિત,સરળ અને લોકપ્રિય ચહેરો આજે સમગ્ર રાજકોટ શહેરે ગુમાવ્યો છે.

આ દુઃખદની ઘડીએ કોઇ રાજકીય દષ્ટિકોણથી નહિ પણ એક સંવેદનશીલ રાજકોટના નાગરિક તરીકે વિજયભાઈ રૂપાણીની અંતિમ વિદાયના દિવસે સમગ્ર રાજકોટ શહેરના વેપારી વર્ગ, શૈક્ષણિક સંસ્થાઓ,વ્યવસાયિક ધંધાઓના યુવા અને નાગરિકોને વિનમ્ર અપીલ કરીએ છીએ કે રાજકોટના પનોતાપુત્ર વિજયભાઈ માટે આપણે તેઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સ્વૈચ્છિક રીતે અડધો દિવસ બંધ રાખી તેમનું સ્મરણ કરીએ એ જ સાર્થક શ્રદ્ધાંજલિ હશે.

આ બંધ કોઈ રાજકીય નહીં પણ એક પનોતાપુત રસમાન નેતા માટે રાજકીય શિષ્ટાચારથી ઉંચે જઈને માનવમૂલ્યો અને શ્રદ્ધાંજલિનું ભાવદાન છે.આપ સૌ રાજકોટવાસીઓ આ અપીલ સમજી માનવતાના આ પળે એકતા અને સંવેદનાની ભાવના સાથે જોડાવશો તેવી અપેક્ષા.

# જીવદયાપ્રેમી વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાજંલી પાઠવતું કરૂણા ફાઉન્ડેશન



**અબતક, રાજકોટ**

સમસ્ત મહાજન, શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ સહિતની જીવદયા સંસ્થાઓના મોભી અને ગુજરાતના જીવદયા પ્રેમી પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલિ.

સ્વ.વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી થયા હતાં ત્યારથી સમગ્ર ગુજરાતના અહિંસા પ્રેમી, જીવદયા પ્રેમી લોકોની અપેક્ષા વધી ગઈ હતી અને પોતાની ૫ વર્ષની પણ ઝડપ, નિર્ણયોની દ્રષ્ટિએ ૨૦ - ૨૦ ઈનિંગમાં વિજયભાઈએ સંતોષવામાં મહદ અંશે સફળ રહ્યા હતા. આ પહેલા ક્યારેય ગુજરાતમાં જીવદયા ક્ષેત્રે આટલા બધા મહત્વનાં નિર્ણયો નથી લેવાયા.

જીવદયાનું કામ લઈને આવેલા કોઈ પણ ને, ક્યારેય પણ તરત મળવાનું,રજુઆત શાંતિથી અને પૂરતો સમય આપી શક્ય અને ત્વરીત પગલાંઓ ભરી પૂર્ણ કરાવવાની. ગાય આધારિત ખેતીને પ્રચંડ મહત્વ, સારી સબસીડીઓ શરૂ કરાવી. ગૌ સેવામાં ઉત્તમ સહયોગ આવાં તો કેટલાય જીવદયા-ગૌ સેવા સત્કર્મો, આજીવન સ્વ.વિજય ભાઈ રૂપાણીએ કરાવ્યા.

સમસ્ત મહાજન, શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ સહિતની જીવદયા સંસ્થાઓના મોભી અને ગુજરાતના જીવદયા પ્રેમી પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ડો. ગિરીશભાઈ શાહ, મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, ધીરેન્દ્ર કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, પારસભાઈ મહેતા, ગૌરાંગભાઈ ઠક્કર સહિતનાઓએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.

# સ્વભાવે ખુબ સરળ હંમેશા રાજકીય કટુતા થી પર રહ્યા વિજયભાઈ: તુષિત પાણેરી

**અબતક, રાજકોટ**

ગુજરાત ના પુર્વ મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી નું અમદાવાદ લંડન ફ્લાઈટ ક્રેશમા નિધન થવાથી પ્રવકતા - ગુજરાત કોંગ્રેસ (સૌરાષ્ટ્ર કચ્છ ઝોન)તુષિત પાણેરીએ શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે ગુજરાત ના જાહેર જીવન મા એક કદી ના પુરાય તેવી ખોટ પડી છે , રાજકીય રીતે પ્રતિપક્ષ ના નેતા હતા પરંતુ સ્વભાવે ખુબ સરળ અને હંમેશા રાજકીય કટુતા થી પર રહ્યા . . વિજય ભાઈ ના દુઃખદ નિધન પર હું તેમને શ્રધ્ધા સુમન અર્પણ કરું છું.

# પ્લેન દુર્ઘટનામાં વિજયભાઈ સહિતના દિવંગતોને બીસીઆઈ મેમ્બરની શ્રધ્ધાંજલિ

**અબતક, રાજકોટ**

અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ ટેક ઓફ થતા વેંત જ ક્રેશ થયાની ગોઝારી દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત અનેક લોકોએ જાન ગુમાવેલ છે. જાન ગુમાવનાર મુસાફરો અને પાઈલોટસ, ક્રુ મેમ્બર્સ સહિતના લોકોના આત્માની શાંતિ માટે સર્વત્ર પ્રાર્થના કરવામાં આવી રહેલ છે. અને ગુજરનાર મુસાફરોના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની પ્રભુ તેમને સહનશક્તિ આપે અને ગુજરનારની




આત્માને શાંતિ અર્પે તેવી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના મેમ્બર દિલીપભાઈ પટેલે શ્રદ્ધાંજલિ પાઠવી છે.આ દુર્ઘટનામાં ગુજરાત રાજયના સંવેદનશીલ તરીકે જાણીતા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈના નિધનથી ગુજરાત રાજયના નાગરીકો અને કાર્યકર્તાઓ શોકની લાગણીમાં ડુબી ગયેલ છે. ભગવાન મૃતકોના આત્માને શાંતિ અને મોક્ષ આપે તેવું બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના મેમ્બર અને પટેલ લો ફર્મમાં ધારા શાસ્ત્રી દિલીપ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી, ઈશાબેન કણઝારીયા વિગેરેએ શ્રધ્ધાંજલિ આપી હતી.

# બાર એસો.દ્વારા પ્લેન દુર્ઘટનાના દિવંગતોને શ્રધ્ધાંજલી અર્પણ

## સિનિયર જુનિયર સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત વકીલો ઉપસ્થિત બે મિનિટ મૌન પાળ્યું

**અબ તક, રાજકોટ**

અમદાવાદ ખાતે એરઈન્ડિયાની ફલાઈટ ક્રેશ દુર્ઘટનામાં પાયલોટ, ક્રુ મેમ્બર્સ, તમામ મુસાફરો અને સિવિલ હોસ્પિટલમાં અભ્યાસ કરતા એમ.બી.બી.એસ. ડોકટરો વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા છે. તે બદલ ગુજરાતના સમગ્ર બાર એસોશિએશનોના તમામ ધારાશાસ્ત્રીઓમાં ગહેરા શોકની લાગણી પ્રસરી છે. પ્લેન ક્રેશમાં તમામ મૃત્યુ પામેલા મુસાફરોની આત્માને શ્રધ્ધાંજલી આપવા માટે અને ઊંડા શોકની લાગણી વ્યક્ત કરવા માટે ગુજરાતના તમામ બાર એસોશિએશનના



ધારાશાસ્ત્રીઓએ પાંચ મિનિટનું મૌન રાખી શ્રધ્ધાંજલી પાઠવવા દરેક બાર એસોસીએશને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ દ્વારા અપીલ કરવામાં આવી હતી. જેને પગલે રાજકોટ બાર એસોશીએશન દ્વારા ન્યુ કોર્ટ બિલ્ડિંગ ખાતે બાર રૂમમાં વકીલો દ્વારા મૌન પાળી અમદાવાદ પ્લેન દુઘટનામાં મૃત્યુ પામેલ લોકોને શ્રધ્ધાંજલી અર્પી હતી. આ તકે બાર એશો.ના પ્રમુખ પરેશ મારૂ, ઉપ પ્રમુખ સુમિત વોરા પૂર્વ પ્રમુખ બકુલ રાજાણી, સેક્રેટરી સંદીપભાઈ વેકરીયા, જોઈન્ટ સેક્રેટરી જીતેન્દ્રભાઈ પારેખ, ટ્રેઝરર પંકજભાઈ દોંગા, લાઈબ્રેરી સેક્રેટરી કેતનભાઈ મંડ, કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના મેમ્બર દિલીપભાઈ પટેલ, રેવન્યુ બાર એસોસિએશનના રમેશભાઈ કથીરિયા, કલેઈમ બાર એસો.ના ગોપાલભાઈ ત્રિવેદી, જાણીતા ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, બાર એસો.ના કારોબારી સભ્ય રક્ષાબેન ઉપાધ્યાય, પ્રગતિબેન માકડીયા, તુષારભાઈ દવે, નિકુંજભાઈ શુકલ સંજયભાઈ ડાંગર, પરેશભાઈ પાદરીયા, અશ્વિનભાઈ રામાણી, કિશનભાઈ રાજાણી, મનીષભાઈ સોનપાલ અને હિરેનભાઈ ડોબરીયા સહિતના સિનિયર જુનિયર વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

# વિજયભાઈની વિદાયથી રાજકોટ અને સમગ્ર જૈન સમાજને મોટી ખોટ પડી: શ્વેતામ્બર મૂર્તીપૂજક જૈન તપગચ્છ સંઘ

**અબતક, રાજકોટ**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર સ્વ. વિજયભાઈ રૂપાણીના અવસાનથી યુનિવર્સિટી રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ અત્યંત દુઃખ અને ઘેરા શોકની લાગણી અનુભવી રહ્યો છે.

સંઘે જણાવ્યું હતું કે વિજયભાઈ રૂપાણીએ સમગ્ર ભારત, ગુજરાત અને ખાસ કરીને રાજકોટને ઘણું બધું આપ્યું છે,

જે શબ્દોમાં વ્યક્ત કરવું મુશ્કેલ છે, ફક્ત અનુભવી શકાય છે. પૂજિત રૂપાણી ટ્રસ્ટના માધ્યમથી તેમના પરિવારે અનેક બાળકોને સુખદ અનુભવો કરાવ્યા, જે પ્રશંસનીય છે.

વિજયભાઈએ પોતાનું જીવન ભારત દેશને સમર્પિત કરી દીધું હતું. ખૂબ જ નાની ઉંમરે તેમણે ક્રમબદ્ધ રીતે દેશ અને સમાજ માટે ઉત્તરોતર યોગદાન આપ્યું. તેમની વિદાયથી રાજકોટ અને સમગ્ર જૈન સમાજને મોટી ખોટ પડી છે, જે ક્યારેય ભુલાઈ શકાય તેમ નથી.

સ્વ. વિજયભાઈની શ્રદ્ધાંજલિ રૂપે યુનિવર્સિટી રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ દ્વારા ભક્તામર સ્તોત્ર અને નવકાર મંત્રના જાપ રાખવામાં આવ્યા હતા. સંઘે વિજયભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, તેમના આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના કરી છે.

# બેફામ તોડફોડ કરી ઝૂલેલાલનગરને બાનમાં લેનાર બેલડી ઝડપાઈ

## ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગણતરીની કલાકોમાં ફૈજલ ઉર્ફે કાલી અને અબ્દુલ લંજાને દબોચી લઈ આકરી સરભરા કર્તા ભાંભરડા નાંખી ગયાં : અન્ય છની શોધખોળ

**અબતક, રાજકોટ**

ઝુલેલાલનગરમાં મોડી રાતે દહેશત ફેલાઈ હતી અને બાઈક ચલાવવા મામલે આઠ શખ્સોએ મકાન પર પથ્થરમારો કરી વાહનોમાં તોડફોડ કર્યો હતો. બનાવ અંગે પ્ર.નગર પોલીસે આઠ શખ્સો સામે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. જેમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપી ફૈજલ ઉર્ફે કાલી અને અબ્દુલ લંજાને દબોચી લઈ આકરી સરભરા કરી હતી.

બનાવ અંગે જુલેલાલનગર શેરી નં.૫ માં રહેતાં આશિષભાઈ ચેતનભાઈ નેભાણી (ઉ.વ. ૩૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ફૈઝલ ઉર્ફે કાલી રહીમ ભાણુ, ઈરફાન રહીમ ભાણુ, અબ્દુલ દાઉદ લંજા અને હસન (રહે. તમામ સ્લમ કવા. લાખાબાપાની વાડી) તથા અજાણ્યા ચાર શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓને જુલેલાલ મંદિર સામે ગુરુનાનક ડ્રીકીંગ વોટર નામનો મીનરલ વોટર પાણીનો પ્લાન છે ત્યા બેસી વેપાર કરે છે. ગઈ તા. ૦૯ ના સાંજના આઠેક વાગ્યે એકટીવા લઈને સાંઢીયા પુલ પાસે તેમની ફ્રુટની લારીએ જવા માટે નીકળેલ અને ઘરથી ૨૦૦ મીટર જેટલું ચાલેલ ત્યા સામેથી ફેજલ ઉર્ફે કાલી રહીમ ભાણુ તેનુ એકસેસ લઈને આવતો હતો. ફરિયાદી પોતાનું બાઈક રોડ સાઈડમા ચલાવતો હતો ત્યા ફેજલ નજીક આવી કહેલ કે, કેમ મારી માથે તારી એકટીવા ગાડી નાખે છે, તેમ કહી ગાળો દેવા લાગેલ હતો અને મારી એકટીવા ગાડીની ચાવી કાઢી કહેલ કે, તને અહી જ છરીના ઘોદા મારી મારી નાંખીશ તારે જે કરવું હોય તે કરી લેજે.



તે દરમ્યાન યુવાનના ભાઈ વિજયભાઈ આવી જતા બંને જણા કારખાને જતા રહેલ હતા. તેમના ભાઈએ ૧૦૦ નંબરમા ફોન કરેલ હોય જેથી પોલીસની ગાડી આવતા ત્યા કારખાને પાસે ઉભેલ હતા.ત્યારે વડીલો પણ આવી જતા કોઈ ફરીયાદ કરેલ ન હતી અને ઘરમેળે સમાધાન કરવાની વાત થયેલ હતી.

ત્યારબાદ રાત્રીના બે વાગ્યાના વખતે કાકાના દિકરા કમલેશભાઈના દીકરાની તબિયત સારી ન હોય જેથી તેના ઘરે ગયેલ હતો અને ત્યા તેમનો ભાઈ વિજય પણ ત્યા હતો. કમલેશભાઈએ જણાવેલ કે, મારે હમણા અબ્દુલભાઈ લંજા સાથે ફોનમા વાત થયેલ અને તેને સમાધાન માટે કેમ ન આવ્યા તેમ પુછતા તે બોલાચાલી કરવા લાગેલ હતાં.

દરમિયાન રાત્રીના સાડા ત્રણેક વાગ્યાના વખતે કમલેશભાઈના ઘરે ડેલીમા કોઈએ ઘા કરેલ હોય તેવો અવાજ આવેલ અને તેઓ ઉપરના રૂમમા હતા ત્યા સોડા બાટલીના ઘા આવતા તેમના ભાઈ વિજયભાઈ જે બાલકનીમા ઉભેલ હતો તેને સોડા બાટલ ઘા છાતીમા વાગી ગયેલ હતો. યુવાને બારીમાથી બહાર જોયેલ તો ફૈઝલ ઉર્ફે કાલી ભાણુ, ઈરફાન ભાણુ, અબ્દુલ લંજા તથા હસન અને ચાર અજાણ્યા માણસો હતા, જે બધા ચાર બાઈક લઈને આવેલ અને બધાના હાથમા પાઈપ તથા લોકડાના ધોકા હતા. ધોકા પાઈપ વડે ઘર પાસે શેરીમા રાખેલ અમારા બાઈક તોડતા હતા.

અમુક શખ્સો સોડા બોટલોના ઘા કમલેશભાઈના ઘર પર કરતા આગળના ભાગે રેલીંગના કાચ તુટી ગયેલ હતા અને દરવાજામા પણ ધોકા પાઈપ મારી નુકશાન કરેલ હતુ. બાઈકમાં પણ નુકશાન કરેલ હતુ. બાદમાં આરોપી નાસી છૂટતાં બહાર નીકળી જોતા મકાન અને વાહનમાં નુકશાન કરેલ હતું. તેમજ તેઓ પોતાના ઘરે ગયેલ ત્યા જોયેલ તો અમારા ઘર પાસે તેમની બહેનનુ મકાન છે ત્યા સ્વીફ્ટ કાર પાર્ક કરેલ હતી તેમા પણ ધોકા પાઈપ ઘા ઝીંકી નુકશાન કરી ગાડી તોડી નાંખેલ હતી.

બનાવ અંગે પ્ર.નગર પોલીસ મથકમાં રાયોટીંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. જે ગુનાની ગંભીરતા દાખવી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડિસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી (ક્રાઈમ) બી.બી.બસીયા દ્વારા આરોપીને પકડવાની આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર અને સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એસ.ગરચર અને ટીમે ગણતરીની કલાકોમાં જુલેલાલનગરમાં ભય ફેલાવનાર ફૈજલ ઉર્ફે કાલી રહીમ ભાણુ (ઉ.વ.૨૫, રહે- સ્લમક્વાર્ટર નં-૧૧૪ જામનગર રોડ), અબ્દુલ દાઉદ લંજા (ઉ.વ.૩૦), (રહે.લાખાબાપાની વાડી મફતીયાપરા સ્લમ ક્વાર્ટરની સામ) ને દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું.

# નવી કોર્ટ બિલ્ડિંગ નજીક યુવક પર પૂર્વ પ્રેમિકાના પતિનો હુમલો

## યુવકે પોતાના સંબંધ અંગે જાણ કર્યા બાદ મળવા બોલાવી ધોકા વડે ફટકાર્યો : બે વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના સહજાનંદ વાટીકામાં રહેતા યુવાનને પૂર્વ પ્રેમિકાના મંગેતરે નવી કોર્ટ બિલ્ડિંગ પાસે મળવા માટે બોલાવી તેને ધોકા વડે મારમાર્યો હતો. આ અંગે યુવાનની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે બે શખસો સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

શહેરના સહજાનંદ વાટિકા શેરી નંબર ૪ માં રહેતા જયદીપ જશાભાઈ વાઘેલા (ઉ.વ ૩૧) નામના યુવાને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પવન દેવશીભાઈ મકવાણા અને એક અજાણ્યા શખસનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે સુરતમાં જલારામ ફરસાણમાં ફરસાણ બનાવવાનું કામ કરે છે. ચારેક વર્ષ પહેલાં યુવાનને એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો છ મહિના પહેલા આ યુવતીએ ફોન કરી કહ્યું હતું કે, મારું બીજે નક્કી કરી નાખ્યું છે જેથી સંબંધ રાજી ખુશીથી પૂરા કરી દીધા હતા. યુવતીએ તે સમયે કહ્યું હતું કે તેનો સંબંધ પવન મકવાણા સાથે નક્કી થયો છે. જેથી યુવાને ખરેખર તેનો સંબંધ નક્કી થયો છે કે કેમ? તે ખરાઈ કરવા માટે પવનના મોબાઈલ નંબર માંગ્યા હતા. જેથી યુવતીએ નંબર આપતા તા. ૧૨/૬/૨૦૨૫ ના યુવાને પવનને ફોન કરી તેના સંબંધ અંગે વાત કરી હતી. જેથી તેને પવને સરાજા પાર્ટી પ્લોટ પાસે મળવા બોલાવ્યો હતો. યુવાન અહીં રાત્રિના પવનને મળવા ગયો હતો. બાદમાં પવને યુવાનને તેના તથા યુવતીના ફોટા બતાવ્યા હતા.

દરમિયાન ગઈકાલ રાત્રિના એકાદ વાગ્યા આસપાસ યુવાન તેના મિત્ર હિતેશ બાબરીયાના ઘરે હતો ત્યારે પવનનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, મારે તને મળવું છે. જેથી યુવાને તેને નવી કોર્ટ બિલ્ડીંગ ગેટ નંબર-૧ ની સામે રોડ પર મળવા બોલાવ્યો હતો. પવન તેના મિત્રો સાથે રાત્રિના અઢી વાગે આવ્યો હતો યુવાન તેના મિત્ર સાથે કારમાં બેઠો હતો. બાદમાં કારમાંથી નીચે ઉતરી પવન પાસે જઈ તેને કહ્યું હતું કે, તારે યુવતી સાથે ભલે સંબંધ હોય મારે કંઈ વાંધો નથી. દરમિયાન પવને ઉશ્કેરાઈ ઝઘડો કરી ગાળો આપી લાકડાના ધોકાનો ઘા યુવાનને માથામાં ફટકારી દીધો હતો. ત્યારબાદ તેની સાથે રહેલા અજાણ્યા શખસે યુવાનને ઢીકાપાટુનો મારમાર્યો હતો. આ સમયે યુવાનના મિત્રો તેને બચાવવા અહીં આવતા આ લોકો અહીંથી નાસી ગયા હતા. ત્યારબાદ યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. આ અંગે યુવાને ફરિયાદ નોંધાવતા યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# મેટોડામાં અકસ્માતનો ખાર રાખી યુવાન પર ધોકા વાળી

## જોઈને કેમ ચલાવતો નથી કહી ગેસની દુકાનવાળાએ બઘડાટી બોલાવી

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના મેટોડા જીઆઈડીસીમાં અકસ્માતે મોટરસાયકલ સલીપ થવાની બાબતે બાઈક ચાલકને કેમ ધ્યાન રાખતો નથી તેમ કહી ધોકા થી માર માર્યાનો બનાવ પોલીસ નોંધાયો દફતરે નોંધાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ જીઆઈડીસી ગેટ નંબર ત્રણ નજીક રહેતા અશોકભાઈ પુંજાભાઈ બાબરીયા ૩૨ ગઈકાલે રાત્રે ૯:૦૦ વાગે ગેટ ત્રણમાં કિસ્મત ચોક પાસેથી બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે અકસ્માતે બાઈક સ્લીપ થઈ જતા પડી ગયો હતો અને નજીકમાં આવેલી ગેસના બાટલાની દુકાનવાળાએ આ મુદ્દે ઝઘડો કરી તું કેમ ધ્યાન રાખતો નથી? તેમ કહી અશોકભાઈ પર ધોકા થી હુમલો કરતા હાથ પગમાં ઈજા સાથે સિવિલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે મેટોડા પોલીસે તપાસ હાથ ધરી છે

# ગ્રામ પંચાયતની ચૂંટણી પૂર્વે પરવાનેદારોએ હથીયાર જમા કરાવી દેવાં આદેશ

## આદેશનું ઉલ્લંઘન કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી થશે : પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામું બહાર પડાયું

### સરકારી, અર્ધ સરકારી, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, રાજ્ય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન બાકાત

**અબતક, રાજકોટ**

રાજયમાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ અંતર્ગત આચાર સહિતા બહાર પાડવામાં આવેલ છે. મતદાન તા.૨૨ અને મત ગણતરી તા.૨૫ ના યોજાનાર છે. જે વિસ્તારમાં આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

જે અંગે ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા ચુંટણી અનુલક્ષીને જાહેર શાંતી અને સલામતીના હિતમાં પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં રહેતા દરેક જાતના હથિયારોના પરવાનેદારોએ પ્રકારના હથિયારો જે તે લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં અનામત જમા કરાવી દેવાની સૂચના આપવામાં આવી છે.

શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહિત) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તથા જે રાજય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન છે તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે, પરંતુ જે તે વ્યક્તિના વ્યકિતગત નામે ઈસ્યુ થયેલ પરવાનેદાર હથિયાર ધારકોને આદેશમાંથી મુકિત મળશે નહીં.તેમજ માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોર્મશીયલ બેંકો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. સિકયુરીટી ગાર્ડે તેઓ જે તે બેંકમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબંધિત બેંક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે તેમજ જે તે સંબંધિત બેંક દ્વારા સિકયુરીટી ગાર્ડની વિગતવારની માહિતીની જાણ પોલીસ સ્ટેશને કરવાની રહેશે.

કેન્દ્ર કે રાજય સરકારના અધિકારીઓ જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અને ચુંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.આ આદેશનું પાલન નહિ કરનાર સામે શસ્ત્ર અધિનિયમ હેઠળ પગલાં લેવામાં આવશે.

# મહિલા એડવોકેટે ઝેરી પાવડર પી જીવન ટૂંકવી લીધું

## પરિણીતાએ ભરેલા પગલાથી બે સંતાનો એ માતાની હૂંફ ગુમાવી , કારણ અકબંધ

**અબતક, રાજકોટ**



શહેરના કોઠારીયા રોડ પર રહેતા મહિલા ધારાશાસ્ત્રી અવનીબેન જાની એ ઝેરી પાવડર ખાઈ લેતા સારવાર દરમિયાન ખાનગી હોસ્પિટલમાં દમ તોડતા બે માસુમ બાળકોએ માનું છત્ર ગુમાવતા પરિવારમાં ગમગીની ફેલાય છે. અંગે પ્રાપ્ત વિગત મુજબ કોઠારીયા રોડ વિનોદ નગર પાંચમાં રહેતા મહિલા ધારાશાસ્ત્રી અવનીબેન જીતેનભાઈ જાની ૪૦ ગઈકાલે બપોરે ઘેર હતા ત્યારે એકાએક ઉલટી કરવા લાગતા પરિવારનો એ પૂછપરછ કરતા તેમણે ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી લીધા નું જણાવ્યું હતું તેમને તાત્કાલિક શુભમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું અવનીબેન ના લગ્ન ૧૫ વર્ષ પહેલા થયા હતા સંતાનમાં એક દીકરી અને નવ વર્ષનો પુત્ર છે પતિ ખાનગી નોકરી કરે છે અવનીબેન અમદાવાદ પિયરમાં છે તે એડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરે છે, અવનીબેન નું આ પગલું પરિવાર માટે અસમજણ ભર્યું હોય આપઘાત કયા કારણે કર્યુ હશે તે પરિવાર પણ કહેવા સમર્થ નથી આ બનાવને પગલે બે બાળકો માતા વિહોણા થઈ ગયા છે આ અંગે ભક્તિનગર પીએસઆઈ એસએમ મકવાણા એ તપાસ હાથ ધરી છે.

# દારૂના ગુનામાં ફરાર બુટલેગર બેલડી ભેંસ અને બાલી ઝડપાયો

## અઢી માસથી પોલીસને હાથતાળી આપતાં વિજય ભટ્ટી અને મોસીન તાયાણીને રામનાથપરામાંથી દબોચી લેવાયા

**અબતક, રાજકોટ**

દારૂના ગુનામાં છેલ્લા અઢી માસથી ભૂગર્ભમાં ઉતરી ગયેલ બુટલેગર બેલડી બાલી અને ભેંસને એ ડિવિઝન પોલીસે રામનાથપરા વિસ્તારમાં ઝડપી લીધા છે. શહેરમાં અલગ અલગ ગુના આચરી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાને પગલે એ ડિવિઝન પોલીસ મથકના પી.આઈ. બી વી બોરીસાગરના સીધા માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફના પીએસઆઈ એસ એમ રાણાની ટીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન સર્વેલન્સ સ્કોડના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા અને ધારાભાઈ ગઢવીને ખાનગી રહે બાપની મળેલ હતી કે દારૂના ગુનામાં છેલ્લા અઢી મહિનાથી ફરાર બુટલેગર બેલડી હાલ રામનાથપરાના ભવાનીનગર પાસે હાજર છે. જે બાતમીના આધારે એ ડિવિઝન પોલીસની ટીમ દોડી ગઈ હતી .



પોલીસે વિજય ઉર્ફે બાલી માધુભાઈ ભટ્ટી (ઉવ ૩૨ રહે. ભવાનીનગર શેરી નં-૧, રામનાથપરા, રાજકોટ) અને મોસીન ઉર્ફે ભેંસ નાસીરભાઈ તાયાણી (ઉવ ૨૪ રહે. ભવાનીનગર શેરી નંબર-૪, રામનાથપરા,રાજકોટ)ને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કામગીરીમાં એ ડિવિઝન પોલીસના પીઆઈ બી વી બોરીસાગર, પીએસઆઈ એસ એમ રાણા, એએસઆઈ બી વી ગોહિલ, એમ એસ મકવાણા, હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ બોરીચા, સાગરભાઈ માવદીયા, મહેશભાઈ ચાવડા, કનુભાઈ બસીયા, ધારાભાઈ ગઢવી, કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખા અને તેજસભાઈ ડેર રોકાયા હતા.


**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર સૂચના નં. 13 વર્ષ 2025-26 તારીખ 12/06/2025**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-40 | રાજકોટ વિભાગ - જૂના પોર્ટા કેબિન/લોકેશન બોક્સમાંથી એસ એન્ડ ટી ગિયર્સને એલસી ગેટ નંબર 261, 268, 285 અને 290 (આરજેટી-ઓખા વિભાગ) ખાતે નવા એલસી ગેટ હટમાં સ્થાનાંતરિત કરીને વિશ્વસનીયતામાં સુધારો." | 97,94,506.01 | 1,95,900.00 |
| 2 | DRM-RJT-2025-26-E-41 | રાજકોટ વિભાગ: વાંકાનેર, ખંભાળિયા, દ્વારકા અને રાજકોટ કોચિંગ ડેપો ખાતે ઇલેક્ટ્રિકલ સ્ટોર અને ઓફિસ બિલ્ડિંગની જોગવાઈ. | 1,90,58,487.59 | 2,45,300.00 |
| 3 | DRM-RJT-2025-26-E-42 | રાજકોટ વિભાગ:- રાજકોટમાં લેવલ ક્રોસિંગ નંબર 4 પર ગેટ લોજની જોગવાઈ દ્વારા લેવલ ક્રોસિંગ ગેટની વિશ્વસનીયતામાં સુધારો - ભક્તિનગર વિભાગ અને મકનસર મોરબી વિભાગમાં લેવલ ક્રોસિંગ નંબર 31 (કુલ 2 ગેટ લોજ), સહાયક વિભાગીય ઇજનેર સુરેન્દ્રનગર હેઠળ લેવલ ક્રોસિંગ નંબર 28 અને એલસી નંબર 31 પર બેટર રૂમ સાથે આઇપીએસની જોગવાઈ અને સહાયક વિભાગીય ઇજનેર - વાંકાનેર હેઠળ લેવલ ક્રોસિંગ નંબર 69, 74, 82, 90 (આઇપીએસ અને બેટરી રૂમની જોગવાઈ) કુલ 6 રૂમ. (5.0M X 5.0M) | 95,10,371.66 | 1,90,200.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 07/07/2025 @ 15.00 કલાકે કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001 વેબસાઇટ: www.ireps.gov.in

049

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન**

**OHE ફેરફાર કાર્ય**

ટેન્ડર સૂચના નંબર DRM/RJT/E-Tender/EL/TRD/2025-2026/16 તારીખ 11.06.2025 **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ /ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ -360001 **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in **ટેન્ડર નંબર:** DRM-RJT-EL-TRD-2025-26-16 **કામનું નામ:** રાજકોટ ડિવિઝનના ફેઝ-૧ હેઠળ SUNR યાર્ડની પેસેન્જર રનિંગ લાઇનના સુધારણા અને અપગ્રેડેશનના સંદર્ભમાં OHE ફેરફાર કાર્ય. **અંદાજિત કિંમત:** રૂ.73,89,102.66/- **અર્નેસ્ટ મની:** રૂ. 1,47,800/- **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** 09.07.2025 ના રોજ 15.00 કલાક સુધી.

047

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**AC 25 KV ટ્રેક્શનનો પરિચય**

**જાહેર સૂચના**

પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનના નીચે જણાવેલ વિભાગના પૂર્ણ થયેલ વિભાગ પર સ્થિત રેલવે લાઇન અને પરિસરના તમામ વપરાશકર્તાઓને સૂચના આપવામાં આવે છે કે 25000 વોલ્ટ. 50 Hz AC ઓવરહેડ ટ્રેક્શન વાયર 20.06.2025 ના રોજ અથવા તે પછી વિદ્યુતિકૃત કરવામાં આવશે.

તે તારીખથી, ઓવરહેડ ટ્રેક્શન લાઇનને દરેક સમયે લાઇવ ગણવામાં આવશે અને કોઈપણ અનધિકૃત વ્યક્તિ ઉપરોક્ત ઓવરહેડ લાઇનની નજીક જઈ શકશે નહીં અથવા કામ કરી શકશે નહીં.

| વિભાગ | તારીખ |
|---|---|
| સોમનાથ યાર્ડ ખાતે નવી લાઇન કિ.મી. 188/09 (CH:188/471.00) થી સોમનાથ યાર્ડ લાઇન નં. 1, 2 અને હાલના ટ્રેકના OHE સુધી SMNH/1013 (188/467.20) થી પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનના લાઇન નં. 3, 4 અને 5 સુધી. | 20.06.2025 ના રોજ અથવા તે પછી |

**રોડ યુઝર્સને ચેતવણી**

જાહેર જનતાની માહિતી માટે જણાવવામાં આવે છે કે 20.06.2025 ના રોજ અથવા તે પછી સોમનાથ યાર્ડ ખાતે નવી લાઇન પર 25 kV પર ઓવરહેડ ટ્રેક્શન વાયરને SMNH/1013(188/467.20) થી લાઇન નં. 3, 4 અને 5 સુધીના હાલના ટ્રેકના Km 188/09 (CH:188/471.00) થી SMNH/1013(188/467.20) સુધીના સેક્શન પર નવી લાઇન પર વિદ્યુતિકૃત કરવામાં આવશે. વધુ પડતી ઊંચાઈના ભારણને જીવંત ટ્રેક્શન વાયર (સંપર્ક વાયર) ના સંપર્કમાં આવતા અટકાવવા અથવા ખતરનાક નિકટતાને રોકવા માટે, રસ્તાના સ્તરથી 4.78 મીટરની સ્પષ્ટ ઊંચાઈવાળા તમામ લેવલ ક્રોસિંગ પર ઊંચાઈ ગેજ બનાવવામાં આવ્યા છે. જે લેવલ ક્રોસિંગ પર રેલ લેવલથી ઓછામાં ઓછા 5.50 મીટરની ઊંચાઈ પર હોવા જોઈએ.

જાહેર જનતાને આથી સૂચના આપવામાં આવે છે કે વાહનો લોડ કરવાના હેતુથી ઉપર દર્શાવેલ ઊંચાઈનું અવલોકન કરો અને ખાતરી કરો કે રોડ વાહનોમાં વહન કરવામાં આવતો ભાર કોઈપણ સંજોગોમાં ઊંચાઈ માપકનું ઉલ્લંઘન ન કરે.

વધુ પડતી ઊંચાઈના ભારના જોખમો નીચે મુજબ છે: -

૧. ઊંચાઈ માપક માટે જોખમો અને તેના પરિણામે રસ્તા તેમજ રેલ્વે લાઇનમાં અવરોધ.

૨. વાહનો પર લઈ જવામાં આવતા સાધનોની સામગ્રી માટે જોખમ.

3. કંડક્ટરના સંપર્કમાં આવવાથી અથવા તેની ખતરનાક નિકટતાને કારણે આગ લાગવાનો ભય અને જીવનું જોખમ.

048

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



જન્મ-મરણ કેસ.નં. ૪૯/૨૦૨૫

પ્રતિ
શ્રી નકુભાઈ રામભાઈ ચાવડા,
રહે. નાળીયેરી મોલી, ગામ-નાળીયેરી મોલી, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર

**વિરુદ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નાળીયેરી મોલી, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ ..........સામાવાળા

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના નાળીયેરી મોલી ગામના રહીશ નકુભાઈ રામભાઈ ચાવડા તથા કાંતાબેન નકુભાઈ ચાવડાના પુત્ર ભરતભાઈ નકુભાઈ ચાવડાનો જન્મ તારીખ ૦૧/૦૮/૧૯૯૫ના રોજ ગીરગઢડા તાલુકાના નાળીયેરી મોલીગામ ખાતે થયેલ છે જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નાળીયેરી મોલી, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૫ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટર નોંધ કરવા અંગેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખું હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.**

**પ્રતિકાત્મક (Symbolic) કબજા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫

અમો અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ આ જાહેર નોટીસ ધ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારે તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખા માંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારે લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓનું ખાતુ એન. પી. એ. થતાં તેઓને તેમજ તેમના જામીનોને 'ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ અસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને **૬૦ દિવસ**ની મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ બોરોઅર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી અમોએ ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) અન્વયે તથા સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના **રૂલ-૮(૧)** સાથે વંચાણે લેતા મળેલ અધિકારની રૂએ તેમની મિલ્કત કે જેનું વર્ણન નીચે દર્શાવેલ છે તેનો નીચેની તારીખે **પ્રતિકાત્મક (Symbolic) કબ્જો** લીધેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. ઉપરાંત આ કરજદારો, તેમના જામીનો તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહિં, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ને નીચે મુજબની લેણી રકમ તથા તે ઉપર **તા.૦૧/૦૬/૨૦૨૫** થી ચડતા વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

| શાખાનું નામ તથા ખાતા નંબર | ખાતેદાર/જામીન/ડીરેકટર/ભાગીદારોના નામ તથા જો જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ હોય તો કઈ તારીખે અને કયાં અખબારમાં આપેલ છે તેની વિગત | ૧૩(૨) ની નોટીસ મુજબ લેણી રકમ તથા નોટીસ તારીખ | પ્રતિકાત્મક (Symbolic) કબ્જા તારીખ | તા. ૩૧/૦૫/૨૦૨૫ ના રોજ બાકી રકમ |
|---|---|---|---|---|
| વાંકાનેર 0૪૧૦૭૧૭૦૨૦૦૦૪૩૪ (SEC/4900) | **ખાતેદાર :** જાફરાણી શબીર હબીબભાઈ **જામીન :** (૧) જાફરાણી રહેમતબેન હબીબભાઈ (જાફરાણી હબીબભાઈ ઈસ્માઈલભાઈના કાનુની વારસદાર) (૨) જાફરાણી રહેમતબેન હબીબભાઈ "અબતક" તથા "ફાઈનાન્સીયલ એક્સપ્રેસ" તા.૧/૨/૨૦૨૫ | રૂ.૯,૦૮,૯૧૩=૬૨ (તા.૩૦/૧૧/૨૦૨૪ મુજબ) **૧૩(૨) નોટીસ તારીખ** ૧૨/૧૨/૨૦૨૪ | ૧૦/૦૬/૨૦૨૫ | રૂ. ૯,૬૭,૦૫૨=૬૨ |

**તારણમાં આપેલ મિલ્કતનું ટુંકુ વર્ણન**

(૧) ગુજરાત રાજયના મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના ગામ ચંદ્રપુર ના રેવન્યુ સર્વે નં. ૧૩૫ પૈકી તથા ૧૩૬/૨ પૈકી આવેલ "મિરાણીનગર" તરીકે ઓળખાતા રહેણાંક હેતુ માટેના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૬ પૈકીની દક્ષિણ તરફની જમીન ચો.મી.આ. ૬૨-૬૫ ઉપર ઉભા ઈમલા ઈમારતવાળુ મકાન આવેલ છે. જે રજી. અનુક્રમ નં. ૨૦૧૬ તા.૧૨/૦૬/૨૦૦૮ થી રહેમતબેન હબીબભાઈ જાફરાણીના નામે છે તે મિલ્કત.
(૨) ગુજરાત રાજયના મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના ગામ ચંદ્રપુર ના રેવન્યુ સર્વે નં. ૧૩૫ પૈકી તથા ૧૩૬/૨ પૈકી આવેલ "મિરાણીનગર" તરીકે ઓળખાતા રહેણાંક હેતુ માટેના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૨૦ પૈકીની ઉત્તર તરફની જમીન ચો.મી.આ. ૬૨-૬૫ ઉપર ઉભા ઈમલા ઈમારતવાળુ મકાન આવેલ છે. જે રજી. અનુક્રમ નં. ૨૦૧૫ તા.૧૨/૦૬/૨૦૦૮ થી હબીબભાઈ ઈસ્માઈલભાઈ જાફરાણીના નામે છે તે મિલ્કત.
(૩) આડીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે.

તા. ૧૨-૦૬-૨૦૨૫, રાજકોટ — અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ., હેડ ઓફીસ, રિકવરી વિભાગ, રાજકોટ.

તંત્રી લેખ

# વિજયભાઈ રૂપાણીના નિધનથી એક યુગનો અંત

રાજકોટના પનોતા પુત્ર પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અકાળે અવસાનથી ગુજરાતના રાજકારણમાં એક યુગનો અંત થઈ ગયો છે.ભાજપના લાખો કાર્યકરોના હૃદયનો ધબકાર વિજયભાઈ હતા.આજે કાર્યકરો જાણે અનાથ બની ગયા હોય તેવો અનુભવ કરી રહ્યા છે.

તેઓ મૂલ્યનિષ્ઠ રાજનીતિને વરેલા હતા.

પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના માધ્યમથી કચરો વીણતાં બાળકોના જીવનનો તેઓએ ઉદ્ધાર કર્યો હતો.

તેઓ હંમેશા કહેતા હતા કે,વ્યક્તિ સે બડા દલ,
દલ સે બડા દેશ હોતા હૈ.

વિજયભાઈ કાર્યકરોને કહેતા હતા કે સફળતા ક્યારેય રાતોરાત મળતી નથી તેની પાછળ વર્ષોની મહેનત ધરબાયેલી હોય છે. નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવો એટલે સફળતા ચોક્કસ મળશે.

તેઓ સરળ,સૌમ્ય અને સાદગીનો પર્યાય એટલે વિજયભાઈ તેવું કહેવું જરાપણ ખોટું નથી.મૂલ્ય નિષ્ઠ સિધ્ધાંતો તેમનું સૌથી મોટું જમા પાસું હતું.તેમની રાજકીય સફર ઘણા દાયકાઓ સુધી ફેલાયેલી છે, જેમાં સ્થાનિક સ્તરથી લઈને રાજ્ય સ્તર સુધીના વિવિધ હોદ્દાઓ પર તેમણે કામ કર્યું છે.

તેઓ ૧૯૭૧ થી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ , રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને જનસંઘ સાથે જોડાયેલા હતા.૧૯૭૬ની કટોકટી દરમિયાન તેમને ભાવનગર અને ભુજની જેલોમાં ૧૧ મહિના સુધી બંદી બનાવવામાં આવ્યા હતા.

૧૯૮૭માં તેઓ રાજકોટ મહાનગરપાલિકામાં કોર્પોરેટર તરીકે ચૂંટાયા અને જલ નિકાસ સમિતિના અધ્યક્ષ બન્યા.૧૯૮૮ થી ૧૯૯૬ સુધી તેઓ રાજકોટ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ રહ્યા.

૧૯૯૬ થી ૧૯૯૭ દરમિયાન તેમણે રાજકોટના મેયર તરીકે પણ સેવા આપી.૧૯૯૮માં તેઓ ગુજરાત ભાજપના પ્રદેશ મહામંત્રી બન્યા અને ચૂંટણી ઢંઢેરા સમિતિના અધ્યક્ષ પણ રહ્યા.૨૦૦૬ થી ૨૦૧૨ સુધી રાજ્યસભાના સભ્ય રહ્યા.

૨૦૦૬માં તેમને ગુજરાત ટૂરિઝમના ચેરમેન બનાવવામાં આવ્યા, અને ૨૦૧૩માં મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન બન્યા.૨૦૧૪માં તેઓ રાજકોટ (પશ્ચિમ) બેઠક પરથી પેટાચૂંટણી જીતીને ધારાસભ્ય બન્યા હતા.

આનંદીબેન પટેલની સરકારમાં તેમને પરિવહન, શ્રમ અને રોજગાર તેમજ વોટર સપ્લાયના મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી.ફેબ્રુઆરી ૨૦૧૬માં તેઓ ગુજરાત ભાજપના પ્રમુખ બન્યા હતા. ૭ ઓગસ્ટ ૨૦૧૬ ના રોજ તેમણે ગુજરાતના ૧૬મા મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા.૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત બાદ તેઓ બીજી વખત મુખ્યમંત્રી બન્યા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ તેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે પોતે ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી હતી. તેઓ ભાજપમાં છેલ્લી ઘડી સુધી સક્રિય રહ્યા હતા મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પક્ષના નિરીક્ષક તરીકે પણ ભૂમિકા ભજવી છે.

આમ, વિજય રૂપાણીની રાજકીય સફર સામાન્ય કાર્યકર્તા તરીકે શરૂ થઈ હતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં સક્રિયતા, રાજ્યસભાના સભ્યપદ, પ્રદેશ પ્રમુખ અને અંતે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સુધી વિસ્તરી છે.તેઓના અકાળે નિધનથી એક યુગ આથમી ગયો હોય તેઓ ખાલીપો છવાય ગયો છે.

# કે.પી અને પી.પી સવાણી ગ્રુપનો સેવા યજ્ઞ હિન્દુ-મુસ્લિમ સમાજ માટે ધાર્મિક યાત્રાનું આયોજન

## સોમવારે હિન્દુ સમાજની ૩૦૦ ગંગા સ્વરૂપ બહેનો ''ચારધામ યાત્રા'' માટે કરશે પ્રયાણ

**અબતક, રાજકોટ**

સુરત. પી.પી. સવાણી ગ્રુપ અને કે.પી. ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધર્મ અને નાત-જાતના ભેદભાવ વગર એક અનુકરણીય પહેલ કરવામાં આવી છે. આ ગ્રુપ્સ દ્વારા ૧૬ જૂન, ૨૦૨૫ થી ૮ જુલાઈ, ૨૦૨૫ સુધી હિન્દુ સમાજની તમામ જ્ઞાતિની ૩૦૦ ગંગા સ્વરૂપ બહેનો માટે ''ચારધામ યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, જુલાઈ ૨૦૨૫ માં મુસ્લિમ દીકરીઓ અને તેમના જમાઈઓ માટે ૧૫ દિવસની ઉમરાહ, મક્કા-મદીના, સાઉદી અરેબિયાની યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.પી.પી. સવાણી ગ્રુપ દ્વારા આ ચારધામ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ તેમના ગ્રુપમાં લગ્ન થયેલી દીકરીઓની ગંગા સ્વરૂપ માતા અને સાસુ વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવાનો છે, જેથી આ તમામ દીકરીઓના લગ્નજીવનને વધુ મજબૂત બનાવી શકાય.ડો. ફારુક પટેલ, ચેરમેન-એમડી, કે.પી. ગ્રુપ અને પી.પી. સવાણી ગ્રુપના મહેશભાઈ સવાણીએ સાથે મળીને ધર્મના ભેદભાવ વગર સમાજમાં હિન્દુ-મુસ્લિમ ભાઈ-ભાઈની લાગણી દર્શાવતું એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. સુરતના ડો. ફારુક પટેલ, જે કે.પી. ગ્રુપના ચેરમેન-એમડી છે, તેઓ પી.પી. સવાણી યુનિવર્સિટીમાં ડિગ્રી,ડિપ્લોમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ''ઉર્જા નૂર સ્કોલરશીપ'' (મફત ઉચ્ચ શિક્ષણ) ની સેવા પણ આપી રહ્યા છે.૧૬ જૂન, ૨૦૨૫ થી પ્રારંભ થનારી આ પવિત્ર ધાર્મિક યાત્રામાં ૩૦૦થી વધુ બહેનો પ્રયાગરાજ ત્રિવેણી સંગમ, વારાણસી, છાપૈયા અને અયોધ્યામાં પ્રભુ શ્રી રામના દર્શન કરશે. આ યાત્રા કુલ ૬ દિવસની રહેશે, જેમાં રહેવા-જમવા સહિતની તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. યાત્રિકોને ઉધના સ્ટેશનથી ટ્રેનમાં સ્લીપર કોચમાં કંકુ તિલક કરી ખુશ-ખુશાલ રવાના કરવામાં આવશે.આ અનોખી પહેલ સમાજમાં સૌહાર્દ અને ભાઈચારાનો ઉત્તમ સંદેશ આપે છે.

# ક્રિસ્ટલ સ્કૂલની હેમાંશી રાયચુરાએ આત્મવિશ્વાસથી મેળવ્યું બોર્ડમાં ટોપ સ્થાન

**અબતક, રાજકોટ**

માર્ચ ૨૦૨૫ માં લેવાયેલી બોર્ડની પરીક્ષાના પરિણામો આવતા જ સ્કૂલના વિદ્યાર્થીઓ સાયન્સ - કોમર્સ અને એસએસસી ત્રણેય ફોર્મેટમાં બોર્ડ ટોપમાં આવ્યા હતા. આ જ શાળામાં અભ્યાસ કરતી રાયચુરા હેમાંશીને ૬૦૦ માંથી ૫૭૪ માર્કસ મેળવી ૯૯.૫૫ ૭છ પ્રાપ્ત કર્યા હતા.

તેમની સિધ્ધીનો આનંદ સહુને હતો. પરંતુ હેમાંશીને લાગ્યું કે તેને અંગ્રેજી વિષયમાં માર્ક્સ ઓછા આવેલા છે. શાળા કક્ષાએ લેવાયેલ અનેક પરીક્ષાના પરિણામ અને શિક્ષકોને તેની મહેનત પરનો વિશ્વાસે તે વાતને સમર્થન આપ્યો હતો.

તેથી બોર્ડ પેપર ખોલાવવાનું નક્કી કર્યું અને અંગ્રેજીમાં ૮૬ માર્કસનાં બદલે ૯૬ માર્કસ નીકળતા તેનો કુલ ટોટલ ૫૮૪ થયો અને બોર્ડ ટોપમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. હેમાંશીનો આત્મવિશ્વાસ અને શિક્ષકોને તેણીની મહેનતમાં વિશ્વાસે પરિણામ બદલ્યું અને તેના પરિવાર પર અભિનંદનની વર્ષા થઈ.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા કાલે મેગા રક્તદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા શેર એન્ડ કેર ના સંયુક્ત ઉપક્રમે કાલે બાલાજી હનુમાન ખાતે સાંજે ૫ થી ૮ મેગરક્તદાન કેમ્પનું આ આયોજન કરેલ છે. મોટી સંખ્યામાં મેગા રક્તદાન કેમ્પમાં સર્વને જોડાવા અપીલ કરવામાં આવે છે. ઉપરાંત અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન ના સંકલ્પ પત્રો ભરવામાં આવશે ચેરમેન, ઉમેશ મહેતા - ૯૪૨૮૫૦૬૦૧૧ સંપર્ક કરવા જણાવેલ છે

# ક્ષત્રિય યુવક સંઘના સંઘ સંરક્ષક ભગવાનસિંહનું નિધનઃ કાલે શ્રદ્ધાંજલી સભા

## 'અબતક' સાથેની મુલાકાતમાં ક્ષત્રિય સમાજના આગેવાનોએ સમગ્ર માહિતી આપી


તસ્વીરઃ કરન વાડોલીયા

**અબતક,રાજકોટ**

ક્ષત્રિય યુવક સંઘની સ્થાપના જયપુર ખાતે તારીખ ૨૨/૧૨/૧૯૪૬ ના રોજ સંઘના સ્થાપક પ્રમુખ બાડમેરના મેયર ધારાસભ્ય ભુતપૂર્વ સાંસદ તથા લેખક અને ચિંતક તનસિંહજી દ્વારા કરવામાં આવી હતી અબતક સાથેની મુલાકાતમા દેવતસિંહજી ચાંદલી મહામંત્રી કચ્છ કાઠીયાવાડ ગુજરાતી ગરાસીયા એસો. દેવેન્દ્રસિંહજી સોળીયા, ક્રિપાલસિંહ, શકિતતસિંહજી વરિષ્ઠ સ્વયમ સેવક અને દેશના સર્વોતમ વકતા ભગવાનસિંહજીના નેતૃત્વમાં સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સમગ્ર ગુજરાતમાં સર્વોતમ કામગીરી થઈ છે. સઘના ચોથા અને સને ૧૯૮૯થી સંઘ પ્રમુખ તરીકે કાર્યરત અને આ સંઘના વર્તમાન સુકાની ભગવાનસિંહજી રોલસાહબસરએ તારીખ ૫/૬/૨૦૨૫ ગુરુવારના રોજ મોડી રાત્રીએ એસએમએસ હોસ્પિટલ જયપુર ખાતે અંતિમ શ્વાસ લીધા હતા ત્યારબાદ હોસ્પિટલ ઓથોરીટીએ તેમના નિધનની વિધિવત જાહેરાત તારીખ ૬/૬/૨૦૨૫ના રોજ કરતાં આ સમાચાર પ્રસારિત થતા સમગ્ર સમાજમાં આઘાતનું શોકમય વાતાવરણ સર્જાયેલ છે. સદગત ભગવાનસિંહજીના અંતિમ દર્શન માટે તેમના પાર્થિવ દેહને સંઘશક્તિ ભવન જયપુર ખાતે લાવવામાં આવતા તેમના અંતિમ દર્શન અર્થે પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે કેન્દ્રીય કેબિનેટ મંત્રી ગજેન્દ્રસિંહજી શેખાવત ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડજી સાંસદ રાવ રાજેન્દ્રસિંહજી બીજેપી પ્રદેશ ઉપઅધ્યક્ષ રઘુવીરસિંહજી તેવર બીજેપી પ્રદેશ મહામંત્રી શ્રવણસિંહજી બગડી મંજુજી શર્મા પૂર્વ વિધાયક રામલાલ શર્મા મનીષા પવાર વિધાયકની ગોપાલ શર્મા છગનસિંહજી રાજપુરોહિત , વીરેન્દ્રસિંહજી કાનાવત રામસહાય વર્મા પુશારામ ગોદરા, ગીતા બરખડ, જશવંતસિંહજી બિશનોઈએ ઉપસ્થિત રહી શ્રદ્ધાસુમન અર્પણ કરેલ હતા આ ઉપરાંત સામાજિક આગેવાનઓ રાજકીય નેતાઓ સરકારી અમલદાર અને સંઘના કાર્યકર સહિત વિશાળ સંખ્યામાં આમજનતાની ભારે ભીડ એકત્ર થઈ હતી અને અંતિમ પ્રણામ કરી અશ્રુભીની શ્રદ્ધાજલી અર્પણ કરી હતી. ત્યારે રાજકોટ ખાતે આવતીકાલે સાંજના ૪ થી ૬ કલાક હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય રજપૂત પરા ૫ રાજકોટ ખાતે શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવશે.

# વિશ્વ શાંતિ અને કલ્યાણ હેતુ માઁ બગલામુખી પીતાંબરા માતાજીનો રવિવારે યજ્ઞ

**અબ તક રાજકોટ**

પીતાંબરા પીઠ શોધ સંસ્થાન અને પીતાંબરા પરિવાર રાજકોટ દ્વારા વિશ્વ શાંતિ, વિશ્વ કલ્યાણ તેમજ સૌના પરિવારમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સમાજમાં ધર્મ ભક્તિ વધે તેવા શુભ હેતુથી દર મહિને નિઃશુલ્ક માઁ બગલામુખી પીતાંબરા માતાજીનો યજ્ઞ યોજવામાં આવે છે.આ મહિનાનો પવિત્ર યજ્ઞ તા. ૧૫ જૂન, ૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યે આયોજિત કરવામાં આવ્યો છે. આ યજ્ઞ તેજસભાઈ ટાંકના નિવાસસ્થાને ''મઢૂલી'', શેરી નં. ૬, જલારામ પ્લોટ-૨, ઈન્દિરા સર્કલ પાસે, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે યોજાશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકારત્વ ભવનમાં એમ.જે.એમ.સી.માં પ્રવેશ પ્રક્રિયા શરૂ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકારત્વ ભવન ખાતે એમ.જે.એમ.સી.ના ૧ વર્ષના અને ૨ વર્ષના અભ્યાસક્રમોમાં પ્રવેશની કાર્યવાહી ચાલુ છે. કોઈપણ વિષયમાં સ્નાતક (ગ્રેજ્યુએટ) થયેલા વિદ્યાર્થીઓ સીધા બે વર્ષના માસ્ટર કોર્ષમાં પ્રવેશને પાત્ર છે અને જે જૂના વિદ્યાર્થીઓએ પી.જી.ડી.એમ.સી.નો અથવા પત્રકારત્વનો કોઈપણ એક વર્ષનો અભ્યાસક્રમ પાસ કર્યો હોય તેમના માટે ૧ વર્ષમાં માસ્ટર કોર્સ કરવાની આ છેલ્લી તક છે. એક વર્ષનો એમ.જે.એમ.સીનો અભ્યાસક્રમ માત્ર એક જ વર્ષ માટે ચાલુ રહેશે.

પત્રકારત્વ ભવનમાં પાયાના સિધ્ધાંતોથી લઈને તમામ સઘળા પાસાઓની અનુભવી અને ઉત્સાહી અધ્યાપકો તથા ફિલ્ડના નિષ્ણાતો પાસેથી અદ્યતન સાધન સામગ્રી સાથે પ્રેક્ટીકલ અને થિયોરેટીકલ જ્ઞાન આપવામાં આવે છે. સમાજસેવા તથા દેશસેવાની ઉદાત્તભાવના સાથે સંકળાયેલા આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ GCAS (gcas.gujgov.edu.in)માં અરજી કરીને પ્રવેશ મેળવવાનો રહેશે. આ અંગેનું માર્ગદર્શન મેળવવા પત્રકારત્વ ભવનનો ફોન નં.૦૨૮૧-૨૫૮૬૪૧૮ અથવા રૂબરૂ સંપર્ક કરવા જણાવાયું છે. પત્રકારત્વમાં કારકિર્દીની તકોમાંની અખબાર અને સામયિકોમાં રિપોર્ટર, કટાર લેખક, વાર્તાલેખક, રેડિયોમાં પત્રકાર, ન્યુઝ રીડર, કાર્યક્રમ નિર્માતા તરીકે, ટીવીમાં રીપોર્ટર, ન્યુઝ રીડર, કાર્યક્રમ નિર્માતા કે સંચાલક તરીકે, વેબ રીપોર્ટર, સિનેમામાં દિગ્દર્શક, કલાકાર કે અન્ય વિવિધ વિભાગોમાં, રાજ્ય સરકારના માહિતી ખાતામાં જોડાવાની તક મળી રહેશે.

# સરગમ કલબ દ્વારા ઈવનિંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે મંગળવારથી સંગીત સંધ્યાનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા .૧૭/૦૬/૨૫ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે બંસરી ઈવેન્ટ દ્વારા સંગીત સંધ્યા, તા.૧૮/૦૬/૨૫ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે'' રીધમ મ્યુઝીકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યા, તા .૧૯/૦૬/૨૫ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે'' એચ.કે.એન્ટર ટેઇનમેન્ટસ દ્વારા એક સંગીત, તા. ૨૦/૦૬/૨૫ ને શુક્રવાર નાં રોજ એ.વી. મ્યુઝીકલ ગ્રુપ'' દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યા, તા. ૨૧/૦૬/૨૫ ને શનિવાર નાં'' એ.ડી. એકેડમી દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યા અને તા. ૨૨/૦૬/૨૫ ને રવિવાર નાં રોજ રંડટાઈટન બ્રિસ્ટ દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.

જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈ કાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે .તેના વગર પ્રવેશ નહિ મળે તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, કિશોરભાઇ ગોવિંદભાઈ, જ્યોતિબેન સુધીરભાઈ શાહ, હિરેનભાઈ રાવલ, અસગર અલી ઈસ્માઈઅલી, અલ્પેશભાઈ ડોડીયા, રમેશભાઈ મારુ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે .

# યોગ શરીર, મન અને આત્માને એકાકૃત કરે છેઃ આચાર્ય લોકેશજી

## હરીયાણા આરોગ્ય વિભાગના અધિકારીઓ માટે યોગ શિબિર યોજાઈ




**અબતક,રાજકોટ**

રાષ્ટ્રીય આરોગ્ય મિશન અંતર્ગત હરિયાણા આરોગ્ય વિભાગના અધિકારીઓ માટે યોગ શિબિરનું આયોજન વિશ્વ શાંતિ કેન્દ્ર, ગુરુગ્રામ ખાતે જૈન આચાર્ય લોકેશજીના સાન્નિધ્ય અને યોગ આચાર્ય કરણજીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

હરિયાણા આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત યોગ અને ધ્યાન શિબિરને સંબોધતાં આચાર્ય લોકેશજી એ કહ્યું કે યોગ અને ધ્યાન દ્વારા શારીરિક, માનસિક અને ભાવનાત્મક સંતુલન સાધવું શક્ય છે. યોગ શરીર, મન અને આત્માને એકતૃત કરે છે તેમજ કુદરત સાથે સંમન્વય સ્થાપે છે. યોગમાં શ્વાસસાધન, ધ્યાન અને વિવિધ આસનો શામેલ હોય છે, જે કુદરતી તત્વો સાથે સંતુલન બાંધવામાં મદદરૂપ થાય છે. માનવ, કુદરત અને જીવો પરસ્પર પર આધાર રાખે છે, એટલે અંદર અને બહારનું સંતુલન જાળવીને કુદરતી સંતુલન જાળવવું આપણું ફરજ છે.

વિશ્વ શાંતિદૂત આચાર્ય લોકેશજી એ જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી તરીકે ૧૪ જૂનના રોજ વિશ્વ શાંતિ કેન્દ્રમાં અહિંસા વિશ્વ ભારત સંસ્થા, આયુષ મંત્રાલય અને કેન્દ્રીય યોગ અને પ્રાકૃતિક ચિકિત્સા સંશોધન પરિષદ ના સહયોગથી વિશેષ યોગ શિબિરનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ડો. અલ્કા સિંહ (સી.એમ.ઓ.), ડો. પ્રિયા શર્મા (ડેપ્યુટી સી.એમ.ઓ.), ડો. નીલિમા (ડેપ્યુટી સી.એમ.ઓ.) અને ડો. રશ્મીએ પોતાના વિચારો રજૂ કર્યા.

યોગ શિબિરને સફળ બનાવવા માટે વિનીતકુમાર, દયારામ તથા વિશ્વ શાંતિ કેન્દ્રના તમામ કાર્યકરો દ્વારા પૂરતું સહયોગ આપવામાં આવ્યો.

# પ્લેન ક્રેશની ગોઝારી દુર્ઘટનાના પગલે શહેર કોંગ્રેસના તમામ કાર્યક્રમો સપ્તાહ સુધી સ્થગિત

## પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની રાજકોટને કાયમી ખોટ વર્તાશેઃઅતુલ રાજાણી

**અબતક રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગઈકાલે બનેલી ગુજરાત આખા માટે કાયમી કલંકિત અને ગોઝારી દુર્ઘટના માં મૃત્યુ પામેલા દરેક યાત્રીઓ અને મેડિકલ ના છાત્રો અને તબીબો ના પરિવારો માટે ક્યારેય પુરી નો શકાય એવી ખોટ પડી છે.દરેક પરિવારો એ ગુમાવેલા સ્વજનો ના દુઃખ માં રાજકોટ શહેર કોંગ્રેસ સહભાગી છે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી અને દરેક હતભાગીના કરુણ મૃત્યુ ના આઘાત માં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ એક સપ્તાહ માટે તમામ રાજકીય કાર્યક્રમો રદ કર્યા છે.

રાજકોટના વિકાસમાં વિજયભાઈ રૂપાણી નું યોગદાન ક્યારે નહીં ભૂલી શકાય પૂર્વ મુખ્યમંત્રીના નિધનને પગલે વિપક્ષે શોક ઠરાવ પસાર કર્યો એક વીક માટે કોઈ કાર્યક્રમ નહીં યોજે વિજયભાઈ રૂપાણીની અણધારી વિદાય ક્યારેય ભૂલી શકાય તેમ નથી તેમ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું .રાજકોટના વિકાસમાં વિજયભાઈ રૂપાણી નું યોગદાન મહત્વનું છે અને તે ક્યારેય ભૂલી શકાય તેમ નથી. સરળ, સહૃદય અને નિખાલસ સ્વભાવના કોમનમેન વિજયભાઈ અવેલેબલ, ઈઝીલી એપ્રોચેબલ નું સૂત્ર ખરા અર્થમાં સાર્થક કર્યુ હતું. ચીફ મિનિસ્ટર નહીં પરંતુ સીએમ એટલે કોમન મેન જેવું જ જીવન વિજયભાઈ જીવતા હતા કોઈ પણ વ્યક્તિ ગમે ત્યારે તેમને મળી શકતા હતા વિજયભાઈ રૂપાણીના નિધન થી રાજકોટ ગુજરાતની સમગ્ર જનતાએ જાહેર જીવન અને દેશને એક લોકનેતાની ખોટ પડી છે. રાજકોટના મેયર તરીકે તેમજ મહાનગરપાલિકાના અણ ઉકેલ પ્રશ્નોથી પુરા વાકેફ વિજયભાઈ ની ખોટ રાજકોટ ને કાયમ રહેશે. વિજય ભાઈ એઈમ્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ, નવુ બસ પોર્ટ, નવી જીઆઈડીસી, અટલ સરોવર સહિતના અનેક વિકાસ કાર્યોમાં વિજયભાઈ નો સિંહ ફાળો રહ્યો છે. વિપક્ષને અને વિપક્ષ સભ્યોને પણ માન સન્માન આપતા હતા અને મજબૂત લોકશાહી માટે વિપક્ષ જરૂરી છે તેવું હંમેશાં કહેતા હતા.

# સુજોક થેરાપી થકી કફથી માંડીને કેન્સર સુધીના રોગોની સારવાર



**અબતક ,રાજકોટ**

રાજકોટ ખાતે વૈકલ્પિક ચિકિત્સા પધ્ધતિમાં લોકપ્રિય એવી સુજોક થેરાપીની માતૃસંસ્થામાં ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશન દ્વારા ગત તારીખ ૮ ને રવિવારના રોજ સુજોક થેરાપીની રાજયકક્ષાની પરિષદ યોજવામાં આવી હતી. જેમાં રાજકોટના સાંસદ પુરૂષોત્તમભાઈ રૂપાલા ઉપસ્થિત રહ્યા હતા.

સુજોક થેરપી માતૃસંસ્થામાં ફક્ત હાથના પંજામાં જ જીમ્મી, નિકલ, કલર, મેગ્નેટ, અનાજના દાણા, મોક્ષા વગેરે દ્વારા કફથી માંડીને કેન્સર સુધીના રોગોમાં સારવાર આપવામાં આવે છે, જે માનસિક અને ભાવનાત્મક રોગો માટે પણ ઉપયોગી છે. આ સમગ્ર કાર્યકમમાં સમગ્ર ગુજરાતમાંથી ૭૦ થી વધુ સુજોકના નિષ્ણાતોએ ભાગ લીધો હતો.

આ સાથે, પરમ પૂજ્ય સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી (આર્ષ વિદ્યામંદિર) એ આશિર્વચન પાઠવ્યા હતા, આંખના સર્જન ડો. નિખિલેશ બદિયાણી (પીડીયુ કોલેજ) એ આંખના રોગો, કારણો, તેમજ સારવાર વિષે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુજોક એક્યુપંક્ચરના નિષ્ણાત અને સંસ્થાના અધિકૃત લેક્ચરર તપન પંડયાએ કર્યું હતું.

## ''રક્ત આપો, આશા આપોઃ મળીને જીવન બચાવીએ''

# કાલે રક્તદાન દિવસ : લાઈફ બ્લડ સેન્ટરની રક્તદાન માટે વિશેષ અપીલ



**અબતક, રાજકોટ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪ જૂન વિશ્વ રક્તદાતા દિવસની રાજકોટમાં ઉત્સાહભેર ઉજવણી થવા જઈ રહી છે. જેનો હેતુ સ્વૈચ્છિક રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવી અને રક્તદાતાઓના જીવનદાથી યોગદાનને માન્યતા આપવાનો છે. આ વર્ષની થીમ ''રક્ત આપો. આશા આપોઃ મળીને જીવન બચાવીએ'' જે સ્વચ્છ અને સલામત રક્તના મહત્વ પર ભાર આપે છે - કારણકે જીવન બચાવવાની એકમાત્ર વિકલ્પ સમયસર મળતું શુદ્ધ રક્ત છે. રાજકોટ સહિત સમગ્ર દેશમાં તીવ્ર ઉકળાટને કારણે રક્તદાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને રક્તની અછત સર્જાઈ છે. એવું છતાં આજના વૈજ્ઞાનિક યુગમાં પણ લોહીનો કોઈ વિકલ્પ નથી. માત્ર માનવજાત જ માનવજાતને લોહી આપી શકે છે. થેલેસેમિયા, કેન્સર, સર્જરી કે અકસ્માત પીડિતોને સમયસર લોહી મળવું જીવનરક્ષક બની રહે છે.

રાજકોટનું ''લાઈફ બ્લડ સેન્ટર'' છેલ્લા ૪૭ વર્ષથી ગુણવત્તાયુક્ત રક્તદાન સેવાઓમાં અગ્રેસર છે. NABH માન્યતા પ્રાપ્ત આ સંસ્થાએ અત્યાર સુધીમાં ૭.૫ લાખથી વધુ યુનિટ રક્ત આપી. ૫૮૦૦થી વધુ કેમ્પ આયોજિત કર્યા છે અને ૭ લાખથી વધુ થેલેસેમિયા પરીક્ષણ કર્યા છે. વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે લાઈફ બ્લડ સેન્ટર તરફથી ૧૪મી જૂને સવારે ૮:૦૦ થી રાત્રિ ૯:૦૦ સુધી રક્તદાન માટે વિશેષ અપીલ કરવામાં આવી છે.

# પ્લેન ક્રેશ કરૂણાંતીકાએ ફરી એકવાર બોઈંગ વિમાનોની સલામતી પર પ્રશ્ન ઉભા કર્યા

## અગાવ ડ્રીમલાઈનર અને ૭૩૭ મેક્સ જેવા મોડેલોમાં ઘણી ટેકનિકલ ખામીઓ અને મોટા અકસ્માતો જોવા મળ્યા છે, જેમાં હજારો લોકોના જીવ ગયા



**અબતક, અમદાવાદ**

અમદાવાદમાં તાજેતરમાં થયેલા અકસ્માતે ફરી એકવાર બોઈંગ કંપનીના વિમાનોની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૧૭૧ ટેકઓફ થયાના થોડા સેકન્ડ પછી જ ક્રેશ થઈ ગઈ. આ વિમાન બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર હતું. આ ફ્લાઈટમાં ૨૪૨ મુસાફરો સવાર હતા, જેમાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો પણ સમાવેશ થાય છે. બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનરને અત્યાધુનિક ટેકનોલોજી, લાંબા અંતરની ઉડાન અને મુસાફરોને વધુ આરામ આપતી એરક્રાફ્ટ તરીકે રજૂ કરવામાં આવ્યું હતું.

પરંતુ તેના રેકોર્ડ કંઈક અલગ જ વાર્તા કહે છે. આ વર્ષની શરૂઆતમાં, નોંધણી નંબર ''એન૮૧૯એએન'' ધરાવતું ડ્રીમલાઈનર એરક્રાફ્ટ ટેકનિકલ ખામીઓને કારણે વારંવાર ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું હતું. માત્ર ૨૫ દિવસમાં, તેમાં હાઈડ્રોલિક લિકેજ અને ફ્લેપ ફેઈલર જેવી ગંભીર સમસ્યાઓ જોવા મળી હતી, જેના કારણે ઘણી ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. બોઈંગ વિમાનોનો આ પહેલો કિસ્સો નથી. ૨૦૨૪ માં, બોઈંગનું ૭૩૭-૮૦૦ વિમાન દક્ષિણ કોરિયામાં ક્રેશ થયું હતું, જેમાં લગભગ ૧૮૦ લોકો માર્યા ગયા હતા. આ વિમાન ૭૩૭ મેક્સનું અદ્યતન સંસ્કરણ હતું. આ ઉપરાંત, ૨૦૧૮ અને ૨૦૧૯ માં બે મોટા અકસ્માતો - લાયન એર ફ્લાઈટ ૬૧૦ અને ઈથોપિયન એરલાઈન્સ ફ્લાઈટ ૩૦૨ - એ આખી દુનિયાને હચમચાવી દીધી હતી. આ અકસ્માતોમાં અનુક્રમે ૧૮૯ અને ૧૫૭ લોકોના મોત થયા હતા, ત્યારબાદ બોઈંગ ૭૩૭ મેક્સ લાંબા સમય સુધી ગ્રાઉન્ડેડ રહ્યું હતું અને કંપનીને લગભગ ૩૦ અબજ ડોલરનું નુકસાન થયું હતું. ૨૦૨૩ માં પણ ૭૩૭ મેક્સ વિમાનનો ડોર પ્લગ ઉડાન દરમિયાન ઉડી ગયો હતો. આવી ઘટનાઓ દર્શાવે છે કે બોઈંગ વિમાનમાં હજુ પણ સતત ટેકનિકલ ખામીઓ નોંધાઈ રહી છે. સરકારી માહિતી અનુસાર, બોઈંગ વિમાનો અત્યાર સુધીમાં વિશ્વભરમાં લગભગ ૬,૦૦૦ અકસ્માતો અને ઘટનાઓમાં સામેલ થયા છે. આમાંથી ૪૧૫ ઘટનાઓ જીવલેણ હતી અને ૯,૦૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. આજે પણ, વિશ્વભરમાં ઉડતા હજારો વિમાનોમાંથી ઓછામાં ઓછા ૪,૦૦૦ બોઈંગ ૭૩૭-૮૦૦ મોડેલના છે. ન્યૂ યોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, એશિયા, યુરોપ અને ઉત્તર અમેરિકામાં તેનો સૌથી વધુ ઉપયોગ થાય છે. બોઈંગના ભૂતપૂર્વ એન્જિનિયર અને વ્હિસલબ્લોઅર સેમ સાલેહપોરે ન્યૂ યોર્ક ટાઈમ્સ અને સીએનએન સાથેની મુલાકાતોમાં દાવો કર્યો હતો કે કંપનીએ ૭૭૭ અને ૭૮૭ મોડેલના નિર્માણ દરમિયાન સલામતીના નિયમોને અવગણીને ટૂંકા ગાળાનો રસ્તો અપનાવ્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે ''જેમ જેમ આ વિમાનો જૂના થશે તેમ તેમ અકસ્માતોની શક્યતા વધશે.''

### ચોકરનું લેબલ હટાવી આફ્રિકા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ મેળવશે?

# ઓસ્ટ્રેલિયાની પ્રથમ ઈનિંગની ૭૪ રનની લીડ જ નિર્ણાયક સાબિત થશે

## દક્ષિણ આફ્રિકાએ બોલિંગમાં ગર્જના કરી પરંતુ જ્યારે બેટિંગ કરવાનો વારો આવ્યો ત્યારે સંઘર્ષ કરતા જોવા મળ્યા: પીચનો મિજાજ ધીમો થતા આફ્રીકાના બેટ્સમેનો બીજી ઈનિંગમાં ધીર ગંભીર રીતે રમશે તો ફાયદો થશે



**અબતક, નવી દિલ્હી**

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ફાઈનલના બીજા દિવસે રમતના અંતે ઓસ્ટ્રેલિયાએ ૮ વિકેટ ગુમાવીને ૧૪૪ રન બનાવ્યા છે. મેચના હાલ જોતા તો લાગે છે કે ઓસ્ટ્રેલિયા બીજી વખત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન જીતે તેવા સંજોગો ઉભા થયા છે. લોર્ડ્સ ખાતે ઓસ્ટ્રેલિયાનો પ્રથમ ઈનિંગનો ૨૧૨ રનનો સ્કોર પણ મોટો સાબિત થઈ શકે તેમ છે. દક્ષિણ આફ્રિકા બોલિંગમાં ગર્જના કરતું હતું, પરંતુ જ્યારે બેટિંગ કરવાનો વારો આવ્યો ત્યારે તેઓ પણ સંઘર્ષ કરી રહ્યા હતા અને ૧૩૮ રનમાં ઓલઆઉટ થઈ ગયા. ઓસ્ટ્રેલિયાની ૭૪ રનની લીડ જ મેચમાં નિર્ણાયક સાબિત થશે. મેચના પ્રથમ દિવસે પણ ૧૪ વિકેટ પડી હતી અને બીજા દિવસે પણ ૧૪ વિકેટ પડી હતી. આજે હવે ઓસ્ટ્રેલિયાને આઉટ કરી આફ્રિકા જો આજે પોઝિટિવ રમશે તો ચોકરનું લેબલ હટાવી આફ્રિકા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ મેળવશે? કેમ કે પીચનો મિજાજ ધીમો થતો જાય છે જે આફ્રિકાના બેટરોને ફાયદો અપાવી શકે તેમ છે.

ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી WTC ફાઈનલના બીજા દિવસે દક્ષિણ આફ્રિકાને ૧૩૮ રનમાં ઓલઆઉટ કર્યા બાદ, ઓસ્ટ્રેલિયાએ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલના બીજા દિવસે બીજા દાવમાં આઠ વિકેટે ૧૪૪ રન બનાવીને કુલ ૨૧૮ રનની લીડ મેળવી લીધી છે. દક્ષિણ આફ્રિકા માટે અહીંથી આગળ વધવું થોડું મુશ્કેલ બની રહ્યું છે.પેટ કમિન્સ (૨૮ રનમાં છ વિકેટ)ની તોફાની બોલિંગ સામે, દક્ષિણ આફ્રિકા ૫૭.૧ ઓવરમાં માત્ર ૧૩૮ રનમાં ઓલઆઉટ થઈ ગયું, જેના કારણે પ્રથમ ઈનિંગમાં ૨૧૨ રન બનાવનાર ઓસ્ટ્રેલિયાને ૭૪ રનની લીડ મળી હતી. મિશેલ સ્ટાર્કે પણ ૪૧ રનમાં બે વિકેટ લીધી હતી. ડેવિડ બેડિંગહામ ટીમનો ટોપ સ્કોરર રહ્યો અને તેણે ૧૧૧ બોલમાં છ ચોગ્ગાની મદદથી ૪૫ રન બનાવ્યા છે. કેપ્ટન ટેમ્બા બાવુમાએ ૩૬ રનની ઈનિંગ રમી છે. (ICC)

ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી WTC ફાઈનલના બીજા દિવસે દક્ષિણ આફ્રિકાને ૧૩૮ રનમાં ઓલઆઉટ કર્યા બાદ, ઓસ્ટ્રેલિયાએ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલના બીજા દિવસે બીજા દાવમાં આઠ વિકેટે ૧૪૪ રન બનાવીને કુલ ૨૧૮ રનની લીડ મેળવી લીધી છે. દક્ષિણ આફ્રિકા માટે અહીંથી આગળ વધવું થોડું મુશ્કેલ બની રહ્યું છે.પેટ કમિન્સ (૨૮ રનમાં છ વિકેટ)ની તોફાની બોલિંગ સામે, દક્ષિણ આફ્રિકા ૫૭.૧ ઓવરમાં માત્ર ૧૩૮ રનમાં ઓલઆઉટ થઈ ગયું, જેના કારણે પ્રથમ ઈનિંગમાં ૨૧૨ રન બનાવનાર ઓસ્ટ્રેલિયાને ૭૪ રનની લીડ મળી હતી. મિશેલ સ્ટાર્કે પણ ૪૧ રનમાં બે વિકેટ લીધી હતી. ડેવિડ બેડિંગહામ ટીમનો ટોપ સ્કોરર રહ્યો અને તેણે ૧૧૧ બોલમાં છ ચોગ્ગાની મદદથી ૪૫ રન બનાવ્યા છે. કેપ્ટન ટેમ્બા બાવુમાએ ૩૬ રનની ઈનિંગ રમી છે.

ઓસ્ટ્રેલિયાએ બીજી ઈનિંગમાં લુંગી ન્ગીડી (૩૫ રનમાં ત્રણ વિકેટ) અને કાગીસો રબાડા (૪૪ રનમાં ત્રણ વિકેટ) ની શાનદાર બોલિંગ સામે ૭૩ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ એલેક્સ કેરી (૪૩ રન, ૫૦ બોલ, પાંચ ચોગ્ગા) અને સ્ટાર્ક (અણનમ ૧૬) એ આઠમી વિકેટ માટે ૬૧ રનની ભાગીદારી કરી ટીમની કુલ લીડ ૨૦૦ રનથી વધુ કરી દીધી. દિવસના રમતના અંતે, નાથન લિયોન એક રન બનાવીને સ્ટાર્કને ટેકો આપી રહ્યો હતો.

ઓસ્ટ્રેલિયાની શરૂઆત ખરાબ રહી. ઓપનર ઉસ્માન ખ્વાજા (૦૬) ને રબાડાની બોલ પર વિકેટકીપર કાયલ વેરેઈન દ્વારા કેચ આઉટ કરવામાં આવ્યો જ્યારે કેમેરોન ગ્રીન (૦૦)ને તે જ ફાસ્ટ બોલર બોલ પર વિઆન મુલ્ડર દ્વારા કેચ આઉટ કરવામાં આવ્યો. ટેસ્ટ ટીમમાં પોતાનું સ્થાન બચાવવા માટે પડકાર ફેંકી રહેલા માર્નસ લાબુશેન (૨૨) ફરી એકવાર નિષ્ફળ ગયા અને માર્કો જેનસનના બોલ પર વર્ને કેચ આઉટ થયા. આ મેચમાં પહેલી વાર લાબુશેન ઈનિંગની શરૂઆત કરી રહ્યો હતો. પહેલી ઈનિંગમાં અડધી સદી ફટકારનાર સ્ટીવ સ્મિથ (૧૩) પણ લુંગી એનગિડીના બોલ પર એલબીડબલ્યુ આઉટ થયો.

પહેલી ઈનિંગમાં અડધી સદી ફટકારનાર બીજા બેટ્સમેન બ્યુ વેબસ્ટર (૦૯) એ એનગિડીની બોલ પર ફોર ફટકારી પરંતુ બીજા જ બોલ પર એલબીડબલ્યુ આઉટ થયો, જેના કારણે ઓસ્ટ્રેલિયાનો સ્કોર પાંચ વિકેટે ૬૪ રન પર પહોંચી ગયો. આગામી ઓવરમાં, વિઆન મુલ્ડરે ટ્રેવિસ હેડ (૦૯)ને બોલ્ડ કર્યો જ્યારે એનગિડીએ કમિન્સ (૦૬)ના સ્ટમ્પને ઉખેડી નાખ્યા હતા.ત્યારબાદ કેરી અને સ્ટાર્કે ઈનિંગની જવાબદારી સંભાળી. સ્ટાર્કે ૩૪મી ઓવરમાં જેનસનના બોલ પર ૨ન બનાવીને ટીમની સદી પૂર્ણ કરી. સ્ટાર્ક ૧૨ રનના સ્કોર પર નસીબદાર હતો જ્યારે વેરેને રબાડાના બોલ પર તેનો કેચ છોડી દીધો.

# વિરાટ કોહલીના સન્યાસથી હજુ પણ વ્યથિત છે રવિ શાસ્ત્રી

**અબતક, રાજકોટ**

રોહિત શર્મા અને વિરાટ કોહલીની ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ બાદ ભારતીય ટીમ શુભમન ગિલની આગેવાની હેઠળ ઈંગ્લેન્ડ પહોંચી છે. ૨૦ જૂનથી પ્રથમ ટેસ્ટ શરૂ થશે. એવામાં ભારતના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ વિરાટ કોહલીના ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની રીત અંગે નિરાશા વ્યક્ત કરી છે.

આ અંગે રવિ શાસ્ત્રીએ કહ્યું કે, ''જ્યારે તમે જશો, ત્યારે જ લોકોને અહેસાસ થશે કે તમે કેટલા મોટા ખેલાડી હતા. મને દુઃખ છે કે તેણે નિવૃત્તિ લીધી, તે જે રીતે ગયો. મને લાગે છે કે તેને વધુ સારી રીતે સંભાળી શકાયો હોત. વધુ વાત થવી જોઈતી હતી. જો મારો આમાં કોઈ હાથ હોત તો હું ઓસ્ટ્રેલિયા પ્રવાસ પછી તરત જ તેને કેપ્ટન બનાવી દેત.'

વિરાટ કોહલીએ ૧૨ મેના રોજ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લીધો, જે સૌ કોઈ માટે આશ્ચર્યજનક હતું. તેણે IPL ૨૦૨૫ની વચ્ચે સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરી અને પોતાના નિર્ણયની જાહેરાત કરી હતી.

કોહલીનો સંન્યાસ રોહિત શર્માના ટેસ્ટ કારકિર્દીને અલવિદા કહ્યાના થોડા દિવસો પછી આવ્યો. રોહિતનો સંન્યાસ લગભગ નિશ્ચિત હતો, પરંતુ કોહલીનું તેની મનપસંદ ફોર્મેટમાંથી દૂર થવું ફેન્સને આશ્ચર્યચકિત કરી ગયું.કોહલીએ પોતાની ટેસ્ટ કારકિર્દીનો અંત ૧૩૦ મેચોમાં ૯૨૩૦ રન સાથે કર્યો હતો. આ ફોર્મેટમાં તેના નામે ૩૦ સદી છે. તે ૧૦,૦૦૦ રનથી વધારે દૂર નહતો, પરંતુ તેણે રેકોર્ડની પરવા કર્યા વગર રેડ બોલ ક્રિકેટને અલવિદા કહી દીધું.

# ૧૪ વર્ષના ટબુડીયા સૂર્યવંશીની તોફાની બેટિંગ: ૯૦ બોલમાં ૧૯૦ રન ફટકાર્યા


## બિહારના વૈભવ સૂર્યવંશીએ ઈંગ્લેન્ડ જતા પહેલા નેશનલ ક્રિકેટ એકેડેમી ખાતે પ્રેક્ટિસ મેચમાં ૨૦૦થી વધુની સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા

**અબતક, નવી દિલ્હી**

આઈપીએલ ૨૦૨૫માં પોતાની તોફાની બેટિંગથી ધમાલ મચાવનાર વૈભવ સૂર્યવંશીએ હવે ૯૦ બોલમાં ૧૯૦ રન બનાવ્યા છે! ૧૪ વર્ષનો વૈભવ આઈપીએલ પછી ઈંગ્લેન્ડ પ્રવાસની તૈયારી કરી રહ્યો છે. બિહારના વૈભવ સૂર્યવંશીએ ઈંગ્લેન્ડ જતા પહેલા નેશનલ ક્રિકેટ એકેડેમી ખાતે પ્રેક્ટિસ મેચ રમી હતી. મંગળવારે રમાયેલી આ મેચમાં તેણે ૨૦૦થી વધુના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા હતા. આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમનાર વૈભવ સૂર્યવંશીની ભારતની અંડર-૧૯ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. આ ટીમ ૨૪ જૂનથી ૨૩ જુલાઈ ૨૦૨૫ સુધી ઈંગ્લેન્ડના પ્રવાસ પર રહેશે. આ સમયગાળા દરમિયાન અંડર-૧૯ ભારતીય ટીમ યજમાન ઈંગ્લેન્ડ સામે પાંચ વન-ડે અને બે ચાર દિવસીય મેચ રમશે. આ ઉપરાંત, ૫૦ ઓવરની પ્રેક્ટિસ મેચ પણ રમાશે. ઈંગ્લેન્ડ પ્રવાસ પર વૈભવ સૂર્યવંશી તેના કેપ્ટન આયુષ મ્હાત્રે સાથે ઈનિંગની શરૂઆત કરતો જોવા મળશે. વૈભવ સૂર્યવંશીએ ૧૨ વર્ષની ઉંમરથી ભારતીય ક્રિકેટ જગતમાં પોતાની છબિ બનાવવાનું શરૂ કર્યું હતું. તેણે રણજી ટ્રોફીમાં સૌથી નાની ઉંમરે ડેબ્યૂ કરવાનો રેકોર્ડ પણ બનાવ્યો છે. પરંતુ જ્યારે તેણે આઈપીએલ ૨૦૨૫માં ૩૫ બોલમાં સદી ફટકારી ત્યારે આખી દુનિયાએ તેના ટેલેન્ટની પ્રશંસા કરી હતી. તેણે આ ઈનિંગ ભારતીય ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલની ટીમ ગુજરાત ટાઈટન્સ સામે રમી હતી. આઈપીએલમાં સૌથી નાની ઉંમરે સદી ફટકારવાનો આ રેકોર્ડ પણ છે. વૈભવ સૂર્યવંશીએ એનસીએ ખાતે રમાયેલી પ્રેક્ટિસ મેચમાં પણ તે જ શૈલી બતાવી હતી જેના માટે તેણે પોતાની છાપ છોડી છે. મંગળવારે રમાયેલી આ પ્રેક્ટિસ મેચમાં વૈભવે લોંગ-ઓન અને મિડવિકેટ પર લાંબા છગ્ગા ફટકાર્યા હતા. એટલું જ નહીં, તેણે એક છગ્ગો ઓવર પોઈન્ટ પણ ફટકાર્યો હતો. તેની ઈનિંગનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

# અમદાવાદ પ્લેન ક્રેશની ઘટના પર રોહિત અને કોહલીએ પોતાનું દુઃખ વ્યક્ત કર્યું





**અબતક, રાજકોટ**

અમદાવાદમાં વિમાન દુર્ઘટનાથી આખો દેશ સ્તબ્ધ છે. સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના બે મિનિટમાં જ વિમાનના ટુકડા થઈ ગયા. જે જગ્યાએ વિમાન ક્રેશ થયું ત્યાં કાળો ધુમાડો ઉડતો જોવા મળ્યો. આગ બુઝાવવા માટે ૭ ફાયર એન્જિન તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા. આ દુઃખદ અકસ્માત અંગે વિરાટ કોહલી અને રોહિત શર્માની પ્રતિક્રિયા પણ સામે આવી છે. કોહલીએ કહ્યું કે તે આ ઘટનાથી સંપૂર્ણપણે આઘાત પામ્યો છે.

વિરાટ કોહલીએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરી અને અમદાવાદમાં વિમાન દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો. તેણે લખ્યું, ''આજે અમદાવાદમાં વિમાન દુર્ઘટનાના સમાચાર સાંભળીને હું સંપૂર્ણપણે આઘાત પામ્યો છું. હું આ અકસ્માતના પીડિતો માટે પ્રાર્થના કરું છું અને તેમના પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું.''કોહલી પહેલા, રોહિતે પણ આ હૃદયદ્રાવક અકસ્માત પર શોક વ્યક્ત કર્યો હતો. તેણે લખ્યું, ''અમદાવાદથી ખૂબ જ દુઃખદ અને હૃદયદ્રાવક સમાચાર. હું આ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓ અને તેમના પરિવારો માટે પ્રાર્થના કરું છું.''

### ક્યુબા, હૈતિ, નીકારાગુઆ અને વેનેઝુઆલા

# પાંચ લાખથી વધુ ચાર દેશના લોકોને તાત્કાલિક અમેરિકા છોડવા આદેશ

## બાઈડન વહીવટીતંત્ર દ્વારા ઓક્ટોબર ૨૦૨૨ માં શરૂ કરાયેલ માનવતાવાદી પેરોલનો ટ્રમ્પે અંત લાવ્યા

**અબતક, રાજકોટ**

ગેરકાયદેસર ઈમિગ્રેટ્સને દેશ નિકાલ કર્યાની સાથે ટ્રમ્પે હવે ચાર દેશોના લોકોને તાત્કાલિક અમેરિકા છોડવા આદેશ આપ્યો છે. જેના પગલે ૫ લાખથી વધુ લોકો પર ગંભીર અસર પડશે. ગઈકાલે, યુનાઈટેડ સ્ટેટ્સના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએસ) એ જાહેરાત કરી કે ટ્રમ્પ વહીવટીતંત્રે ક્યુબા, હૈતી, નિકારાગુઆ અને વેનેઝુએલાના લાખો ઈમિગ્રન્ટ્સને જાણ કરવાનું શરૂ કર્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવા અને કામ કરવાની તેમની કામચલાઉ પરવાનગી રદ કરવામાં આવી છે, અને તેમણે તાત્કાલિક દેશ છોડી દેવો પડશે. આ નિર્ણય બાઈડન વહીવટીતંત્ર દ્વારા ઓક્ટોબર ૨૦૨૨ માં શરૂ કરાયેલ માનવતાવાદી પેરોલ કાર્યક્રમ હેઠળ યુએસમાં દાખલ થયેલા આશરે ૫,૩૨,૦૦૦ લોકોને અસર કરશે. આ કાર્યક્રમ હેઠળ તેમને નાણાકીય સ્પોન્સરશિપ સાથે યુએસમાં બે વર્ષ સુધી રહેવા અને કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

ડીએચએસએ પુષ્ટિ કરી છે કે આ નોટિસ ઈમેઈલ દ્વારા મોકલવામાં આવી રહી છે અને તેમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે તેમની કાર્ય અધિકૃતતા અને કાનૂની સ્થિતિ હવે તાત્કાલિક રીતે સમાપ્ત થઈ ગઈ છે. એજન્સીએ અસરગ્રસ્ત લોકોને સીબીપી હોમ નામની મોબાઈલ એપ્લિકેશન દ્વારા સ્વેચ્છાએ દેશ છોડી દેવા માટે પ્રોત્સાહિત કર્યા છે. જેઓ સ્વેચ્છાએ પાછા ફરશે તેમને તેમના વતન પરત ફર્યા પછી મુસાફરી ખર્ચ અને ૧,૦૦૦ ની ચુકવણીનું વચન આપવામાં આવ્યું છે. જોકે, વિભાગે પ્રસ્થાનોને કેવી રીતે ટ્રેક કરશે અથવા ચુકવણીઓનું વિતરણ કરશે તે અંગે કોઈ વિગતો આપી નથી.

આ નિર્ણય ગયા મહિને યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદાને અનુસરે છે, જેણે ટ્રમ્પ વહીવટીતંત્રને આ કાર્યક્રમને નાબૂદ કરવાની મંજૂરી આપી હતી. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ કાર્યક્રમને નાબૂદ કરવાનું વચન આપ્યું હતું અને તેને માનવતાવાદી પેરોલ સિસ્ટમના ''વ્યાપક દુરુપયોગ'' નું ઉદાહરણ ગણાવ્યું હતું. ગ્લોબલ રેફ્યુજીના પ્રમુખ ક્રિશ ઓ'મારા વિગ્નરાજાએ આ નિર્ણયને ખૂબ જ અસ્થિર ગણાવ્યો છે, તેમણે કહ્યું કે ''આ એવા લોકો છે જેમણે નિયમોનું પાલન કર્યું... તેઓએ સુરક્ષા તપાસ પાસ કરી, પોતાની મુસાફરી માટે ચૂકવણી કરી, કામ કરવાની પરવાનગી મેળવી અને પોતાનું જીવન ફરીથી બનાવવાનું શરૂ કર્યું.''

આ કાર્યક્રમ હેઠળ ૨૦૨૩ માં યુએસ આવેલી ૩૪ વર્ષીય ક્યુબન માતા ઝામોરાએ આ નિર્ણય પર ચિંતા વ્યક્ત કરી હતી. તેણીએ કહ્યું કે તેણીને ડર છે કે તેણીનું બાળક શાળામાં હોય ત્યારે તેને અટકાયતમાં લેવામાં આવશે. ''મને ક્યુબા પાછા ફરવાનો ડર છે, ત્યાં પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલ છે,'' તેણીએ ઉમેર્યું. ઝામોરા હાલમાં ક્યુબન એડજસ્ટમેન્ટ એક્ટ દ્વારા કાયમી રહેઠાણની શોધ કરી રહી છે, પરંતુ હજુ સુધી તેને મંજૂરી મળી નથી, અને તે મુશ્કેલીમાં પડ્યા વિના શાંતિથી રાહ જોવા માંગે છે.

# કરિશ્મા કપૂરના પૂર્વપતિ સંજય કપૂરનું હાર્ટએટેકથી નિધન!!

## સંજય કપૂરનું યુકેમાં પોલો રમતી વખતે ૫૩ વર્ષની ઉંમરે અવસાન



**અબતક, રાજકોટ**

બોલિવૂડ અભિનેત્રી કરિશ્મા કપૂરના ભૂતપૂર્વ પતિ અને જાણીતા ભારતીય ઉદ્યોગપતિ સંજય કપૂરનું યુનાઈટેડ કિંગડમમાં ૫૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. ઈન્ડિયા ટુડે દ્વારા ટાંકવામાં આવેલા સૂત્રો અનુસાર, સંજય કપૂરને પોલો મેચ રમતી વખતે જીવલેણ હૃદયરોગનો હુમલો આવ્યો હતો. તેઓ પોલોના પ્રખર પ્રેમી હતા અને આ રમત સાથે ઊંડો લગાવ ધરાવતા હતા. તેમના બિઝનેસ કન્સલ્ટન્ટ સુહેલ સેઠે પુષ્ટિ આપી હતી કે તેમનું મૃત્યુ હાર્ટ એટેકને કારણે થયું હતું.

સંજય કપૂરનું અંગત જીવન પણ ચર્ચામાં રહ્યું હતું. તેમણે અભિનેત્રી કરિશ્મા કપૂર સાથે લગ્ન કર્યા હતા, જેમની સાથે તેમને બે બાળકો, પુત્રી સમાયરા અને પુત્ર કિયાન છે. આ દંપતીના ખૂબ જ ચર્ચિત છૂટાછેડા ૨૦૧૬માં થયા હતા. કરિશ્મા પહેલા, સંજયે ફેશન ડિઝાઈનર નંદિતા મહતાની સાથે લગ્ન કર્યા હતા. ત્યારબાદ, તેમણે પ્રિયા સચદેવ સાથે લગ્ન કર્યા, જે અમેરિકન હોટેલિયર વિક્રમ ચટવાલની ભૂતપૂર્વ પત્ની છે.તેમના ઉચ્ચ પ્રોફાઈલ અંગત જીવન ઉપરાંત, સંજય કપૂર વ્યવસાયિક જગતમાં ખૂબ જ આદરણીય હતા અને પોલો તથા ઘોડેસવારીની રમતો પ્રત્યેના તેમના ઊંડા પ્રેમ માટે જાણીતા હતા. તેમના અચાનક અવસાનથી તેમના મિત્રો, સહકાર્યકરો અને ભારતના ઉચ્ચ વર્ગના સભ્યોમાં આઘાત લાગ્યો છે, જ્યાં તેઓ એક પરિચિત ચહેરો હતા. મિત્રો અને શુભેચ્છકો તરફથી શોક વ્યક્ત થવા લાગ્યો છે, જેઓ તેમના કરિશ્મા, રમતગમતની ભાવના અને વ્યવસાયિક કુશળતા માટે યાદ કરાયેલા માણસના નિધન પર શોક વ્યક્ત કરે છે.

### ચીઠ્ઠીના કોઈ સંદેશ... જાને વો કોન સા દેશ જહાં તુમ ચલે ગયે

# વિજયભાઈ વિનાનું કાઠિયાવાડ રાંક બન્યું..!!!

## વિજયભાઈ રૂપાણીનું ઋણ રાજકોટ કે સૌરાષ્ટ્ર ચૂકવી શકે તેમ નથીઃ સંગઠનના માણસ આજીવન સીએમ (કોમન મેન) રહ્યા

**અબતક, રાજકોટ**

ગુજરાતના મુખ્યમંત્રીનો 'તાજ' તેમના શીરે તા.૦૭/૦૮/૨૦૧૬થી પહેરાવાયો હતો. વિજયભાઈ રૂપાણી એક નોખું-અનોખું વ્યક્તિત્વ ધરાવનારી સૌમ્ય પ્રતિભા છે.

સંઘના સંસ્કાર, શિસ્ત અને સતત પરિશ્રમનો પ્રભાવ એમની કારકિર્દીના પ્રારંભિક પાસાં રહ્યાં હતા, ક્રાંતિનો મહિનો ૨ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ જન્મ. આજે ૬૧મા વરસે એમના શિરે એક અપૂર્વ દાયિત્વ માટે આધારભૂત રહ્યો હતો.

બાળપણથી જ રાષ્ટ્રીય સ્વયંસેવકના સંગઠનના રંગે રંગાયેલ વિજયભાઈની જીવનશૈલી એક અણીશુદ્ધ, કર્મશીલ કાર્યકરને શોભે તે રીતે આગળ ધપતી રહી. વિદ્યાર્થી વયથી જ રાષ્ટ્રસેવા, દેશપ્રેમના સંસ્કારનું એમનામાં સિંચન થતું રહ્યું. જૈન પરિવાર અને જન્મજાત શ્રેષ્ઠીના સંસ્કાર એમની પ્રતિભાનું પ્રબળ પાસું બની રહ્યાં. જન્મ્યા બર્માના રંગુનમાં પણ જીવન ઘડતર અને સંગઠનના ગુણોનું ચણતર રાજકોટમાં થયું. જવાબદારી વહન કરવાની એમની ક્ષમતા અને તત્પરતાને કારણે એ જ્યાં જ્યાં જોડાયા ત્યાં વિજયનું હીર ઝળકી રહ્યું, એ જવાબદારી પછી સંઘ-કાર્ય માટેની હોય કે નવનિર્માણ આંદોલન સમયે છાત્ર સંઘર્ષ સમિતિ માટે હોય, રૂપાણીએ ક્યાંય પાછી પાની કરી નથી. રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાંથી બી.એ. અને એમ. એમ. પી. લો કોલેજમાંથી એલએલ. બી.નો અભ્યાસ












વર્ષ સુધી જેલમાં લોકશાહીના ટેકેદાર તરીકે તત્પર બની રહ્યા અને એ પણ સૌથી નાની વયે. તત્કાલિન શાસકોએ લોકશાહીને ગળે ટૂંપો દઈને કટોકટી લાદી ત્યારે ૧૯૭૬માં જુલ્લી 'મીસા'ના કાયદા હેઠળ જેલમાં જનારા સૌથી નાની વયના

બનાવવા વિજયભાઈ એમની સૌજન્યમય શૈલીને કામે લગાડતા રહ્યા. વિદ્યાર્થી કાળ પછી સક્રિય રાજનીતિમાં પદાર્પણ કર્યા પછી ભારતીય જનતા પાર્ટીના રાજકોટ મહાનગરના એકમની વિવિધ જવાબદારી સંભાળી અને રાજકોટ

સંસ્કારને અનુરૂપ ''વિવાદ નહીં સંવાદ''ના ધ્યેય સાથે રાજકોટના સર્વાંગી વિકાસ માટે ઢગલાબંધ પ્રકલ્પો, કાર્યક્રમો હાથ ધર્યા અને દીર્ઘદ્રષ્ટિવાળા વહીવટદાર તરીકે તેમની અમીટ છાપ જાહેર જીવન પર પડી.

રાજકોટના મેયર

એમની સૌમ્ય સમજદાર અને છટાદાર વાણીના પ્રતાપે પ્રદેશ ભાજપના પ્રવક્તા અને મહામંત્રી તરીકે પસંદગી પામ્યા. પક્ષના શીર્ષ આગેવાનો સાથેની

ગુજરાત પ્રદેશ ભાજપાના મહામંત્રી તરીકે પણ જવાબદારી સોંપી અને જામનગર, કચ્છ, જૂનાગઢ, પોરબંદર વગેરે જિલ્લામાં પ્રભારી તરીકે તેમણે

તરીકે ઉજવવાના ગુજરાત સરકારે કરેલા નિર્ણય પછી પ્રવાસન વર્ષ દીપી ઊઠે તે આશયથી વિજયભાઈ રૂપાણીને તા.૧લી જાન્યુઆરી,



### લાખો કાર્યકરોનું ઘડતર કર્યું, હમેંશા પક્ષ માટે એક કોરા પોસ્ટ કાર્ડની માફક કામ કર્યું, જે કામ સોંપ્યુ તેનો હસતા મોંઢે સ્વીકાર કર્યો

### સપ્ટેમ્બર-૨૦૨૧માં મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યુંઃ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહની ગુડબુકમાં હતા વિજયભાઈ

જેલયાત્રા પણ ખેડી હતી. ભૂજ અને ભાવનગરની જેલમાં એક કાર્યકર વિજયભાઈ રૂપાણી હતા. તેમણે 'મીસા' હેઠળ એક વર્ષ સુધી કારાવાસ ભોગવ્યો હતો.

**- ભાજપમાં સક્રિયઃ**

સેવા અને સમર્પણની આંતરિક તાલાવેલી એમને શહેરના સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૧૯૮૭ની ચૂંટણી દરમિયાન ચૂંટાયા બાદ સ્ટેન્ડીંગ કમિટીના અધ્યક્ષ તરીકે પાર્ટીએ તેમને જવાબદારી સોંપી ત્યારે આ પદ સંભાળનાર તેઓ સૌથી નાની વયની વ્યક્તિ હતા.

તરીકે ચૂંટાયા અને વહીવટી અનુભવ અને વ્યવહાર કુશળતાને



**સ્વ. વિજયભાઈ રૂપાણી (૧૯૫૬ – ૨૦૨૫)**

### જન્મભૂમિ બર્મા પરંતુ કર્મભૂમી રાજકોટને બનાવીઃ કોર્પોરેટરથી મુખ્યમંત્રી સુધીની સફર હમેંશા પક્ષના વફાદાર સૈનિક રહ્યાં

એમની વૈચારિક લયબદ્ધતા અને અદના કાર્યકર્તા સાથેની એમની આત્મીયતા, પક્ષના વિકાસ માટેની મજબૂત કડી તરીકે ઉભરી આવ્યા.



### જવાબદારી વધતી ગઈ તેમ વિજયભાઈ સતત જનતાનો વિશ્વાસ જીતતા ગયા

વિસ્તારનો નાનો કાર્યકર હોય, સૌ કોઈને માટે વિજયભાઈ સુધી પહોંચવું સરળ અને સુગમ બનાવવાનો એમનો સ્વભાવે એમને સૌના આદરણીય બનાવ્યા છે. ગુજરાતની ગતિશીલતાનો મંત્ર જરાય ઝાંખો ન પડે. સર્વત્ર જનતા જનાર્દનની અપેક્ષાનો જ વિજય થતો રહે. પક્ષ સંસ્થા અને શાસનની સમન્વયતા થકી કપરા સંજોગોમાં પણ વિજયભાઈનું હીર, રાજ્યની ગતિશીલતા માટે ઝળકતું

રહ્યું હતું.

યુવા પેઢી માટે શિક્ષણ રોજગારી અને કારકિર્દીનું ઘડતર એ મહત્ત્વપૂર્ણ પ્રશ્નો રહ્યા છે. જેની જાણકારી સાથે પક્ષના મહત્ત્વપૂર્ણ હોદ્દા પર જ્યારે એ આરૂઢ થાય છે ત્યારે સૌ કોઈની અપેક્ષાઓને નવો આધાર મળશે એ નિશ્ચિત બાબત હતી.

રહ્યા। સંક્ષન

માણસ. વ્યક્તિ વિકાસની કેડી પરથી સમાજ વિકાસને કંડારનારા. સમાજ વિકાસની વાત લઈને રાષ્ટ્ર વિકાસ સુધીની મજલ કાપવા જનાંદોલનનું જોમ એમની વાણીમાં રહ્યું. ભારતીય જનતા પક્ષ તરફની નિષ્ઠા વિજયભાઈની રગેરગમાં સમાયેલી હતી.

**- ચેરમેન - સંકલ્પ પત્ર અમલીકરણ સમિતિઃ**

૧૯૯૮ થી ૨૦૦૨ રાજ્ય સરકારમાં સંકલ્પ પત્ર અમલીકરણ સમિતિના અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળી. ત્યાર બાદ ૨૦૦૬માં ગુજરાત પ્રવાસન નિગમના ચેરમેન તરીકેની એમની કામગીરી થકી ખુશ્બુ ગુજરાતની સમગ્ર દેશ અને પરદેશના પ્રવાસીઓ માટે માટીની મહેક અને હસ્ત

કારીગરોની રોજગારની તકોને દ્વિગુણી કરવામાં આગળ વધ્યા હતા.

**-રાજ્યસભાના સાંસદઃ**

ત્યારબાદ ૨૦૦૬-૧૨ સુધી રાજ્યસભાના સભ્ય રહી સાંસદ તરીકે જવાબદારી વહન કરી. આ દરમ્યાન કેન્દ્ર સરકારની વોટર રિસોર્સ કમિટી, સબઓર્ડીનેટલોજી સ્ટેશન કમિટી, હ્યુમન રીસોર્સ ડેવલોપમેન્ટ કમિટી, પેપર લેડ ઓન ટેબલ કમિટી, ફૂડ, કસ્ટમ અફેર્સ એન્ડ પબ્લિક ડીસ્ટ્રીબ્યુશન કમિટી, પબ્લિક અન્ડર ટેકિંગ કમિટી જેવી જુદી-જુદી કમિટીઓમાં સભ્ય તરીકે કામગીરી કરી હતી.

(વધુ વાંચો પાનાનં ૧૦ પર)



### વિજયભાઈ રૂપાણીનો મુખ્યમંત્રી તરીકેનો પાંચ વર્ષ અને એક માસનો કાર્યકાળ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર માટે રહ્યો સુવર્ણકાળ

કર્યો. નાનપણથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંસ્કારમાં ઉછરેલા વિજયભાઈએ પોતાના અભ્યાસકાળ દરમિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદને સમર્પિત રહીને વિદ્યાર્થી હિત માટે સતત ખેવના કરી હતી. તેઓ ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં સ્ટુડન્ટ યુનિયનના જનરલ સેક્રેટરી પદે જંગી બહુમતીથી ચૂંટાયા હતા.

**- કર્તૃત્વનું નેતૃત્વ-સફળ આંદોલનકારઃ**

એમનામાં આગેવાની લેવાની ઈન્તેજારી પ્રબળ હોવા છતાં સ્વભાવિક લો-પ્રોફાઈલમાં રહી પોતે કાર્યની સમજ અને કાર્યકરો સાથેનો સમન્વય જાળવી જાત સાથેની વાતમાં વધુ મજબૂત બનતા રહ્યા. રાષ્ટ્ર નાયક સ્વ.જયપ્રકાશ નારાયણ જેવી વિભૂતીની વિચારસરણીના વાહક બની એમણે ભ્રષ્ટાચાર વિરોધી ચળવળમાં પોતાની પ્રબળ ઈચ્છાશક્તિને કામે લગાડી અને કોલેજ કાળમાં યુવાનીની ઊર્જાનો ઉત્તમ ઉપયોગ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું કાર્ય સંભાળવામાં કર્યો. વિદ્યાર્થી કાળ દરમિયાન તેઓએ ઈ.બી.સી. (ઈકોનોમિકલ બેકવર્ડ ક્લાસ)ની ફી માફી મર્યાદા વધારવાના આંદોલનનું નેતૃત્વ સંભાળીને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓના હિતમાં જબરજસ્ત સંઘર્ષ કર્યો.

**- કટોકટી વખતે જેલવાસ... સૌથી નાની વયેઃ**

લોકશાહીના આત્માને પવિત્ર પ્રેરકતા સાથે શ્રેષ્ઠતા તરફ પહોંચાડવા એ સદા કૃતનિશ્ચયી બન્યા હતા. શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા ૧૯૭૫માં લાદવામાં આવેલી કટોકટી વખતે

### વિજયભાઈ રૂપાણી અને અબતક પરિવાર વચ્ચે હતો ગાઢ સંબંધઃ હવે તસ્વીરો બની રહી માત્ર યાદગાર સ્મૃતિ



રાજકારણમાં ખેંચી લાવી અન્યાયને પડકારવો એ એમની હિંમત બની ત્યારે માત્ર ૨૪ વર્ષની વયે એમણે ભાજપમાં સક્રિય પદાર્પણ કર્યું હતું.

પછી તો રાજકારણ થકી જનસેવાની કેડી પર એમનું કર્મઠ પ્રયાણ શરૂ થયું. રાજકોટ શહેરમાં મહામંત્રી તરીકે અને ૧૯૮૭માં કોર્પોરેટરના રૂપમાં ગતિશીલ બન્યું. રાજકોટને એક ઉત્તમ નગરી

નગર નિયોજનમાં એમની નજર સ્વચ્છતા તરફ વધુ શાર્પ હતી. શહેરમાં આરોગ્ય અને સ્વચ્છતા અંગે વધુ ધ્યાન અપાય એ સંદર્ભે એમની વરણી 'ડ્રેનેજ કમિટી'ના ચેરમેન તરીકે કરાઈ. આરોગ્ય બાદ શિક્ષણનો વ્યાપ વધે તેવા સ્થાનિક પ્રયાસોમાં એ સતત સામેલ રહ્યા હતા. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તરીકે સતત આઠ વર્ષ ૧૯૮૮ થી ૧૯૯૬ સુધી કાર્યરત રહ્યા ત્યારબાદ રાજકોટના મેયર તરીકે ૧૯૯૬ થી ૧૯૯૭ સુધી પદ પર રહી અનેક વિકાસના કામો કર્યા. તેમના જૈન કારણે રાજકોટની વિકાસની ગતિ વધુ તેજ બની. તેમના સમયગાળા દરમિયાન કેન્દ્રના વિદેશ મંત્રાલયની મંજૂરી સાથે રાજકોટ અને યુ.કે.ના લેસ્ટર વચ્ચે ''ટ્વીન સિટી''ના ઐતિહાસિક કરાર થયા, જે ત્યારે કોઈપણ ભારતીય શહેરના કોઈપણ વિદેશ શહેર સાથેના પ્રથમ કરાર હતા. આ કરારથી રાજકોટના વિકાસનું વધુ એક દ્વાર ખૂલ્યું. પ્રત્યેક કાર્યમાં એમની પ્રતિબદ્ધતા અને સહકાર્યકરોમાં સેવાપરાયણતાનું જોમ રેડવાની એમની ક્ષમતાએ એમની રાજકીય પ્રગતિની ગતિમાં તેજી લાવી દીધી હતી.

જનહિતમાં એક કુશળ વહીવટદાર તરીકે પ્રસ્થાપિત થયેલા વિજયભાઈ રૂપાણી એક અચ્છા અને બાહોશ આર્થિક - નાણાકીય નિષ્ણાત પણ છે અને સૌરાષ્ટ્ર-કચ્છ સ્ટોક એક્સચેંજ જેવી માતબર અને પ્રભાવી સંસ્થાના અધ્યક્ષપદે રહીને અર્થવ્યવસ્થાપન ક્ષેત્રે પોતાની કાબેલિયત પૂરવાર કરી ચૂક્યા હતા.

**- પ્રદેશ ભાજપમાં મહામંત્રી અને પ્રદેશ પ્રવક્તાઃ**

પક્ષના પ્રદેશ પ્રવક્તા તરીકે એમની વિચક્ષણતા, પક્ષની નીતિ અને સિદ્ધાન્તો તથા રોજબરોજની રાજકીય સ્થિતિની સચોટ જાણકારી સાથેના સ્પષ્ટીકરણો થકી એમણે સત્યપરાયણતા માટેના અનેક સમીકરણો બદલી નાખ્યાં હતા.

રાજકોટમાં તેમના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટીએ કરેલી એકધારી આગેકૂચને ધ્યાનમાં રાખીને ભાજપાની નેતાગીરીએ વિજયભાઈ રૂપાણીને કાર્યભાર સંભાળીને અનેક પ્રસંગે ભાજપાને ફતેહ અપાવી હતી.

સંગઠન આગેવાનો સાથેનો એમનો તાલમેલ અદભુત રહ્યો. ભાજપ પ્રદેશ પ્રમુખો સાથેની એમની સહાયક સક્રિયતા પક્ષના પ્રદેશ મહામંત્રીના હોદ્દાની ગરિમા વધારનારી બની. ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે રાજેન્દ્રસિંહ રાણા, પુરૂષોત્તમભાઈ રૂપાલા અને તત્કાલિન પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુ વગેરે માટે એક આદર્શ સહભાગી બની રહ્યા હતા.

૨૦૦૬ના વર્ષને 'પ્રવાસન વર્ષ'

૨૦૦૬ના રોજ ગુજરાત પ્રવાસન નિગમના અધ્યક્ષપદે નિયુક્ત કર્યા. જે કામગીરી તેમણે તા.૧૩-૦૩-૨૦૦૬ સુધી ખૂબ જ જવાબદારી સાથે વહન કરી હતી.

જવાબદારીઓ વધતી ચાલી, જનતાનો વિશ્વાસ જીતતા ગયા કાર્યકરોમાં પોતાની કર્મઠતાનો પ્રતાપ વધારતા ગયા તેમ તેમ વરિષ્ઠોનો વિશ્વાસ પણ એમની આગળની યાત્રાને ઉજળી બનાવતો રહ્યો હતો.

એક કુશળ વહીવટકાર અને વાણીની પ્રખરતા સાથેની વિનમ્રતા અને સૌજન્ય એમના વ્યક્તિત્વના ઉજળા પાસાં છે. એક કુશળ સંગઠક, વ્યવહારકુશળ વહીવટકર્તા, પ્રતિબદ્ધ કાર્યકર, અર્થવ્યવસ્થાપનના નિષ્ણાત તરીકે સતત સમાજ પ્રત્યે સમર્પિત રહી કાર્ય કરતા રહ્યા. નાનામાં નાના કાર્યકરને પીછાણી લેવામાં એમનામાં રહેલી માનવીય લાગણી, પીઢતા અને સલુકાઈ શ્રેષ્ઠતાએ પહોંચેલાં છે. વણીક હોવાને નાતે સત્ય અહિંસાને ધર્મ ગણી આગળ વધતા રહેવાની કુનેહ ધરાવતા હતા.

માધ્યમો અને પત્રકારો સાથે એક પીઢ પ્રવક્તાના રૂપમાંથી વિજયભાઈની ઠાવકાઈ, સૂઝબૂઝ અને સમગ્ર સ્થિતિઓ અંગેની જાણકારી એમનું પ્રવક્તા તરીકેનું વિચક્ષણ પાસું હતું.

વિજયભાઈ સારી રીતે અવગત છે કે, પક્ષના પાયાની મજબૂતીમાં અદના કાર્યકરોનો આદર એ મૂળમંત્ર ગણાય સહકાર્યકરો હોય કે સાવ છેવાડાના

### ૨૪ વર્ષની વયે ભાજપમાં સક્રિય પદાર્પણ કર્યું, ૧૯૮૭માં પ્રથમવાર કોર્પોરેટર બન્યાઃ ડ્રેનેજ સમિતિના ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, મેયર, રાજ્યસભાના સાંસદ, પ્રદેશ ભાજપ મહામંત્રી, પ્રદેશ પ્રવક્તા, ફાઈનાન્સ બોર્ડના ચેરમેન, ધારાસભ્ય, કેબિનેટ મંત્રી, પ્રદેશ પ્રમુખ અને મુખ્યમંત્રી તરીકે જવાબદારી નિભાવીઃ છેલ્લે પંજાબ-ચંદીગઢના પ્રભારી હતા

## મોસાળે જમણ અને માઁ પીરસનાર કહેવતને વિજયભાઈએ રાજકોટ માટે સાર્થક કરી બતાવી

# કાર્યકરોને એક જ સલાહ આપતા, રાજકારણમાં ઉતાર-ચડાવ આવ્યા કરે, વિચલીત ન થવું



**- ચેરમેન-ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ:**

૨૦૧૩માં ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન તરીકેની કામગીરી સંભાળી અને ૧૫૯ જેટલી નગરપાલિકાઓને વિકાસની દિશા આપી. તેમની વહીવટી સૂઝ અને રાજકોટ મહાનગરના 'સ્ટેન્ડીંગ કમિટી'ના ચેરમેન તરીકેના આઠ વર્ષના અનુભવના આધારે તેમણે ગુજરાતની ૧૫૯ નગરપાલિકાઓને વિકાસની નવી દિશા સૂચવી અને સુચારૂં વહીવટનો શંખનાદ ફૂંક્યો હતો.

**- રાજકોટ-૬૯ ધારાસભ્ય અને રાજ્ય સરકારમાં કેબીનેટ મંત્રી:**

વર્ષ ૨૦૧૫માં રાજકોટ-૬૯ની બેઠકના ધારાસભ્ય બન્યા જેમાં જંગી બહુમતી, એમની પ્રજાને પારખવાની ક્ષમતાના પારખા રૂપ બની. કેબીનેટ મંત્રી તરીકે વાહન વ્યવહાર, પાણી પુરવઠા ખાતા અને શ્રમ અને રોજગાર વિભાગનો હવાલો હાથમાં લીધો હતો.

પાણી પુરવઠામાં કામકાજોના વિલંબની વાતો વિજયભાઈની કાર્યક્ષમતાને કારણે બંધ

પ્રભાવ કામે લાગતો રહ્યો. નેપથ્થમાં રહી સૌજન્યપૂર્ણ સલુકાઇ સાથે વિજયભાઈએ પક્ષના કટોકટી કાળમાં પ્રશંસનીય કામગીરી સંભાળી. સૌરાષ્ટ્રના પ્રભારી તરીકે એમની સંગઠન ભૂમિકા થકી પક્ષને એ વિસ્તારમાં અખંડિત રાખી પ્રાણવાન બનાવવામાં એમનું પ્રદાન સદા પ્રભાવી રહ્યું હતું.

**- ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ:**

તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૧૬ને શુક્રવાર, મહારાજા છત્રપતિ શિવાજી મહારાજ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક પૂ. શ્રી ગોલવલકરજી- 'ગુરૂજી'ના જન્મ દિવસે ગુજરાત ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂંક થઈ હતી. તેમની નવી 'જવાબદારી'ને પક્ષના વરિષ્ઠો અને નાનામાં નાના કાર્યકરોએ વધાવી લીધી હતી. 'સંગઠનના માણસ' તરીકે ઓળખાતા વિજયભાઈએ, પ્રદેશ પ્રમુખ બન્યા બાદ પક્ષને આગામી પડકારો સામે સજ્જ કરવા 'ધૂણી ધખાવી'ને કાર્ય આરંભ્યું. કૃષિ સંમેલનો, મહિલા સંમેલનો, યુવા સંમેલનો ઉપરાંત પ્રશિક્ષણ શિબિરોની શ્રૃંખલા મારફત તેમણે કાર્યકરને દોડતો કર્યો, લોકાભિમુખ બનાવ્યો હતો.

**- ગુજરાત રાજયના મુખ્યમંત્રી પદે:**

૦૭ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે ગુજરાત રાજયના મુખ્યમંત્રી તરીકેના

મળેલ પ્રથમ કેબિનેટ બેઠકમાં લેવામાં આવ્યો હતો.

**- સુજલ સૌરાષ્ટ્ર, સમૃદ્ધ ગુજરાત:**

મુખ્યમંત્રી બન્યાના ગણતરીના દિવસોમાં સૌરાષ્ટ્રની ધરા ઉપર નર્મદાના અવતરણનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું.

પંચનો ૧લી ઓગસ્ટ ૨૦૧૬થી લાભ આપવામાં આવ્યો. ૭માં પગારપંચ આપવામાં ગુજરાતે પ્રથમ રાજ્ય બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

**- ખેડૂતોને ૧૦ કલાક વીજળી:**

કૃષિ અને કૃષિકારોને

અનુમતિ મળી ગઈ. વિધેયકનો ૧૫ ઓગસ્ટથી અમલ શરૂ થયો હતો.

**- અટલ સ્નેહ યોજના ગુજરાત:**

ગુજરાતની રાજ્ય સરકાર ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મ દિવસ ૨૫ ડિસેમ્બરના રોજ અટલ સ્નેહ યોજના (એએસવાય) શરૂ

## વિજયભાઈની જીવન ઝરમર

વિજયભાઈ રૂપાણી ભારતીય જનતા પાર્ટીના એક જાણીતા રાજનેતા છે. જેમણે ગુજરાતના ૧૬મા મુખ્યમંત્રી તરીકે સેવા આપી છે. વિજય રૂપાણીનો જન્મ ૨ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ રંગૂન (હાલ મ્યાનમાર)માં થયો હતો. તેમનો પરિવાર ૧૯૬૦ના દાયકામાં રાજકોટ સ્થળાંતર થયો. તેમણે ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજમાંથી બી.એ. અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી એલ.એલ.બી.નો અભ્યાસ કર્યો. તેઓ ૧૯૭૧ થી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને જનસંઘ સાથે જોડાયેલા હતા. ૧૯૭૬ની કટોકટી દરમિયાન તેમને ભાવનગર અને ભુજની જેલોમાં ૧૧ મહિના સુધી બંદી બનાવવામાં આવ્યા હતા. ૧૯૭૮ થી ૧૯૮૧ સુધી તેમણે આરએસએસના પ્રચારક તરીકે પણ કાર્ય કર્યું.

૧૯૮૭માં તેઓ રાજકોટ મહાનગરપાલિકામાં કોર્પોરેટર તરીકે ચૂંટાયા અને જલ નિકાસ સમિતિના અધ્યક્ષ બન્યા. ૧૯૮૮ થી ૧૯૯૬ સુધી તેઓ રાજકોટ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ રહ્યા. ૧૯૯૬ થી ૧૯૯૭ દરમિયાન તેમણે રાજકોટના મેયર તરીકે પણ સેવા આપી. ૧૯૯૮માં તેઓ ગુજરાત ભાજપના પ્રદેશ મહામંત્રી બન્યા અને ચૂંટણી ઢંઢેરા સમિતિના અધ્યક્ષ પણ રહ્યા. ૨૦૦૬ થી ૨૦૧૨ સુધી તેઓ રાજ્યસભાના સભ્ય રહ્યા. ૨૦૦૬માં તેમને ગુજરાત ટૂરિઝમના ચેરમેન બનાવવામાં આવ્યા, અને ૨૦૧૩માં મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન બન્યા. ૨૦૧૪માં, વજુભાઈ વાળાની વિદાય બાદ, તેઓ રાજકોટ (પશ્ચિમ) બેઠક પરથી પેટાચૂંટણી જીતીને ધારાસભ્ય બન્યા. આનંદીબેન પટેલની સરકારમાં તેમને પરિવહન, શ્રમ અને રોજગાર તેમજ વોટર સપ્લાયના મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. ફેબ્રુઆરી ૨૦૧૬માં તેઓ ગુજરાત ભાજપના પ્રમુખ બન્યા.

૭ ઓગસ્ટ ૨૦૧૬ ના રોજ તેમણે ગુજરાતના ૧૬મા મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત બાદ તેઓ બીજી વખત મુખ્યમંત્રી બન્યા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ તેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું, ત્યારબાદ ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે પોતે ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી હતી. તેઓ ભાજપમાં સક્રિય છે અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પક્ષના નિરીક્ષક તરીકે પણ ભૂમિકા ભજવી છે.

આમ, વિજય રૂપાણીની રાજકીય સફર એબીવીપી અને આરએસએસના કાર્યકર્તા તરીકે શરૂ થઈ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં સક્રિયતા, રાજ્યસભાના સભ્યપદ, પ્રદેશ પ્રમુખ અને અંતે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સુધી વિસ્તરી છે.

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સેવેલું શોણલું તેમના હસ્તે જ સાકાર થયું. નર્મદા નદીનું એક મિલીયન એકર ફૂટ પાણી સૌરાષ્ટ્રની કાયાપલટ કરી હતી.

**- ટોલ ટેકસમાંથી મુકિત:**

૧૫ ઓગસ્ટથી રાજ્ય

પ્રાધાન્ય મળે તે માટે ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો. ખેડૂતોને વીજળી ૮ કલાક મળતી હતી. તેને વધારી હવે ૧૦ કલાક વીજળી આપવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી હતી.

**- ખેડૂતોના હિતમાં લોકાભિમુખ સુધારા:**

કરી છે. ગાંધીનગર ખાતે રાજ્યવ્યાપી શાળા સ્વાસ્થ્ય કાર્યક્રમના પ્રારંભ વખતે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ યોજનાની જાહેરાત કરી હતી. અટલ સ્નેહ (સ્ક્રિનિંગ ઓફ ન્યૂબોર્ન ફોર એન્હેસ્મેન્ટ ઓફ હેલ્થ) યોજના નવજાત શીશુઓમાં કોઈપણ ખામીની તપાસ કરવા

(જીસ્વાન) પ્રોજેક્ટ લોન્ચ કર્યો હતો અને ૧૮,૦૦૦ ગામડામાં આ સેવાઓ પહોંચાડવા માટે સરકારની કટીબદ્ધતા વ્યક્ત કરી હતી. ડિજીટલ ઈન્ડિયાનું વિઝન સાર્થક કરવા માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામની સિદ્ધિ હાંસલ કર્યા

ખોલવાના તબક્કે પહોંચી ચુકી છે. નર્મદા નિયંત્રણ ઑથોરિટીની નવી દિલ્હી ખાતે મળેલી બેઠકમાં સરદાર સરોવર બંધના દરવાજા બંધ કરવાની અનુમતિ તા.૧૭-

પાર્ટી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ નીચે લડી અને સતત છઠ્ઠી વાર ગુજરાતમાં સત્તા હાંસલ કરવામાં ભાજપા સફળ રહી હતી.

વિજયભાઈ રૂપાણી પોતે રાજકોટ (પશ્ચિમ)માંથી ભાજપાના ઉમેદવાર તરીકે ૫૪,૦૦૦ની ધીંગી સરસાઈ સાથે વિજયી નીવડ્યા અને એક લોકપ્રિય નેતા તરીકે તેમની છબી બરકરાર રાખી હતી.

**- પુનઃ મુખ્યમંત્રી પદે:**

વિધાનસભામાં બહુમતી મેળવવામાં વિજયભાઈનું નેતૃત્વ અને દિશાસૂચકનું યોગદાન મહત્વનું રહ્યું અને તેથી ૨૨મી ડિસેમ્બર-૨૦૧૭ના રોજ મળેલી ભારતીય જનતા પાર્ટીનો વિધાનસભા પક્ષની બેઠકમાં તેમને પક્ષના નેતા તરીકે

## રાજકોટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, એઈમ્સ, બસ પોર્ટ અને રેસકોર્ષ-૨ જેવી અનમોલ ભેટ આપી શહેરને મેટ્રો સિટીની હરોળમાં મૂકી દીધું

થઈ. સૌરાષ્ટ્રની સૂકી ધરતીને લીલોતરી અને હરીયાળીમાં ફેરવી દુષ્કાળને ભૂતકાળ બનાવી મંત્રી તરીકે અપાર લોકચાહના મેળવી. વિજયભાઈ હવે સંગઠનસર બની પ્રદેશ ભાજપનું નેતૃત્વ કરશે. ''શ્રમયોગી કલ્યાણ મેળા'', ''નવા લેબર લો'' અને ''યુવીડી કાર્ડ'' જેવી છેવાડાના માનવીની સવલતો યુક્ત યોજના વિજયભાઈએ તરતી મૂકી હતી.

સંસ્થા અને સરકારમાં સત્તાનાં સમીકરણો બદલાતાં હોય ત્યારે પણ કુનેહથી કામ પાર પાડવામાં એમનો

શપથ લીધા અને ગુજરાત રાજયના મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણીને ભારતીય જનતા પાર્ટીના ''મોવડી મંડળે'' સત્તા સ્થાને આરૂઢ કર્યા હતા.

**- મુખ્યમંત્રી તરીકેની કામગીરી:**

* યુવાનો માટે મહત્વપૂર્ણ નિર્ણય:

રાજ્ય સરકાર વર્ગ-૩ની જગ્યાઓ પર સીધી ભરતીમાં પ્રતિક્ષા યાદીનું કદ ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરાયું વર્ગ-૩માં સીધી ભરતી પામેલ વ્યક્તિની જગ્યા એક વર્ષની અંદર સંજોગોવશાત ખાલી પડે તો તે જ કેટેગરીના પ્રતિક્ષા યાદીના ઉમેદવારથી ભરવામાં આવશે. આ નિર્ણય વિજયભાઈની અધ્યક્ષતામાં





## ૧૯૭૬માં ''મીસા''ના કાયદા હેઠળ કારાવાસ ભોગવનારા સૌથી નાની વયના કાર્યકર હતા

હાઈવે પર નાના વાહનોને ટોલ ટેકસમાંથી મુક્તિ આપવામાં આવી જેના લીધે દૈનિક ૮૬૦૦૦થી વધુ વાહન ચાલકોને લાભ મળી રહ્યો છે.

**- રાજય સરકારના કર્મયોગીઓને ૭મા પગારપંચનો લાભ:**

રાજય સરકારના કર્મચારીઓને કેન્દ્ર સરકારની ભલામણ અનુસાર ૭મા પગાર

જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ના અધિનિયમ ૨૦૧૩ના અમલીકરણમાં ઘણી વિસંગતાઓ હતી. ખેડૂતોને પુનઃસ્થાપના કે પુનર્વસનની જોગવાઈ જટિલ હતી. લાંબી પ્રક્રિયા બાદ જમીન માલિકોને પૂરતું વળતર મળતું ન હતું. સુધારા વિધેયક ૨૦૧૬ને તા.૮ ઓગસ્ટના રોજ રાષ્ટ્રપતિની

માટે ખાસ શરૂ કરવામાં આવી હતી.

**- ૬,૦૦૦ ગામડા ડિજીટલ હાઈવે સાથે સંકળાયા:**

ગાંધીનગર ખાતે, ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બુધવારે તારીખ ૮મી સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ ૬,૦૦૦ ગામડાને જોડતો સૌથી હાઈસ્પીડ ડિજીટલ કનેક્ટિવિટી

બાદ ૬,૦૦૦ ગામડાઓમાં કનેક્ટિવિટી સુવિધા આપીને ગુજરાત ડિજીટલ ક્રાંતિ તરફ આગળ વધ્યા હતા.

**- નર્મદા ડેમના દ્વાર બંધ કરીને ઉઘાડ્યા સમૃદ્ધિના દ્વાર:**

ગુજરાતની જળસમસ્યાને તિલાંજલી આપવા માટે સક્ષમ એવી નર્મદા યોજના આજે રાજયના ઉજ્જવળ દ્વાર

## સૌની યોજના અંતર્ગત નર્મદાના નીર છેવાડાના ગામડા સુધી પહોંચાડી સૌરાષ્ટ્ર-કચ્છનું નપાણીયા વિસ્તારનું મ્હેણું ભાંગી નાંખ્યું

૦૬-૨૦૧૭ ના રોજ આપી દેવામાં આવી હતી. હરખને તેડાં ના હોય તેમ માનતા ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તાત્કાલિક કેવડિયા કોલોની ખાતે પહોંચી જઈને ગુજરાતની આ મહત્વકાંક્ષી ડેમ યોજનાના દરવાજા બંધ કરીને ડેમની પાણી સંગ્રહ ક્ષમતા લગભગ ત્રણ ગણી વધારી દીધી હતી. આ દરવાજા બંધ થવાથી ગુજરાતના કૃષિ અને ઉદ્યોગ જગતના વિકાસના દરવાજા ખુલ્યા હતા.

**- ૨૦૧૭ વિધાનસભાની સામાન્ય ચૂંટણી:**

૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ભારતીય જનતા

એટલે કે મુખ્યમંત્રી તરીકે ફરી એકવાર સર્વાનુંમતે પસંદ કરાયા હતા.

વિજયભાઈ રૂપાણી પાંચ વર્ષ અને એક મહિના સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સત્તારૂઢ થયા. હાઈકમાન્ડનો આદેશ આવતા તેઓએ ૧૧ સપ્ટેમ્બર-૨૦૨૧ના રોજ કોઈપણ જાતની તકરાર કર્યા વિના કે કારણ પૂછ્યા વિના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું. તેમનો સીએમ તરીકે કાર્યકાળ રાજકોટ અને સૌરાષ્ટ્ર માટે ખરેખર સુવર્ણ કાળ કહી શકાય. હાલ તેઓ પંજાબ અને ચંદીગઢના ભાજપના પ્રભારી તરીકે કાર્યરત હતા.

## સાવ છેવાડાના વિસ્તારના અને નાનામાં નાના કાર્યકર માટે વિજયભાઈ સુધી પહોંચવું ખૂબ જ સરળ હતું: તેઓ કાર્યકરોને જ સૌથી મોટી મૂડી માનતા હતા

# ફુકેટથી દિલ્હી જતી ફ્લાઈટને બોમ્બની ધમકી મળતા થાઈલેન્ડમાં ઈમરજન્સી લેંન્ડિગ

## ધમકી આપનાર વ્યક્તિ વિશે હજુ સુધી કોઈ માહિતી મળી નથી: મુસાફરોને ફ્લાઈટમાંથી બહાર કાઢવામા આવ્યા, તમામ સુરક્ષિત

**અબતક, નવી દિલ્હી**

શુક્રવારે, થાઈલેન્ડના ફુકેટથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ ૩૭૯ ને બોમ્બની ધમકી મળ્યા બાદ થાઈલેન્ડમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવવી પડી. આ ફ્લાઈટમાં સવાર ૧૫૬ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આંદામાન સમુદ્ર ઉપર ચક્કર લગાવ્યા પછી વિમાન ફુકેટ એરપોર્ટ પર પાછું ઉતર્યું.

ધમકી આપનાર વ્યક્તિ વિશે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. આ ઘટના અમદાવાદ અકસ્માતના એક દિવસ પછી બની હતી. ફૂકેટ એરપોર્ટના અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે, એર ઈન્ડિયાની ફૂકેટથી દિલ્હી જઈ રહેલી એઆઈ ૩૭૯ ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળતાં તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. આ પ્લેનમાં ૧૫૬ મુસાફરો સવાર હતા. તમામને સુરક્ષિત નીચે ઉતારવામાં આવ્યા છે.

આ ફ્લાઈટ ફૂકેટ એરપોર્ટથી દિલ્હી આવવા રવાના થઈ હતી. પરંતુ અચાનક અંદામાન દરિયાથી પરત ફરી થાઈ આઈલેન્ડ ફૂકેટ એરપોર્ટ પર પરત ફરી હતી. એરપોર્ટ્સ ઓફ થાઈલેન્ડના સત્તાધીશોએ જણાવ્યું કે, વિમાનની ઉડાન બાદ ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી. જેથી સુરક્ષાના માપદંડોને ધ્યાનમાં લેતાં પ્લેનનું પાછું ફુકેટ એરપોર્ટ પર લેન્ડિંગ કરાવ્યું હતું.

ઉલ્લેખનીય છે, એઓટીએ બોમ્બની ધમકી વિશે વધુ માહિતી આપી નથી. ફુકેટ એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઈમરજન્સી લેન્ડિંગ પછી, મુસાફરોને ફ્લાઈટમાંથી બહાર કાઢવામાં આવી રહ્યા છે અને બધા સુરક્ષિત છે.

# પ્લેન ક્રેશમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત રાજકોટના ત્રણ લોકોને કાળ આંબી ગયો

## વિહિપ પ્રમુખના માસી વિમાનમાં હાજર હતા, દિકરીએ ડીએનએ સેમ્પલ આપ્યું: એક વકીલ પુત્રીને મળવા જતા'તા

### રાજકોટનો યુવાન મેડિકલ હોસ્ટેલમાં જમવા ન ગયો અને જીવ બચી ગયો

**અબતક, રાજકોટ**

પ્લેન ક્રેશ દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહીત રાજકોટના ત્રણ લોકોનું કરુણ મોત નીપજ્યું છે. અમદાવાદથી લંડન જતા રાજકોટના એક મહિલા અને એક એડવોકેટ પણ એ જ વિમાનમાં મુસાફરી કરતા હતા જે આજે અમદાવાદમાં ટેકઓફ બાદ થોડી સેકન્ડોમાં તુટી પડયું છે.

રાજકોટ મહાનગર વિહિપના અધ્યક્ષ વનરાજ ગૈરૈયાએ જણાવ્યું કે તેમના માસી મુક્તાબેન ડાંગર દર છ માસ લંડન તેમના પુત્ર મયુર ડાંગરને ત્યાં જાય છે. તેમના પુત્ર અગાઉ ભાડે રહેતા તેમણે ઘરનું મકાન લીધું હોય તેમજ સગાઈનો પ્રસંગ પણ હોય તેઓ અમદાવાદથી આજે બપોરે ઉપડેલા આ વિમાનમાં નીકળ્યા હતા . આજે હું અને મુક્તાબેનની દિકરી વગેરે અમદાવાદ પહોંચ્યા હતા. ત્યાં ઘણા મૃતદેહો બળીને ખાખ થઈ ગયા હોય કોઈ ઓળખાયા નથી. દિકરીએ ડી.એન.એ.સેમ્પલ આપે છે જેનો રિપોર્ટ બે ત્રણ દિવસમાં આવશે. આ બનાવ અંગે રાજકોટ વિહિપના જિલ્લા મંત્રી વિનય કારીયાએ ઉપરોક્ત વિમાનમાં મુક્તાબેન હતા જેથી વિહિપ પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. તેમણે મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પી છે.

દરમિયાન રાજકોટ ચેમ્બરના અગ્રણી રાજુ જુંજાએ જણાવ્યા મૂજબ રાજકોટના કાલાવડ રોડ પર રહેતા એક એડવોકેટ પણ તેમની પુત્રીને મળવા માટે લંડન જતા હતા અને પ્લેનમાં મુસાફરી કરતા હતા. જ્યારે રાજકોટના હનુમાન મઢી વિસ્તારમાં રહેતા વેદ નામના એક મેડીકલના વિદ્યાર્થી અમદાવાદની મેડીકલ કોલેજની હોસ્ટેલમાં રહેતા હતા અને આ બિલ્ડીંગ પર પ્લેન ક્રેશ થયું છે ત્યારે હોસ્ટેલની મેસમાં જમવાનો સમય હતો પરંતુ, આ વિદ્યાર્થી આજે જમવા ગયા ન્હોતા અને તેમનો બચાવ થયો છે.

### સૌરાષ્ટ્ર-કચ્છના ૨૮ મુસાફરોનો જીવ હણાયો : સર્વત્ર રૂદન

અમદાવાદ વિમાન દુર્ઘટનાએ સૌરાષ્ટ્ર-કચ્છના સાત પરિવારોના માળા વિખેરી નાંખ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છના કુલ ૨૮ મુસાફરો અમદાવાદથી લંડન જતાં વિમાનમાં હતાં અને તેમનો પતો લાગ્યો ન હોવાથી મૃત્યુ નીપજ્યાં હોવાની આશંકા છે. સૌથી વધુ ૧૫ મુસાફરો દિવના હતાં તેમાંથી એક યુવકનો ચમત્કારિક બચાવ થયો છે. જૂનાગઢના નિવૃત્ત અધિકારી અને પરિવારના ત્રણ લોકો, પોરબંદરમાં પતિની વિધી કરીને પરત ફરતાં મહિલા સહિત બ્રહ્મ પરિવારના ત્રણ, વડિયાના એક, જામનગરમાં પિતાની ખબર પૂછી પરત ફરતાં પતિ-પત્ની, કચ્છમાં ધાર્મિક પ્રસંગ ઉજવી પરત જતાં ત્રણ તેમજ વેરાવળમાં પુત્રીના સીમંત પ્રસંગ પછી પરત જતાં બે વ્યક્તિના મૃત્યુ નીપજ્યાં હતાં.

# ડીએનએ ઓળખ પ્રક્રિયાઃ પોલીસ બની હતભાગી પરિવારજનોનો સહારો

**અબતક, રાજકોટ**

પ્લેન ક્રેશ દુર્ઘટનામાં સ્વજન ગુમાવનાર પરિવારજનો અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે છે. ત્યાં DNA ઓળખ પ્રક્રિયાનું કામ ચાલી રહ્યું છે. પોલીસ આ તમામ પરિવારજનોની ખાસ સંભાળ રાખી તેમની સેવા કરી રહી છે. આ મુશ્કેલ સમયમાં પરિવારજનોને સાંત્વના આપવાની સાથે, પોલીસ પોતે જ તેમને ચા, પાણી અને નાસ્તો પીરસી રહી છે. હોસ્પિટલના તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ રાઉન્ડ ધ કલોક ''સ્વ'' નહિં ''સમસ્તિ'' માટે સેવારત તમામ લોકો એકજૂટ થઈને એક એક જીવ બચાવવા નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવી રહ્યા છે



### પ્લેન દુર્ઘટનાના ઈજાગ્રસ્તોની પડખે સિવિલ હોસ્પિટલ

### બાર એસો.ના યુવા એડવોકેટ હર્ષ પીઠવાનો આજે જન્મદિવસ



બાર એસોસિએશનના યુવા એડવોકેટ હર્ષ પીઠવાનો આજે જન્મદિવસ છે. હર્ષભાઈ વર્ષ ૨૦૧૭થી વકીલાતના વ્યવસાયનો પ્રારંભ કર્યો હતો. તેઓ રેવન્યુ ક્રિમિનલ સિવિલ ક્લેઈમ કેસોની કામગીરી કરે છે. નાનપણથી ખૂબ જ મહેનતુ, સરળ અને મળતાવડા સ્વભાવના કારણે વિશાળ મિત્ર વર્તુળ ધરાવે છે. અનેક સંસ્થાઓ સાથે જોડાઈને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી રહ્યા છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે સિનિયર જુનિયર વકીલો સગા સંબંધી અને મિત્ર વર્તુળ દ્વારા મોબાઈલ ૯૭૨૪૨ ૩૨૩૦૯ પર શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

# ભાજપના તમામ કાર્યક્રમ ત્રણ દિવસ સુધી સ્થગિત કરી દેવાયા

## રવિવાર સુધી પક્ષ દ્વારા એકપણ કાર્યક્રમ નહીં યોજાઈ

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં બનેલી પ્લેન દુર્ઘટના ૨૯૦ લોકોના મોત નીપજ્યા છે.

આ કરુણ ઘટનાથી દેશભરમાં શોખનું મોજું ફરી વળ્યું છે. આખું ગુજરાત હાલ આંસુ સારી રહ્યું છે દરમિયાન સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા આગામી ત્રણ દિવસ સુધી યોજાનારા તમામ કાર્યક્રમો તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવાની જાહેરાત કરવામાં આવી છે.

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે પ્રચાર પ્રસાર પણ અટકાવી દેવામાં આવ્યો છે.કાર્યકરોને હતભાગી પરિવારોને મદદરૂપ થવા માટે હાઈકમાન્ડ દ્વારા તાકીદ કરવામાં આવી છે.અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું નિધન થયું હોવાના કારણે ભાજપ પરિવારમાં આમ પણ ઊંડા શોકની લાગણી વ્યાપી જવા પામી છે.

બીજી તરફ દેશની સૌથી મોટી પ્લેન દુઘટનાથી ગુજરાતવાસીઓના હૈયા હાલ ચોધાર આંસુએ રડી રહ્યા છે. ત્યારે વર્તમાન શોકમય માહોલની સ્થિતિમાં ભાજપ દ્વારા આજથી ત્રણ દિવસ માટે તમામ રાજકીય કાર્યક્રમો તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવામાં આવ્યા છે. રવિવાર સુધી કોઈ પણ કાર્યક્રમ ન યોજવા માટે તમામ શહેર અને જિલ્લા પ્રમુખોને જાણ કરી દેવામાં આવી છે. કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે નો પ્રચાર પણ બંધ કરી દેવાયો છે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભાજપ સમર્પિત ઉમેદવારો માટેના પ્રચાર ની કામગીરી અટકાવી દેવામાં આવી છે બીજી તરફ તમામ કાર્યકરોને અદભાગી પરિવારોને શક્ય હોય તેટલી મદદ કરવા માટે આદેશ આપી દેવામાં આવ્યો છે વિજયભાઈ રૂપાણી ના અવસાન ના પગલે રાજ્ય પરમાંથી ભાજપના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં ગાંધીનગર આવી પહોંચ્યા હોવાના વાવડ મળી રહ્યા છે.

# ધ્રોલના દંપતીનું પ્લેન દુર્ઘટનામાં મોત

## તેમના પુત્રનું પણ ત્રણ વર્ષ પહેલા સ્પેનમા વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતુ

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**



અમદાવાદ એરપોર્ટ થી એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થવાથી મોટી દુર્ઘટના સર્જાઈ હતી અનેક લોકોના જીવ ગુમાવ્યા આ દુર્ઘટનાથી દેશ વિદેશમાં હાહાકાર મચી ગયો છે ત્યારે ધ્રોલના વતની જામનગર રહેતા હાલ લંડન મા રહેતા દંપતીનું મૃત્યુ થયાના સમાચાર મળી રહ્યા છે આ દંપતી શૈલેષભાઈ પરમાર અને તેમના ધર્મ પત્ની નેહલબેન પરમાર જેવો જામનગર ખાતે તેમના સગા ની તબિયત સારી ના હોય જેથી તેઓ લંડન થી ખબર અંતર પૂછવા માટે આવ્યા હતા. જામનગરમાં વસવાટ કરતા હરિહરભાઈ બક્ષીની તબિયત નાદુરસ્ત હોવાથી તેમના પુત્રી નેહલબેન અને જમાઈ શૈલેષભાઈ તાત્કાલિક જામનગર આવ્યા હતા.ગઈકાલે આ દંપતી જામનગરથી કાર દ્વારા અમદાવાદ પહોંચ્યું હતું. એરપોર્ટ પરથી બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે તેમણે લંડન માટેની ફ્લાઈટ લીધી હતી. પરંતુ નિયતિને કદાચ કંઈક અલગ જ મંજૂર હતું અને ઉડાન ભર્યાની ગણતરીની મિનિટોમાં જ આ વિમાને અકસ્માતનો સામનો કરવો પડયો હતો. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ લોકોના મૃત્યુના અહેવાલ મળી રહ્યા છે.આ ઘટના વધુ હૃદયદ્રાવક એટલા માટે છે કે શૈલેષભાઈ અને નેહલબેનને સંતાનમાં એકમાત્ર પુત્ર હતો, જેનું નામ હિત હતું. માત્ર ૨૬ વર્ષની ઉંમરે હિતનું પણ ત્રણ વર્ષ પહેલાં સ્પેનમાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. હિત લંડનમાં વિમાન ચલાવવાની તાલીમ લઈ રહ્યો હતો અને તેની તાલીમના અંતિમ તબક્કામાં, એટલે કે તેની છેલ્લી એક કલાકની ફ્લાઈટ બાકી હતી ત્યારે આ કરૂણ ઘટના બની હતી. આજે એ જ રીતે તેમના માતા-પિતા પણ વિમાન દુર્ઘટનાનો ભોગ બન્યા છે. જામનગર સતવારા સમાજના પ્રમુખ જમનભાઈ રાઠોડ એ મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું વિગતો આપી હતી મળતી માહિતી જામનગર ના એક ન્યુઝ વિગતો અનુસાર આ દુઃખદ સમાચારની જાણ થતાં જ નેહલબેનના પિતરાઈ ભાઈ અને જામનગરના જાણીતા તબીબ ડો. કેયુર બક્ષી તેમજ આશિષભાઈ બક્ષી તાત્કાલિક અમદાવાદ જવા રવાના થયા છે. સમગ્ર જામનગર શહેરમાં આ દુર્ઘટનાના સમાચારથી શોકનું મોજું ફરી વળ્યું છે.

### શૈલેષભાઈ પરમાર પાંજરાપોળના દાતા હતા

શૈલેષભાઈ પરમાર એ ધ્રોલ ની પાંજરાપોળ મુલાકાત બે દિવસ પહેલા મુલાકાત લીધી હતી તેવો ધ્રોલ પાંજરાપોળના માં દાંતા હતા. શૈલેષભાઈ પરમાર પાંજરાપોળ આવતા હોય તેમના કોઈ નાના મોટા પ્રસંગો માં ધ્રોલ પાંજરાપોળના ગૌ શાળામાં દાન આપતા બે દિવસ પહેલા પાંજરાપોળને આવ્યા હતા તે દરમિયાન તેમને ૨૯ તારીખે તેમના લાપસીનો ખર્ચ આપવાની પણ વાત કરી હતી અને તે તમામ પૈસાઓ હું ઓનલાઈન પર કરી આપીશ આવા અનેક વખતે તેઓ દાન આપતા હતા તેવું પાંજરાપોળ ના સેવા આપતા દકુભાઈએ વાતચીતમાં જણાવ્યું હતું ધ્રોલ પાંજરાપોળ ખાતે મુલાકાત લેતા હોય ત્યારની તસવીર નજરે પડે છે.

## અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં

# પોરબંદર પંથકના પાંચના કરૂણ મોતઃ શોકનો માહોલ

### મોઢા પરિવારના રક્ષાબેન કિશોરભાઈ મોઢા, તેમના પુત્રવધૂ યશાબેન કિશન મોઢા અને તેમનો બે વર્ષનો પુત્ર રૂદ્ર આ પ્લેનમાં હતા સવાર

**અબતક, અશોક થાનકી, પોરબંદર**



ગઈકાલે બપોરના સમયે અમદાવાદથી લંડન જઈ રહેલું એક પ્લેન અચાનક ક્રેશ થતાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં આવેલી મેડિકલ કોલેજની હોસ્ટેલ પર આ ફ્લાઈટ ક્રેશ થતાં ભારે જાનહાનિ થઈ હતી. આ દુર્ઘટનામાં ૨૪૨ જેટલા લોકો સવાર હતા અને ૨૦૦થી વધુ લોકોના મોત થયા હોવાના સમાચાર મળી રહ્યા છે, જે આંકડો હજુ વધી શકે તેમ છે. આ કરૂણ ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું પણ નિધન થયું છે. આ દુર્ઘટનામાં પોરબંદર અને આસપાસના પંથકના સાત લોકો પણ આ પ્લેનમાં સવાર હતા, જેમાંથી પાંચ લોકોના મોત થયા હોવાના સમાચાર મળતાં સમગ્ર પોરબંદર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોરબંદરના બર્ડાઈ બ્રાહ્મણ સમાજના મોઢા પરિવારના રક્ષાબેન કિશોરભાઈ મોઢા, તેમના પુત્રવધૂ યશાબેન કિશન મોઢા અને તેમનો બે વર્ષનો પુત્ર રૂદ્ર પણ આ પ્લેનમાં સવાર હતા અને તેમના મોત થયા છે. આ ઉપરાંત, રોજડા ગામના વાડી વિસ્તારમાં રહેતા ગોઢાણીયા પરિવારના રિદ્ધિબેન નામની એક મહિલા અને તેમનો નાની ઉંમરનો પુત્ર પણ આ પ્લેનમાં સવાર હતા અને તેમના પણ મોતના સમાચાર છે. આ દુર્ઘટના અંગે પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાની પ્રતિક્રિયા આપી હતી અને મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. સમગ્ર ગુજરાતમાં આ કરુણ ઘટનાને પગલે શોકનો માહોલ છવાયો છે.

# રાજકોટ શહેર પોલીસના 'સશક્તિકરણ'માં વિજયભાઈ રૂપાણીનો સિંહફાળો

## ટ્રાફિક બ્રિગેડની ભરતી, પગારની મંજૂરી, સીસીટીવી પ્રોજેક્ટ, સ્ટાફ ક્વાર્ટર વિજયભાઈની ભેટ

## કોમનમેનની એકાએક વિદાયથી પોલીસ પરિવાર સ્તબ્ધ : વજ્રઘાત

## અલાયદા પોલીસ મથકો, પૂરતા વાહનો, સમયસર પ્રમોશન : પોલીસનું મનોબળ મજબૂત રાખવાનો અભૂતપૂર્વ પ્રયાસ

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં અનંત યાત્રાએ સીધાવનાર રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ખોટ જાહેર જીવનમાં ક્યારેય પુરી શકાય તેવી નથી. રાજકોટના પનોતા પુત્ર વિજયભાઈએ રાજકોટના વિકાસ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારમાંથી વધુમાં વધુ લાભ અપાવવામાં ડબલ એન્જિન સરકારનું સૂત્ર અને મોસાળે જમણ અને મા પીરસનાર કહેવત મુજબ વિજયભાઈ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો રાજકોટ માટેના પ્રેમનો સદ ઉપયોગ કરીને રાજકોટ માટે અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે. સાથે સાથે વિજયભાઈ રૂપાણી પોલીસ પરિવારના ખરા અર્થમાં હિમાયતી પુરવાર થયા હતા.

વિજયભાઈ રૂપાણીના શાસનકાળ અને તેમના જાહેર જીવનમાં પોલીસ માટે તેમણે સવિશેષ કામગીરી અને યોગદાન આપ્યું છે. આજે પોલીસ પરિવાર વિજયભાઈની વિદાયને વજ્રઘાત ગણી શોક વ્યક્ત કરી રહ્યો છે.

વિજયભાઈ રૂપાણીએ પોલીસને આપેલુ યોગદાન યાદગાર રહેશે. વિજયભાઈ રૂપાણીએ રાજકોટ પોલીસનું મહેકમ પૂર્ણ કરી પોલીસની શક્તિનો મહત્તમ લાભ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવામાં મળે તેના પ્રયાસો કર્યા હતા. સાથે સાથે પોલીસ પણ ભાર વગર કામગીરી કરી શકે તે માટે તેમણે મહેકમ પૂર્ણ કરવાની કામગીરી કરી હતી.

*** ટ્રાફિક બ્રિગેડની ભરતી અને પગારને સીએમ વિજયભાઈએ મંજૂરી આપી'તી**

રાજકોટ શહેરની કાયમી સમસ્યા ટ્રાફિકના નિવારણ માટે ટ્રાફિક પોલીસનું સંપૂર્ણ સશક્તિકરણ કરીને પોલીસને પ્રજાનો ખરા અર્થમાં મિત્ર બનાવવામાં વિજયભાઈ રૂપાણી નિમિત બન્યા હતા. ટ્રાફિક બ્રિગેડનો પગાર સરકારમાંથી મંજૂર કરાવીને વિજયભાઈ રૂપાણીએ ટ્રાફિક બ્રિગેડને સન્માન આવક અને યુવાનોને ટ્રાફિક બ્રિગેડ માટે પ્રોત્સાહિત કરવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે જ્યાં જ્યાં જરૂર હતી ત્યાં ઓવરબ્રિજ બનાવવામાં વિજયભાઈ રૂપાણીએ ચાવીરુપ ભૂમિકા ભજવી હતી.

*** વધતી વસ્તી અને મોટા વિસ્તારોને ધ્યાને રાખી અલાયદા પોલીસ મથકો બનાવયા**

રાજકોટ શહેરના વધતા વિસ્તાર અને વસ્તીને ધ્યાનમાં રાખી પોલીસ સ્ટેશનની સંખ્યા વધારી તેમાં તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શહેરમાં નાગરિકોને પોલીસની સતત હાજરી અને સધિયારાનો માહોલ ઉભો કર્યો હતો.

*** પોલીસ પરિવારની સુખાકારી માટે નવા સ્ટાફ ક્વાર્ટરનું નિર્માણ**

પોલીસ મજબૂત મનોબળ સાથે કામ કરી શકે, સારું પારિવારિક જીવન જીવી શકે તે માટે વિજયભાઈ રૂપાણીએ હંમેશા ચિંતા કરી છે અને પોલીસ અધિકારી અને સ્ટાફ માટે નવા બે અને ત્રણ બેડરૂમ વાળા ફ્લેટની બિલ્ડીંગો બનાવી પોલીસને સુખી પારિવારિક જીવન આપ્યું હતું.

*** ગુનેગારો પર બાજ નજર રાખવા સીસીટીવી પ્રોજેક્ટની ભેંટ**

રાજકોટમાં પોલીસની તાકાતને વધુ અસરકારક બનાવવા માટે શહેરમાં સીસીટીવી પ્રોજેક્ટ માટે વિજયભાઈ રૂપાણી જે પ્રોત્સાહન આપ્યું હતું તેના કારણે આજે શહેરમાં પોલીસની ત્રીજી આંખ ગુનેગારો માટે લાલબત્તી બની છે અને ગુનાનું પ્રમાણ ખૂબ ઘટ્યું છે.

*** પૂરતા વાહનો, પેટ્રોલિંગ માટે ૧૦૦ બુલેટની ફાળવણી**

પોલીસને પૂરતા પ્રમાણમાં વાહનોની સુવિધા આપી વિજયભાઈ રૂપાણીએ પોલીસના હાથની જેમ પોલીસના પગમાં જાણે કે પાંખો આપી હોય તેમ પોલીસ ગમે ત્યાં ગમે ત્યારે પહોંચી જાય તેવી અદ્યતન વાહન સુવિધાથી સજ્જ બનેલ છે. ટ્રાફિક પોલીસને પૂરતા પ્રમાણમાં વાહનો આપી તેના નિયમન અને વ્યવસ્થાની સાથે સાથે બંદોબસ્ત માટે ૧૦૦ જેટલા બુલેટ અને સીબીઝેડ જેવી આધુનિક મોટરસાયકલ વસાવવાની મંજૂરી વિજયભાઈએ પોતાના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન આપીને પોલીસને હાઈટેક બનાવી હતી.

*** પોલીસ વિભાગ જાણે વિજયભાઈનો પોતિકો પરિવાર**

પોલીસ પરિવારો માટે મેડિકલ કેમ્પના આયોજન અને ધાર્મિક પ્રસંગોની ઉજવણીમાં પ્રોત્સાહન આપીને પોલીસના દરેક કાર્યક્રમમાં વિજયભાઈ રૂપાણી સજોડે ઉપસ્થિત રહેતા હતા. પોલીસ માટે વિજય રૂપાણી હંમેશા પોતીકા પરિવારજન બની રહ્યા હતા. રાજકોટ સીટી પોલીસ દ્વારા કરવામાં આવતી તમામ રમતગમતની પ્રવૃત્તિ અને સ્પોર્ટ એક્ટિવિટીના ઉદઘાટન અને ઈનામ વિતરણ સમારોહમાં વિજયભાઈ રૂપાણીએ અચૂક હાજરી આપીને અનેક પોલીસ પુત્રોને રાજ્ય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

પોલીસ અધિકારીઓને સ્ટાફને સમયસર પ્રમોશન અને પગાર વધારાના જરૂરી લાભ અપાવવાની આખી વ્યવસ્થા વિજયભાઈ રૂપાણીએ ઊભી કરી છે. આજે વિજયભાઈના વિદાયના માહોલમાં સમગ્ર પોલીસ પરિવાર એક ભૌતિક આ સ્વજન ગુમાવ્યાનું દુઃખ અનુભવી રહ્યું છે.

## ગુજરાતના પનોતા પુત્રની ઓચિંતી વિદાય

# વિજયભાઈ રૂપાણીના નિધનથી રાજકોટ ભાંગી પડ્યું: શોકનો માહોલ

### પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને સાંસદ, ધારાસભ્ય, રાજકીય સામાજિક અગ્રણીઓ શ્રદ્ધાંજલિ પાઠવી

**અબતક, રાજકોટ**

અમદાવાદ નજીક થયેલા એક દુર્ભાગ્યપૂર્ણ પ્લેન ક્રેશમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા વિજયભાઈ રૂપાણીનું નિધન થતા રાજકીય અને સામાજિક વર્તુળોમાં ઊંડા શોકની લાગણી વ્યાપી ગઈ છે. આ ઘટનાથી સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં એક મોટી ખોટ પડી હોવાનું અનુભવાઈ રહ્યું છે.

આ દુર્ઘટનાના સમાચાર મળતા જ રાજ્યભરના રાજકીય અગ્રણીઓ, ધારાસભ્યો, સાંસદો, અને વિવિધ સામાજિક સંગઠનોના નેતાઓએ વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. વિજયભાઈએ સૌરાષ્ટ્રના વિકાસ માટે હંમેશા પ્રાથમિકતા આપી હતી. વેપારી સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક અગ્રણીઓએ પણ વિજયભાઈના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને તેમને ''સૌરાષ્ટ્રના સેવક'' તરીકે બિરદાવ્યા હતા.

વિજયભાઈ રૂપાણીનું નિધન ગુજરાતના રાજકારણ અને સામાજિક જીવનમાં એક શૂન્યતા સર્જી ગયું છે. તેમના કાર્યો, તેમની સાદગી અને લોકસેવા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા હંમેશા યાદ રહેશે.

### પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના કાર્યો, તેમની સાદગી અને લોકસેવા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા હંમેશા ગુજરાતને યાદ રહેશે

## પંજાબના લુધિયાણામાં ભાજપ કાર્યાલયમાં વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલી અર્પણ





**અબતક, રાજકોટ**

આજનો દિવસ આપણા બધા માટે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ બની ગયો છે, જે એક અપૂર્ણ ખોટ છોડી ગયો છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને પંજાબ ભાજપના પ્રભારી વિજય રૂપાણીનું અવસાન એ એક ગહન દુઃખ છે - જે શબ્દોની બહાર છે અને સહન કરવું મુશ્કેલ છે.

મને રૂપાણીજી સાથે નજીકથી કામ કરવાનો લહાવો મળ્યો. તેમનું જીવન રાષ્ટ્ર અને સમાજની સેવા માટે સમર્પિત હતું. તેમની રાજકીય અને સામાજિક યાત્રા આપણા બધા માટે પ્રેરણારૂપ છે. તેઓ ખૂબ જ નમ્ર વ્યક્તિ હતા, જેમના નેતૃત્વમાં ભાજપે માત્ર ગુજરાતમાં પોતાની પકડ મજબૂત કરી નહીં પરંતુ પંજાબમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી. લુધિયાણામાં ભાજપ મુખ્યાલયમાં તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, અને એક પણ આંખ સૂકી ન રહી. અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે તેઓ દિવંગત આત્માને શાંતિ આપે અને તેમના દિવ્ય ચરણોમાં સ્થાન આપે.

## સંવેદનશીલ - સાલસ રાજપુરૂષની અત્યંત આકસ્મિક વિદાયને અશ્રુ ભીની ''શ્રધ્ધાજંલી'': નેહલ શુક્લ

કાલે બનેલી આકસ્મિક ઘટનામાં વિજયભાઈ રૂપાણી નું અવસાન થતાં નેહલ શુક્લએ,''સંવેદનશીલ અને સાલસ રાજપુરુષ ની અત્યંત આકસ્મિક વિદાયને અશ્રુ ભીની શ્રધાંજલિ'' એ આપી હતી જ્યારથી સમજણા થયા ત્યારથી ભારતીય જનતા પાર્ટીની સેવા કરતા આવ્યા અને જીવનના છેલ્લા શ્વાસ સુધી ભારતીય જનતા પાર્ટી માટે કામ કરતા રહ્યા,

અને કદાચ એમ કહી શકાય કે ભારતીય જનતા પાર્ટીની સેવા માટે પોતાની જાતની આહુતિ આપી કારણકે એમનો ખરેખર પ્લેન કેસની અત્યંત દુઃખદ ઘટનામાં લોકોના સાચા પ્રતિનિધિ, અત્યંત સંવેદનશીલ અને સરળ હૃદયના માનવી અને જેમને સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં હજારો કાર્યકર્તાઓને કાર્યકર્તા માંથી નેતા બનવા માટેની પ્રેરણા આપી છે એવા શ્રી વિજયભાઈ રૂપાણી આજે આપણી વચ્ચે રહ્યા નથી અને હવે એમને

''શ્રી માંથી સ્વર્ગીય'' નું સંબોધન લખવાનું આવશે એ વિચાર માત્ર જ અત્યંત દુઃખ દાઈ છે, હું અને મૃત્યુ તો દરેકને આવવાનું જ હોય છે પરંતુ આવી રીતે અણધારી અકલ્પનીય અને આકસ્મિક વિદાય! અચાનક આટલા સતત સક્રિય રાજપુરુષ મીનીટોમાં વિદાય લઈ લે છે ત્યારે સૌની આંખોમાં આંસુ આવી જ જાય છે. રાજકોટને વિકાસની હરણ ફાળ ભરાવતા,હંમેશા કાર્યકર્તાઓને માટે ઉપલબ્ધ અને પ્રેરક એવા વિજયભાઈ એ આપણી વચ્ચેથી વિદાય લઈ લીધી છે ત્યારે વિધાતાના અકળ વિધાન ની પ્રભુને બીજી તો શું ફરિયાદ કરી શકાય !

શ્રી વિજયભાઈ રૂપાણી અને અકસ્માતનો ભોગ બનેલા સૌ મૃતકોના આત્માને સદગતિ મળે તેવી પ્રાર્થના સાથે સૌ મૃતકોને અશ્રુ સહ વંદન સાથે શ્રદ્ધાંજલિ ,

વિજયભાઈ રૂપાણી ના સંસ્મરણો હવે જીવનભર સાથે રહેશે.

## સાંસદ રાજેશભાઈ ચુડાસમાં, માંગરોળના ધારાસભ્ય ભગવાનજીભાઈએ શ્રદ્ધાના સુમન અર્પણ કર્યા

**અબતક, નીતિન પરમાર, માંગરોળ**

અમદાવાદ દુર્ઘટના ને લઈ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિધન લઈને જુનાગઢ જિલ્લા સાંસદ રાજેશભાઈ ચુડાસમાં, માંગરોળ ધારાસભ્ય ભગવાનજીભાઈ ,માંગરોળ શહેર ભાજપ પ્રમુખ સહિતના દુઃખ વ્યકત કર્યું આવી ઘટના ની પરિસ્થિતિમાં તમામ પરિવારજનો ને સહન કરવાની ઈશ્વર શક્તિ આપે અને ઈજાગ્રસ્ત તો ને જલ્દી સ્વસ્થ થાય તેવી પ્રભુ પાસે પ્રાર્થનામાં..

## વિજયભાઈ એટલે સાત્વિક, સરળ, સહજ, સૌમ્ય અને સમર્પિત જનનાયક: માંધાતાસિંહ



ગુજરાત રાજ્યની પ્રજાભિમુખ અને પારદર્શી સરકારના એક સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે જેમનું નામ આદરપૂર્વક લેવામાં આવતું હતું તેવા સાત્વિક, સરળ, સહજ, સૌમ્ય અને સમર્પિત જનનાયક વિજયભાઈ રૂપાણીની વિદાયથી જાહેર જીવન પાંગળું બન્યું છે એમ જણાવીને રાજકોટના ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજાએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી.

પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર વિજયભાઈ રૂપાણીએ વિદ્યાર્થીકાળથી દૂરંદેશી દાખવીને જાહેર જીવનમાં સકારાત્મક રાજકીય નેતૃત્વની ધરોહર સમાન કાર્ય કર્યું હોવાનું જણાવીને માંધાતાસિંહજીએ રૂપાણી પરિવાર પ્રત્યે રાજ પરિવાર વતી સંવેદના પ્રગટ કરી હતી.

અમદાવાદ વિમાન દુર્ઘટનાનાં દિવંગત આત્માઓને રાજકોટ રાજ પરિવાર ભાવપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરી ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય એવી પ્રાર્થના કરી હતી.

## ભાજપને શ્રેષ્ઠ સંગઠન કાર તેમજ માર્ગદર્શકની ખોટ પડી : ચેતન રામાણી



ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણીએ તેમજ ખેડૂત આગેવાન ચેતનભાઈ રામાણી એ ગુજરાત રાજ્યના સંવેદનશીલ અને યશસ્વી પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નું કાલે નિધન થતા શ્રદ્ધાંજલિ પાઠવી હતી અને જણાવ્યું હતું કે મારે જેમની સાથે વર્ષોથી નજીકનો ધરોબો રહ્યો હતો જે મારા અંગત મિત્ર એક ભાગીદાર તેમજ મારા રાજકીય માર્ગદર્શન પણ રહી ચૂક્યા છે એવા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ના નિધનના સમાચાર સાંભળી ઊંડાણપૂર્વક દુઃખની લાગણીઓથી શોકાતુર છું માત્ર હું નહીં પણ ભાજપના એક શ્રેષ્ઠ સંગઠનકાર તેમ જ માર્ગદર્શક આપતા વ્યક્તિનું આજે એક બહુ મોટી ખોટ પડી છે

## વિજયભાઈ રૂપાણી તો જીવદયા રત્ન હતા: નમ્રમુનિ



**અબતક, રાજકોટ**

વિદાય હંમેશા વેદના અને સંવેદનાની સ્પર્શના કરાવતી હોય છે, એમાં પણ અચાનક અને અણધારી આકસ્મિક વિદાય તો અકલ્પનીય અને અકથ્ય હોય છે.

વિજયભાઈ રૂપાણી એટલે એક એવું વ્યકિતત્વ જેમની નિઃસ્વાર્થ સેવા, જીવદયા, પ્રેમ, દેશભકિત જેવા શ્રેષ્ઠ સદગુણો એમને ગુજરાત રાજ્યની દરેક વ્યકિત સાથે જોડે છે, એમને એમના જીવનને દેશની સેવા અને સમાજના દરેક વર્ગના લોકો માટે સમર્પિત કર્યું હતું એટલે એમની વિદાય સહુ માટે આઘાતનું કારણ બની શકે તે સ્વાભાવિકપણે સમજી શકાય છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રત્યે આત્મિયતા ધરાવતા વિજયભાઈ રૂપાણી તેઓના દરેક અવસરે ભક્તિભાવે ઉપસ્થિત રહ્યા છે.

એમનો આત્મા પરમ શાંતિને પ્રાપ્ત કરે, શાશ્વત સમાધિને પ્રાપ્ત કરે એ જ અંતરથી ભાવાંજલિ.

## ગુજરાતએ દેવ-દુર્લભ નેતા ગુમાવ્યાં: વિબોધ દોશી



ગુજરાતના જાહેરજીવને કર્મયોગી અને દેવદુર્લભ નેતા ગુમવ્યા છે. વિજયભાઈ રૂપાણીના આકસ્મિક નિધનથી સંઘપરિવારે નિષ્ઠાવાન અને કુશળ કાર્યકર્તા ગુમવ્યા છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ગુજરાતના પૂર્વપ્રદેશ મહામંત્રી વિબોધ દોશીએ ઊંડા આઘાતની લાગણી વ્યકત કરીને પરમાત્મા તેઓ ના આત્મા ને પરમ શાંતિ આપે તેવી વિબોધ દોશીએ પ્રાર્થના કરી છે. આ સાથે દોશી એ તાજેતરમાં વિજયભાઈના ઘરે વિદ્યાર્થી પરિષદના પૂર્વ પ્રદેશ અગ્રણીઓ સાથેના સ્નેહમિલનની તસ્વીર જાહેર કરી છે.આ તસ્વીરમાં સર્વ વસંતભાઈ ખોખાણી, વિજયભાઈ અને અંજલીબેન રૂપાણી, ચંદ્રકાંત શુકલ, જ્યોતીન્દ્ર મામા, કમલેશ જોશીપૂરા, કલ્પક ત્રિવેદી, વિભોધ દોશી વિગેરે જણાય છે.

## મારા પુત્ર રોહનને વિજયભાઈને કારણે જ નવજીવન મળ્યું:કમલેશ મિરાણી શોકાતુર

**અબતક રાજકોટ**



રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મિરાણીએ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા જણાવ્યું હતું કે, મારા પુત્ર રોહનનો ૨૦૧૭ માં જ્યારે રેલવે અકસ્માત સર્જાયો હતો ત્યારે મારી પહેલા વિજયભાઈ હોસ્પિટલ પહોંચી ગયા હતા ત્યારે તેઓ મુખ્યમંત્રી હતા.છતાં તમામ મહત્વના કામો પડતા મૂકી સતત હોસ્પિટલમાં હાજર રહ્યા હતા.આજે રોહન આપણી વચ્ચે હયાત છે તેના માટે હું વિજયભાઈનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. મારા પરિવારના મોભીની જેમ મારા દુઃખમાં સહભાગી થયા હતા.મારા જેવા અનેક કાર્યકરોનું ઘડતર વિજયભાઈ કર્યું છે તેઓનું અકાળ અવસાન ખરેખર ભાજપ માટે એક મોટી ખોટ સમાન ગણાવી શકાય રાજકોટના કાર્યકરો હાલ ઊંડા શોકમાં ઘરકાવ થઈ ગયા છે મારા રાજકીય ઘડતરમાં વિજયભાઈનો ખુબ જ મોટો ફાળો રહ્યો છે .તેઓને પરમ કૃપાળુ પરમાત્મા ચીર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું.

## વિજયભાઈ શાંત સમજદાર અને કાર્યશીલ વ્યક્તિત્વના ધણી હતા: ડો કથીરિયા

### એક સરળ નિષ્ઠાવાન અને જનસેવા અને સમર્પિત કર્મયોગી નેતા



વિજયભાઈ ના જવાથી ગુજરાતીમાં જ રાજકોટ અશોક વિજયભાઈ ના જવાથી ગુજરાતીમાં જ રાજકોટ શોકમગ્ન છે તેમ જણાવી વિજયભાઈ સાથે ના સંબંધોને યાદ કરતા પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો વલ્લભ કથીરિયા એ જણાવ્યું હતું કે, અમારા સંબંધો રાજકીય મંચથી વિશેષ રહ્યા છે તેઓ હંમેશા શાંત સમજદાર અને કાર્યશીલ વ્યક્તિત્વના ધનિ હતા તેમની કાર્યશૈલીમાં ક્યારેય અહંકારના અવકાશ ન હતો જનતાની વચ્ચે રહીને લોકહિતના નિર્ણયો લેવા એ જ એમની કાર્યપ્રણાલી રહી હતી. આજના વિકસિત ગુજરાતમાં તેમનો અમૂલ્ય અને વિસ્મરણીય યોગદાન હરહંમેશા યાદ રહેશે તેમ કહીને તેમણે તેમના સદગત આત્માને ચિર શાંતિ આપે અને પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી ઈશ્વરના પ્રાર્થના કરી હતી.


## મેંગોપીપલ પરિવારના ઝૂંપડપટ્ટીના બાળકોએ પાઠવી શ્રધ્ધાજંલી



**અબતક ,રાજકોટ**

મેંગોપીપલ પરીવારમાં અમે માત્ર નાની ઉમરના બાળકોને શિક્ષણ નથી આપતાં, પણ તેમને સાથોસાથ કરુણાભર્યું હૃદય પણ આપવાનો પ્રયત્ન કરીએ છીએ.ઝૂંપડપટ્ટીના આજના ફ્રી એજ્યુકેશન ક્લાસ દરમિયાન, ઝૂંપડપટ્ટીના બાળકો સાથે મળીને અમે બે મિનિટ મૌન પાળ્યું.તેમના હાથ જોડાયેલા હતા... હૃદયથી પ્રાર્થનાઓ વહેતી હતી...અપાર કરુણા સાથે બાળકોએ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા અમદાવાદ વિમાન દુર્ઘટનાગ્રસ્ત નિર્દોષ જીવોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી અર્પણ કરી. આ શ્રદ્ધાંજલિ એ બાળહૃદયની પવિત્રતા, સહાનુભૂતિ અને અખૂટ દુઃખની લાગણી હતી.

## મૃતકોની આત્માની શાંતિ માટે કાલે બાલાજી હનુમાન મંદિરે પ્રાર્થના સભા



અમદાવાદ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી સહિત તમામ મૃતકોને બાલાજી હનુમાનજી મંદિરે અને સ્વામિનારાયણ મુખ્ય મંદિરે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે મંદિરોમાં મૌન પાળી મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરાઈ હતી. સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને બાલાજી મંદિરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ આ દુર્ઘટનાને ''ખૂબ જ દુઃખદ સમાચાર'' ગણાવ્યા હતા અને જણાવ્યું હતું કે, ''આપણે સૌ કોઈ આ ઘટનાથી દુઃખી છીએ અને મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ.'' તેમણે જણાવ્યું કે, ''જ્ઞાન અને વિજ્ઞાન ગમે તેટલું હોય પણ અંતે માનવી લાચાર હોય છે.'' તમામ મૃતકોના આત્માને શાંતિ માટે આવતીકાલે, શનિવારે, બાલાજી હનુમાનજી મંદિરે સાંજે ૬ થી ૭ પ્રાર્થના સભા રાખવામાં આવી છે.

## વિરાણી સ્કૂલે ગુમાવ્યો 'વિદ્યાર્થી રત્ન'

### વિજયભાઈએ કોર્પોરેશનની શાળા નં- ૧૯ માંથી ૧૯૬૫ થી ૧૯૭૨ સુધી ધોરણ ૫ થી એસએસસી સુધી અભ્યાસ કર્યો હતો



**અબતક, રાજકોટ**

આજે સવારે રાજકોટની વિરાણી સ્કૂલ ખાતે ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. વિજયભાઈ રૂપાણીએ સરદાર નગરમાં આવેલી શાળા નંબર ૧૯ માંથી ૧૯૬૫ થી ૧૯૭૨ દરમિયાન વિરાણી સ્કૂલમાં ધોરણ પાંચ થી એસએસસી સુધીનો અભ્યાસ કર્યો હતો.

આ શાળા સાથે તેમનો ગાઢ સંબંધ રહ્યો હતો. જ્યારે વિજયભાઈ રૂપાણી રાજ્યસભાના સાંસદ બન્યા અને ત્યારબાદ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા આપી, ત્યારે શાળા દ્વારા તેમનું ગૌરવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું. વિરાણી સ્કૂલના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયાએ 'અબતક' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વિજયભાઈમાં વિદ્યાર્થીકાળથી જ નેતૃત્વના ગુણો વિકસ્યા હતા. તેમના વિદ્યાર્થીકાળના સંસ્મરણો આજે પણ શાળામાં ગર્વભેર યાદ કરવામાં આવે છે. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ તેમના આદર્શ અને પ્રેરણાદાયી જીવનને યાદ કરી, તેમને ભાવાંજલિ અર્પી હતી.

## વિજયભાઈ રૂપાણી સાથે વિતાવેલા સંસ્મરણો હરહંમેશ માનસપટ પર રહેશે: ઉદય કાનગડ



ગુજરાતના અમદાવાદથી લંડન જઈ રહેલા ક્રૂ મેમ્બર સહિત ૨૪૨ લોકોની સવારી સાથેનું વિમાન ટેકઓફ થયાના થોડા સમય પછી જ ક્રેશ થઈ જવાથી સર્જાયેલી કાળજા કંપાવનારી ગમખ્વાર દૂર્ઘટનામાં હતભાગી દિવંગતોને અશ્રુભીની શ્રધ્ધાંજલી પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવ્યું હતું કે ગુજરાતની ધરતી પર વિમાન ક્રેશની આ દૂઃખદાયી ઘટનાએ માનવ મનને હચમચાવી નાંખ્યા છે. આ કરૂણાંતીકાથી ગુજરાત જ નહી સમગ્ર દેશવાસીઓ અવાચક થઈ ગયા છે. 'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનુ છે' ની જેમ પોત-પોતાના પ્રસંગો-ધંધાઅર્થે લંડન જવા પ્રસ્થાન કરનાર વિમાનયાત્રીઓ વિમાન ક્રેશને કારણે ઘડીના છઠ્ઠા ભાગમાં મોતના મુખમાં હોમાઈ ગયા અને સમગ્ર ગુજરાત શોકમાં ગરકાવ થઈ ગયું અને લોકોમાં હતાશા વ્યાપી ગયેલ છે.

# ભાજપ પર વ્રજઘાત: નેતાઓ અને કાર્યકરોની આંખો ભીની

## ભાજપના મોટા ભાગના નેતાઓ અને કાર્યકરો ગાંધીનગર સ્થિત વિજયભાઈના નિવાસ્થાને પહોંચી ગયા

**અબતક રાજકોટ**

અમદાવાદમાં સર્જાયેલી પ્લેન દુર્ઘટના રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દુઃખદ અને અકલ્પનીય નિધન થતા ભાજપ પર જાણે કુદરતનો વ્રજઘાત થયો હોય તેવું લાગી રહ્યું છે.ભાજપના મોટા ભાગના નેતાઓ ઊંડા શોકમાં ગરકાવ થઈ ગયા છે. આજે સવારે ગાંધીનગરથી વિજયભાઈના નિવાસસ્થાન ખાતે રાજકોટ શહેર ભાજપના મોટા ભાગના નેતાઓ પહોંચી ગયા હતા. વિજયભાઈ રૂપાણી અંતિમ વિધિ રાજકોટમાં કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના હાલ જણાય રહી છે. કાર્યકરોની આંખો સતત ભીની છે કોણ કોને સાંત્વના આપે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. અમદાવાદમાં ગઈકાલે જે એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયું તેમાં વિજયભાઈ રૂપાણી સવાર હોવાની વાત રહેતી થવાની સાથે જ ભાજપના લાખો કાર્યકરોમાં શોક છવાય ગયો હતો.દરમિયાન વિજયભાઈનું પણ આ પ્લેન દુર્ઘટનામાં કરુણ મૃત્યુ થયું હોવાની વાત ફાઈનલ થતાની સાથે જ કાર્ય કરો શોકમાં ગરકાવ થઈ ગયા હતા. કેટલાક નેતાઓ ગઈકાલે સાંજે જ અમદાવાદ ખાતે પહોંચી ગયા હતા. દરમ્યાન આજે સવારે રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન પુષ્કરભાઈ પટેલ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા અને મહાપાલિકાના દંડક મનીષભાઈ રાડિયા ગાંધીનગર ખાતે પહોંચી ગયા હતા.ત્યારબાદ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે અને બંને મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા અને વિરેન્દ્રસિંહ ઝાલા પણ અમદાવાદ જવા માટે રવાના થયા હતા શહેર ભાજપના મોટા ભાગના નેતાઓ હાલ અમદાવાદ અને ગાંધીનગર ખાતે હોવાનું જાણવા મળી રહ્યું છે. વિજયભાઈ રૂપાણીનો પાર્થિવ દેહને રાજકોટ લાવવામાં આવે તેવી શક્યતા પણ જણાય રહી છે. જો કે તેઓની અંતિમવિધિ ક્યારે ભરવી અને ક્યાં કરવી નિર્ણય તેમનો પુત્ર ઋષભ રૂપાણી અમેરિકાથી મધરાતે પરત ફર્યા બાદ જ લેવામાં આવશે. હાલ અંજલિબેન રૂપાણી આજે સવારે લંડન પરત ફરતા તેઓને સાંત્વના આપવા માટે સાંસદો, ધારાસભ્ય અને મંત્રીમંડળના સભ્યો, નગરસેવકો અને ભાજપના નેતાઓ પહોંચી ગયા હતા. ભાજપમાં હાલ ભારે શોક જોવા મળી રહ્યો છે એક ટોચના નેતાને ગુમાવ્યા હોવાનો શોક ભાજપના મોટા નેતા નથી લઈ સામાન્ય કાર્યકર્મ જોવા મળી રહ્યો છે.વિજયભાઈ કાર્યકરોના ઘડતર માટે કરેલી અથાગ મહેનત ને કાર્યકરો આજે યાદ કરી રિસર્ચ રડી રહ્યા છે દુઃખની આ કડીમાં રૂપાણી પરિવાર માટે ભાજપનો પરિવાર મોટો સધિયારો બની રહ્યો છે.

# વેપારી મહાજનો, સંગઠનોની કઠણાઈ અને પ્રશ્નો પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અથાગ પ્રયત્ન થકી ઉકેલ્યા: પુરૂષોત્તમ પીપરીયા

**અબતક રાજકોટ**



સૌરાષ્ટ્ર કચ્છ અર્બન કો.ઓપરેટિવ બેન્ક ફેડરેશન અને ધી રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી.ના સી.ઈ.ઓ. ડો. પુરુષોત્તમ પીપરીયા તેમજ સૌરાષ્ટ્ર કચ્છ અર્બન કો. ઓપરેટિવ બેન્ક ફેડરેશનના ચેરમેન વિક્રમભાઈ તન્ના અને સેક્રેટરી હારીતભાઈ મહેતા અને એક્ઝિક્યુટિવ સેક્રેટરી પ્રકાશ શંખાવલાએ મંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું કે, રાજકોટ શહેરના ૭૫ વર્ષના વિકાસ માટેનો ઈતિહાસ જોઈએ તો છેલ્લા ૭૫ વર્ષમાં જેટલો વિકાસ થયેલ એનાથી વધુ વિકાસ વિવિધ ક્ષેત્રમાં વિજયભાઈ રૂપાણીના શાસનકાળ દરમિયાન થયેલ હોવાથી રાજકોટની જનતા તેની હંમેશા આભારી રહેશે. એ સાથે સૌથી વધુ નાણા ફાળવનાર રાજનાયક તરીકેનો યશ રાજકોટના સંવેદનશીલ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ફાળે જાય છે. કોઈપણ વ્યક્તિ પદ ત્યાગ કરીને નિવૃત્ત થાય ત્યારબાદ પ્રજાજનો ઘૂંઘવાટા કરતા દરિયાની જેમ સ્વાગત અને સન્માન કરે ત્યારે સમજી લેવું જોઈએ કે તે વ્યક્તિએ પ્રજાના વિશાળ હિતમાં સંવેદનશીલ નિર્ણયો લેવામાં જરાય કચાશ રાખી નથી. આવા આપણા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને મુખ્યમંત્રી તરીકે આરૂઢ થતા જે સન્માન મળ્યું હતું એના કરતાં અનેક ગણું સન્માન પદ ત્યાગ કર્યા બાદ મળેલ તે ઉત્તમ કોટીના ભૂપતિ સમાન મૂલવી શકાય.

વિજયભાઈ રૂપાણીએ રાજકોટના વિકાસ માટે અથાગ પ્રયત્ન કર્યા છે તે અભૂતપૂર્વ કાર્ય કર્યું છે. ઉપરાંત ગરીબ અને મધ્યમ વર્ગ માટે હંમેશા ખેવના રાખતા હતા. આ સદગત આત્માને ચીર શાંતિ આપે અને પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે ઈશ્વર પાસે પ્રાર્થના કરી હતી.

# વિજયભાઈ રૂપાણી જૈન સમાજ માટે જ નહી પરંતુ જન સમાજ માટે સેવારત રહેતા: જૈન સમાજના અગ્રણીઓ



ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નું પણ મૃત્યુ થયું. તે સમાચાર જાણી સમગ્ર રાજકોટ જૈન સમાજને દુઃખની લાગણી થયેલ છે. જૈન સમાજના પનોતા પુત્ર રત્ન જ નહી પરંતુ ગુજરાતના ગૌરવ સમાન જીવદયા પ્રેમી વિજયભાઈ રૂપાણીએ દેશ માટે અને જૈન સમાજ સહિત નાના - મોટા સૌ માટે અવિસ્મરણીય સત્કાર્યો કર્યા છે. જૈન સમાજના કોઈપણ પ્રસંગ હોય દીક્ષા મહોત્સવ હોય કે પાલખી યાત્રા પોતાનો અમૂલ્ય સમય ફાળવી વિજયભાઈ રૂપાણી અચૂક ઉપસ્થિત રહેતા. ગુજરાત રાજ્ય દ્વારા અન્નપૂર્ણા યોજના એ વિજયભાઈની દેણ છે. જરૂરિયાતમંદ દિન દુઃખિયાઓને અ યોજના અંતર્ગત ભોજન મળે છે. પૂજિત રૂપાણી ટ્રસ્ટ દ્વારા અનેક છેવાડાના લોકો શિક્ષણ સહિતના દરેક ક્ષેત્રે પૂજિત રૂપાણી ટ્રસ્ટ મદદરૂપ બને છે. જીવદયા રત્ન વિજયભાઈ રૂપાણીના અવસાનથી જૈન સમાજમાં બહુ મોટી ખોટ પડી છે તેમ રાજકોટ જૈન સમાજના અગ્રણી ચંદ્રકાંતભાઈ શેઠ, મનોજભાઈ ડેલીવાળા, પ્રવિણભાઈ કોઠારી, એડવોકેટ કમલેશભાઈ શાહ, સતીષભાઈ મહેતા, બિપીનભાઈ પારેખ, વીણાબેન શેઠ, નયનાબેન મોદી, પ્રતાપભાઈ વોરા, સુશીલભાઈ ગોડા, સી.પી.દલાલ, હેમલભાઈ મહેતા, રૂષભભાઈ શેઠ, શૈલેષભાઈ માઉ, ગૌરવભાઈ દોશી, જીતુભાઈ શેઠ, ચેતનભાઈ વખારિયા, વર્ષાબેન પારેખ, રિધ્ધિબેન બાવીસી, રત્નાબેન કોઠારી, અમીબેન દોશી, પ્રદીપભાઈ મહેતા, કમલેશભાઈ મોદી, કિશોરભાઈ દોશી વગેરે જૈન અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ પાઠવેલ છે.

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત દિવંગતોને શ્રદ્ધાંજલિ પાઠવતું વેસ્ટર્ન રેલવે સંઘ


**અબતક, રાજકોટ**



અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાના દુઃખદ સમાચારથી અમને આઘાત લાગ્યો છે. આ નુકસાન હૃદયદ્રાવક છે. આ દુઃખની ઘડીમાં, અમારી પ્રાર્થનાઓ આ અકસ્માતથી પ્રભાવિત થયેલા લોકો સાથે છે. ભગવાન મૃતકોના આત્માઓને શાંતિ અર્પે અને પરિવારના સભ્યોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.આ દુર્ઘટનામાં આપણા પ્રિય ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીજીનું પણ અવસાન થયું છે. અમારી પ્રાર્થના અને હૃદયપૂર્વકની સંવેદના તેમના પરિવાર સાથે છે.બધા સંબંધિત વહીવટી કર્મચારીઓ મદદ કરવામાં રોકાયેલા છે અને અમે આ મુશ્કેલ સમયમાં લોકોને મદદ કરવા બદલ તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ.તાજેતરમાં, ગયા મહિને ડબલ્યુ આર એમ એસ દ્વારા આયોજિત સ્વ. ચીમનભાઈ શુક્લ ફૂટબોલ ટુર્નામેન્ટનું ઉદઘાટન વિજયભાઈ રૂપાણીજી દ્વારા કરવામાં આવ્યું હતું. તે એક અવિસ્મરણીય ક્ષણ બની ગઈ છે.

# પદથી પર એક પરિવાર: વિજયભાઈ રૂપાણી અને શાહ પરિવારનું અણમોલ બંધન

## વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ પાઠવતો શાહ પરિવાર





પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને તેમના પરિવાર સાથે શાહ પરિવારનો ૩૫ વર્ષ જૂનો પારિવારિક સંબંધ છે, જે માત્ર ઔપચારિક નહીં પણ લાગણીઓથી ભરપૂર હતો, ડો. નયનભાઈ શાહ, રૂપાણી પરિવારના ફેમિલી ડોક્ટર રહ્યા છે. વિજયભાઈ જ્યારે પણ બહારગામ જતા, ત્યારે તેઓ હંમેશા મારા પિતા પાસેથી દવાની કીટ સાથે લઈ જતા. મારી માતા કિરણબેન અને અંજલી ભાભી ગાઢ મિત્રો છે. મારી કારકિર્દી અને પ્રગતિમાં વિજયભાઈનો અમૂલ્ય ફાળો રહ્યો છે, જેના માટે હું તેમનો હંમેશા ઋણી રહીશ.વિજયભાઈ હંમેશા અમારા માટે પરિવારના સભ્ય સમાન રહ્યા. તેમનો સ્વભાવ અત્યંત ડાઉન ટુ અર્થ, સંવેદનશીલ અને લાગણીસભર હતો. તેમણે ક્યારેય પોતાના પદનો અહંકાર રાખ્યા વગર સૌની સાથે પ્રેમ અને સંવેદનશીલતાથી સંબંધો જાળવી રાખ્યા. અંજલી ભાભી પણ સાહેબની જેમ જ સરળ, સંવેદનશીલ અને લાગણીવાળા સ્વભાવના છે. તેઓ પણ બધા સાથે હળીમળીને રહે છે.અમારી સોસાયટીમાં કોઈ પણ પ્રસંગ હોય, તહેવાર હોય કે દુઃખદ પ્રસંગ હોય, સાહેબ અને તેમનો પરિવાર હંમેશા અમારી સાથે રહેતો. ખાસ કરીને અમારા પરિવારના દરેક પ્રસંગમાં વિજયભાઈ અને તેમનો પરિવાર હાજર રહેતો. સંક્રાંત, દિવાળી, હોળી, ૧૫મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરી જેવા તહેવારો પણ અમે હંમેશા સાથે મળીને ઉજવતા. વિજયભાઈ જ્યારે પણ અમારા ઘરે આવતા, ત્યારે તેઓ અમારી સાથે તો વાત કરતા જ, પણ મારા દીકરા ક્રિયાંશ અને દીકરી અયાંશીને પણ તે જ પ્રેમથી બોલાવતા અને રમાડતા. વિજયભાઈના આવા દુઃખદ અવસાનથી સોસાયટીના સભ્યો, તેમના પરિવારના સભ્યો અને ખાસ કરીને અમારા પરિવારે એક ભાવભીની અને લાગણીસભર વ્યક્તિ ગુમાવી છે, જેની ખોટ કોઈ રીતે પૂરી શકાશે નહીં. તેઓ શાહ પરિવાર એ જણાવ્યું હતુ ઉપરાંત ગુજરાત રાજ્ય અને ભારત દેશે એક લાગણીસભર અને સંવેદનશીલ વ્યક્તિ ગુમાવી છે.વિજયભાઈની આત્માને પરમ કૃપાળુ ભગવાન શાંતિ આપે તથા મોક્ષ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ

# કાર્યપધ્ધતિ, શૈલી, સદ્‌ભાવના વગેરે હંમેશને માટે સ્મૃતિ રૂપ બની રહેશે : ચંદ્રકાન્તભાઈ શેઠ



જૈન સમાજ ના સન્માનનીય સભ્ય તથા ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીજીના અચાનક અવસાન નાં દુઃખદ સમાચારથી દિલને અકલ્પનીય આઘાત લાગ્યો છે.સમા રાજકોટ માટે જ નહી પરંતુ સમગ્ર ગુજરાતમાં કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી ને પોતાનું નામ અમર કરનાર એવા સાચા અર્થમાં સેવાકારી અને રાજકોટના રત્ન વિજયભાઈ રૂપાણી સદાયને માટે યાદ રહેશે.. તેમની કાર્યપધ્ધતિ, શૈલી, સદભાવના વગેરે હંમેશને માટે સ્મૃતિ રૂપ બની રહેશે. બમે તેવા નાનામાં નાના માનવીને આવકાર અને એમની સમસ્યાઓનો સોલ્યુશન એમનો સિધ્ધાત હતો. તેમની નિષ્ઠા, ધર્મપરાયણતા, સમાજસેવા અને સરળ સ્વભાવ હંમેશા હૃદયમાં જીવંત રહેશે. તેઓનું જીવન માત્ર એક રાજકારણી તરીકે નહીં, પરંતુ એક સજ્જન વ્યક્તિત્વ તરીકે દરેકના મનમાં અનંત સ્નેહ જગાવ્યો છે. આ અવસાન માત્ર પરિવાર માટે નહીં પરંતુ સમગ્ર જૈન સમાજ માટે એક મોટી ક્ષતિ છે.

# પરિવારના સ્વજન ગુમાવ્યા હોય તેવી પીડા અનુભવી રહ્યો છું: મનીષ રાડિયા


**અબતક રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકાના દંડક અને વોર્ડ નં.૨ના ભાજપના સિનિયર કોર્પોરેટર મનીષભાઈ રાડિયાએ વિજયભાઈ રૂપાણીને શ્રદધાંજલી અર્પણ કરતા જણાવ્યું હતું કે,એક ખૂબ સરળ અને ઉષ્માભર્યા સૌના મિત્ર સમાન વિજયભાઈના નિધનથી 'આપણા પોતાના ' પરિવારના સભ્ય ને ગુમાવ્યાની પીડાનો અનુભવ થઈ રહ્યો છે.તેઓએ હંમેશા નાનામાં નાના કાર્યકરની ખેવના કરી હતી.તેમના નિધનથી હું ખૂબ જ વ્યથિત થયો છે.

# વિજયભાઈ જેવા દૂરંદેશી નેતાને ગુમાવવા એ પૂરી ન શકાય એવી ખોટ: બીસીસીઆઇ પૂર્વ સેક્રેટરી નિરંજન શાહ

## એસપીએલની શરૂઆતમાં મૌન પાળીને સ્વ. વિજયભાઈ રૂપાણી અને જીવ ગુમાવનારા તમામ લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટના, જેમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી સહિત અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે, તેના પગલે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશને શોક વ્યક્ત કર્યો હતો. આ ગંભીર ઘટનાને ધ્યાનમાં રાખીને, એસો. દ્વારા સંગીત સહિત તમામ પ્રકારના મનોરંજનથી દૂર રહીને શાંતિપૂર્વક રમાડવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશને સ્વ. વિજયભાઈ રૂપાણી અને દુર્ઘટનામાં જીવ ગુમાવનાર અન્ય વ્યક્તિઓના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. એસોસિએશને જણાવ્યું કે સ્વ. વિજયભાઈ રૂપાણી એક પ્રતિષ્ઠિત નેતા અને નમ્ર માનવી હતા, જેમનું ગુજરાતના વિકાસ અને તેના લોકોના કલ્યાણ માટેનું યોગદાન હંમેશા યાદ રહેશે. તેમનું અવસાન રાજ્ય અને રાષ્ટ્રમાટે અપુરતી ખોટ છે.

પૂર્વ બીસીસીઆઈ સેક્રેટરી નિરંજન શાહે દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું કે વિજયભાઈ જેવા આદરણીય અને દૂરંદેશી નેતાને ગુમાવવા એ ક્યારેય પૂરી ન શકાય એવી ખોટ છે. સીએસએ પ્રમુખ જયદેવ શાહે પણ શોક વ્યક્ત કરતા જણાવ્યું કે વિજયભાઈ માત્ર રાજકીય નેતા જ નહીં પણ નમ્ર અને દયાળુ માનવી પણ હતા, જેમણે હંમેશા લોકોના ઉત્થાનમાં વિશ્વાસ રાખ્યો હતો.

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પદાધિકારીઓ, ટીમો, મેચ અધિકારીઓ અને હાજર રહેલા સૌ કોઈએ ગઈ કાલની મેચની શરૂઆત પહેલા મૌન પાળીને સ્વ. વિજયભાઈ રૂપાણીના અવસાન અને વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા તમામ લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# વિજયભાઈ રૂપાણી અણધારી વિદાય માટે કોઈ શબ્દો નથી: પ્રિ. ડો.યજ્ઞેશ જોશી

**અબતક રાજકોટ**

એરઈન્ડિયાના પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિધન થયાના સમાચાર દુર્ભાગ્યપૂર્ણ છે. અતિષય કરુણ અને ન કલ્પી શકાય તેવા સમાચાર છે. તેમની વિદાય માટે કોઈ શબ્દો નથી. સ્વ. વિજયભાઈ રૂપાણી સામેના પરિવારજનો થીમતી અંજલી બહેન, ઋષભભાઈ તેમજ સમગ્ર રૂપાણી પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના, મહાદેવ તેમના આત્માને શાશ્વત શાંતિ આપે. રાજકોટે તેમના હમદર્દ અને રાહબર ગુમાવ્યા છે. સંવેદનશીલ વ્યક્તિના જવાથી સમગ્ર ગુજરાતની પ્રજાએ દુઃખ અનુભવ્યું છે.

સ્વ. વિજયભાઈ રૂપાણી સહીત નિધન પામેલા સર્વ નાગરિકોને ભાવભરી શ્રદ્ધાંજલિ પરમાત્મા તેમના કુંટુંબીજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે. તેમ જે.જે.કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ (અંગ્રેજી માધ્યમ)

# વિજયભાઈ હંમેશા દરેક કાર્યકર્તા અને જનમાનસમાં અમર રહેશે : પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ



પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલે વિમાન દુર્ઘટનામાં અનેક લોકોના થયેલા મૃત્યુ બદલ શોક વ્યક્ત કર્યો છે અને દિવંગત આત્માઓને સદગતિ મળે તેવી પ્રાર્થના કરી છે. તેમણે ખાસ કરીને જણાવ્યું કે આ દુર્ઘટનામાં રાજકોટના પૂર્વ મુખ્યમંત્રી, પક્ષના કુશળ સંગઠક, અને ગુજરાત તથા સૌરાષ્ટ્રના અનેક વિકાસ કાર્યોના પથદર્શક એવા વિજયભાઈ રૂપાણી ને ગુમાવ્યા છે.

પટેલે વધુમાં ઉમેર્યું કે વિજયભાઈ રૂપાણીની ખોટ ગુજરાત ભા.જ.પ.ને હંમેશા સાલશે અને તેમના દ્વારા કરાયેલા વિકાસના કાર્યો થકી તેઓ સદૈવ લોકોના હૃદયમાં જીવંત રહેશે. તેમણે વિજયભાઈ સાથે વર્ષો સુધી સંગઠનમાં કામ કર્યાનો અને સત્તામાં હોવા છતાં તેમને કાર્ય કરતા જોયા હોવાનો ઉલ્લેખ કર્યો. એ.બી.વી.પી.થી લઈને જનસંઘ અને ભાજપ સુધીના તેમના કાર્યકાળ દરમિયાન તેમણે જે સુવાસ ફેલાવી છે, તે દરેક કાર્યકર્તા અને જનમાનસમાં ચિત્રાયેલી રહેશે તેમ ગોવિંદભાઈ પટેલે જણાવ્યું.

# રાજકોટને ન પૂરી શકાય તેવી ખોટ પડી: લોક સંસદ વિચાર મંચ

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં એર ઈન્ડિયાના પ્લેન ક્રેશની અત્યંત કરૂણ દુર્ઘટનાથી રાજકોટ સહિત સમગ્ર ગુજરાત અને દેશમાં ઘેરા આઘાતમાં સરી પડ્યો છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ સવાર હતા. ૨૪૨ માંથી ૧ યાત્રીક પૈકી કોઈ જીવીત રહ્યા નથી ત્યારે આ કરૂણાંતિકામાં જે સ્થળે પ્લેન ક્રેશ થયું તે મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓના પણ મૃત્યુ થયાના અહેવાલો છે ત્યારે એર ઈન્ડિયાના ક્રૂ મેમ્બરો અને મૃતકોના સ્વજનો પ્રત્યે રાજકોટ શહેર ની સામાજિક સંસ્થા લોક સંસદ વિચાર મંચ, જિલ્લા નારી સુરક્ષા સમિતિ (રાજકોટ) અને ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે. રાજકોટના પનોતા પુત્ર અને પૂર્વ મુખ્યમંત્રી, પૂર્વ મેયર વિજયભાઈ રૂપાણીનું અવસાન થતા રાજકોટને મોટી ખોટ પડી છે. રાજકોટ નહીં પરંતુ સૌરાષ્ટ્રના અનેક પ્રશ્નો વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં હલ થયા છે. રાજકોટને ન પૂરી શકાય તેવી રાજકીય અને સામાજિક ખોટ પડી છે.

# વિજયભાઈ રૂપાણી સીએમ કરતા 'કોમનમેન' તરીકે કાર્ય કરનારા હતા: ધીરગુરૂદેવ

**અબતક,રાજકોટ**



ચણાકાના વતની અને બરમાથી રાજકોટ વસવાટ કર્યા પછી પૂર્વ મુખ્યમંત્રી અને જૈન અગ્રણી વિજયભાઈ રૂપાણી સ્થા. જૈન મોટા સંઘના નવયુકત મંડળમાં કાર્યરત થયા પછી આર.એસ.એસ. અને ગુજરાત રાજયમાં વિવિધ સેવામાં જોડાયા બાદ મુખ્યમંત્રી બન્યા છતા હંમેશા પોતાને કોમનબેન માનીને સહુ કોઈને ઉપયોગી બનતા હતા. હમણા છેલ્લે જીતો પ્રેરિત વિશ્વ નવકાર દિવસે હેમુગઢવી હોલમાં ગુરૂઆદેશ થતા જ વિજયભાઈ રૂપાણીએ નવકારમંત્રના જાપ કરાવી ઉત્સાહ વધાર્યો હતો. સરલ, સાલસ સ્વભાવના વિજયભાઈ રૂપાણીના આકસ્મિક નિધનથી માત્ર પરિવારને નહિ ભારત દેશને સંનિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે. જે નજીકના ભવિષ્યમાં પૂરી શકાશે નહિ તેમ પૂ. ધીરગુરૂદેવે શ્રદ્ધાંજલિમાં જણાવેલ.

### પૂર્વ મુખ્યમંત્રીની ચીર વિદાયથી

# રાજકોટ અને સૌરાષ્ટ્રના વેપાર ઉદ્યોગ જગતને સ્વયંભૂ બંધ રાખવા અપીલ

## ગુજરાતે સંવેદનશીલ રાજનેતા ગુમાવ્યા છે તેમાં રાજકોટ અને સૌરાષ્ટ્ર ના વેપાર ઉદ્યોગ જગત ને સ્વયંભૂ પોતાના કામકાજ બંધ રાખવા માટે રાજકોટ અને શાપર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા અપીલ કરવામાં આવી છે

વિજયભાઈ રૂપાણીના આકસ્મિક અવસાનથી ગુજરાતની પ્રજાએ એક સંવેદનશીલ રાજનેતાને આજે ગુમાવ્યા છે.ગુજરાતમાં બીજેપીના સંગઠન માં એક મજબૂત શિલ્પી તરીકે તેઓ રહ્યા હતા અને એમ કહી શકાય કે ગુજરાતમાં બીજેપીના ઉદયમાં વિજયભાઈનો સિંહફાળો હતો. નાનાં માં નાના કાર્યકરો અને સામાજિક આગેવાનો સાથે તેમનો વ્યકતિગત સંપર્ક હતો.તેમના સાશનકાળ દરમ્યાન લેવાયેલા અનેક પ્રજાલક્ષી નિર્ણયો માટે ગુજરાતની જનતા તેમને કાયમ યાદ રાખશે. રાજકોટ અને સૌરાષ્ટ્ર ના વેપાર ઉદ્યોગ જગતને તેમના સન્માનમાં કામકાજ બંધ રાખીને શ્રદ્ધાંજલિ આપવા અપીલ કરવામાં આવે છે.



# ગુજરાતની જનતાએ એક વિકાસના સ્વપન દ્રષ્ટા ગુમાવ્યા છે: હરેશ જોષી

જનસંઘના પાયાથી લઈ ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને ગુજરાતના ખૂણે ખૂણે પહોંચાડી રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બને તે માટે અવિરત આદોલનો, અવિરત સંઘર્ષ અને અનેક યાતનાઓ સાથે પોતાનું જીવન પાર્ટીમા સમર્પિત કરનાર રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અચાનક નિધન થી ગુજરાત ભાજપને મોટી ખોટ પડી છે. આમ, શ્રધ્ધાજલિ પાઠવતા ભાજપ અગ્રણી નીતિન ભૂત, હરેશ જોષી, સી.ટી પટેલ, તેજસ ત્રિવેદી, પોપટ ટોળીયા એ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે.

## શ્રી હરભમજી રાજ ગરાસીયા બોર્ડીંગ ખાતે

# એસપી પ્રદિપસિંહ જાડેજાનું ક્ષત્રિય સમાજની ચારેય સંસ્થાઓ દ્વારા અદકેરુ બહુમાન

### પીએસઆઈ થી કારકિર્દીનો પ્રારંભ કરનાર અને રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા પી. જી. જાડેજાએ ક્ષત્રીય સમાજનું નામ રોશન કર્યુ

**અબતક, રાજકોટ**

'સ્વાગત છે, અભિનંદન છે, અભિનંદન છે' ક્ષાત્રવટનો દબદબો આપ જેવા વીરલા થકી છે બરકરાર, ક્ષત્રિય સમાજના તમે (પ્ર)દીપ છો, અને છો ધબકાર.આ પંક્તિઓ રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા પ્રદિપસિંહજીને સમર્પિત છે. તાજેતરમાં

સન્માન સમારોહ યોજાઇ ગયો.રાજકોટના તાલુકાના સુકી સાજડીયાળી ગામના વતની અને હાલ અમદાવાદ જે ડિવિઝનમાં એસીપી તરીકે ફરજ બજાવતા પ્રદિપસિંહ ઘનશ્યામસિંહ જાડેજાને એસપી તરીકે પ્રમોશન મળતા શ્રી હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય, કચ્છ-કાઠિયાવાડ ગુજરાત ગરાસીયા એસોસિએશન, શ્રી ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ અને શ્રી પ્રવિણસિંહ (સોળિયા) હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળનો સમાવેશ થાય છે. હરભમજી ગરાસીયા છાત્રાલય, રજપૂતપરા ખાતે સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રમુખ સ્થાને રાજકોટના ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજા રહ્યા હતાં. રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા પ્રદિપસિંહજીએ પોતાની કારકીર્દીનો પ્રારંભ પીએસઆઇ તરીકે કરેલો તથા જેમાં લીંબડી, ભાવનગર, જૂનાગઢ સહિતના સ્થળોએ ઉત્તરદાયિત્વ નિભાવીને કરેલા સામાજિક સેવાના કાર્યોને લોકો આજે પણ યાદ કરે છે. સરળ, વિનમ્ર સ્વભાવ ધરાવતા પ્રદિપસિંહજી બહોળુ મિત્ર વર્તુળ ધરાવે છે. આ સન્માન સમારોહમાં ક્ષત્રિય સમાજના લગભગ તમામ દિગ્ગજો ઉપસ્થિત રહ્યા હતાં.આ સન્માન સમારંભ પ્રસંગે પર ક્ષત્રિય સમાજના માંધાતાસિંહ જાડેજા (રાજકોટના ઠાકોર સાહેબ) સાથે ભડવાણાના પ્રદ્યુમનસિંહ રાણા,

(અનુ. પંદરમા પાને)

### સુકી સાજડીયાળી પરિવાર દ્વારા ચારેય સંસ્થાઓને રૂ.૧,૪૪,૧૧૧નું દાન

પ્રદિપસિંહ જાડેજા જે ગામના વતની છે તે સુકી સાજડીયાળી પરિવાર દ્વારા શ્રી હરભમજીરાજ ગરાસીયા છાત્રાલયને ૧,૧૧,૧૧૧, કચ્છ કાઠિયાવાડ ગુજરાત ગરાસીયા એસોસિએશનને ૧૧,૦૦૦, શ્રી ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલને ૧૧,૦૦૦ તથા શ્રી પ્રવિણસિંહ (સોળિયા) હરભમમજી ગરાસીયા છાત્રાલય ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળને ૧૧,૦૦૦ મળી કુલ ૧,૪૪,૧૧૧નું દાન આપવામાં આવ્યું હતું. સુકી સાજડીયાળી પરિવારના પરબતસિંહ જાડેજા, જે.બી. જાડેજા, આઇ.બી. જાડેજા, જયદિપસિંહ જાડેજા, ધર્મરાજસિંહ જાડેજા, એસ.પી. જાડેજા તથા હર્ષરાજસિંહ જાડેજા આ સુંદર પળોના સાક્ષી બન્યા હતાં.

### ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજા, સામાજિક રાજકીય અગ્રણી, પોલીસ બેડાના ઉચ્ચ અધિકારી અને વિવિધ સંસ્થાના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો રહ્યા ઉપસ્થિત

## ચંદા ને પુછા તારો સે, તારો ને પૂછા હજારો સે, સબસે પ્યારા કોન ''પાપા'' ઓ મેરે ''પાપા''

# જોહર કાર્ડમાં પિતાના પ્રેમ, બલિદાન અને લાગણી વ્યક્ત કરતા અવનવી ગિફ્ટ્સનો ખજાનો

### ફાધર્સ ડે નિમિત્તે પિતાના યોગદાન, બલિદાન અને અપાર પ્રેમ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક સુંદર અવસર



**અબતક, રાજકોટ**

''પિતાનું હૃદય કુદરતની શ્રેષ્ઠ કૃતિ છે.'' પિતાના પ્રેમ અને તેમના યોગદાનની ઊંડાઈને સચોટ રીતે વર્ણવે છે. પિતા, પરિવારના આધારસ્તંભ, બાળકોના ભવિષ્યને આકાર આપવામાં, તેમને જીવનના મૂલ્યો શીખવવામાં અને તેમને સાચા માર્ગે દોરવામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ વર્ષે, ફાધર્સ ડે રવિવાર, ૧૫ જૂન, ૨૦૨૫ ના રોજ ઉજવવામાં આવશે. આ દિવસ પિતાના યોગદાન, બલિદાન અને અપાર પ્રેમ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક સુંદર અવસર છે.પપ્પા કે બાપુજીનો પ્રેમ ખરેખર અપાર હોય છે, પરંતુ તે ઘણીવાર વ્યક્ત થતો નથી. તેઓ રાત-દિવસ સંતાનોના ઉછેર માટે જાત ઘસી નાખે છે, તેમની ખુશી માટે પોતાના સુખોનો ત્યાગ કરે છે.જૂનના ત્રીજા રવિવારે વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ પરિવારની રચના અને સમાજમાં પિતાની ભૂમિકાને માન આપે છે.

આ દિવસ ફક્ત પિતાને



જ નહીં, પરંતુ આપણા જીવનમાં પિતાના મહત્વને પણ ઓળખે છે.રાજકોટ માં પણ ફાધર્સ ડેની ઉજવણી માટે તૈયારીઓ જોવા મળી રહી છે. ડો. યાજ્ઞિક રોડ પર આવેલા જોહર કાર્ડ્સવાળા યુસુફભાઈ અને હસનેનભાઈ, તેમજ કાલાવડ રોડ, પ્રેમ મંદિર રોડ, ગાર્ડન સામે આવેલી જોહર ગેલેરીવાળા જોહરભાઈએ ફાધર્સ ડે માટે ખાસ ગિફ્ટ્સ અને કાર્ડ્સ વિશે માહિતી આપી છે. આ દુકાનોમાં પપ્પા માટે ખાસ વિવિધ પ્રકારની ગિફ્ટ્સ ઉપલબ્ધ છે જે તેમના પ્રત્યેના તમારા પ્રેમને વ્યક્ત કરી શકે છે. જેમાં પિતાને ખુશ કરવા માટે અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. વુડન પેન સ્ટેન્ડ વીથ ઘડિયાળ પિતાની ઓફિસ ટેબલ કે સ્ટડી રૂમ માટે આ એક ક્લાસિક અને ઉપયોગી ભેટ છે વોલેટ, કમર બેલ્ટ અને પેન જેવી વસ્તુઓનો કોમ્બો સેટ પણ એક ઉત્તમ વિકલ્પ છે. વોલેટ, કમર બેલ્ટ, પેનઃ દૈનિક ઉપયોગમાં આવતી વસ્તુઓ જે હંમેશા તેમની સાથે રહેશે.

મિરર ફોટો ફ્રેમઃ તેમાં તમારા અને પપ્પાના મનપસંદ ફોટોગ્રાફ્સ મૂકીને તેમને યાદગાર ભેટ આપી શકાય છે યૂ આર માય હીરો ડેડ,'' ''ફાઈવ બેસ્ટ ફાધર એવર'' જેવા અલગ અલગ લખાણવાળા મગ તેમને સવારે ચા-કોફી પીતી વખતે તમારી યાદ અપાવશે. નામવાળા વોલેટ, કીચેઈન, પાસપોર્ટ કવર, કોમ્બો વોલેટ, પીલો, ટીશર્ટ પરફ્યુમ, પ્રસનલાઈઝમાં નામવાળા વોલેટ, કીચેઈન, પાસપોર્ટ કવર, કોમ્બો વોલેટ, પીલો, પેન, ટીશર્ટ, કીચેઈન, મલ્ટીકલર બોટલ, જેન્ટસ ના નામવાળા કડા, મિરર વાળી ફોટોફ્રેમ, લોકેટ, વુડન સ્કેચ ફોટો. આ પ્રકારની ભેટો વ્યક્તિગત સ્પર્શ ધરાવે છે.આધુનિક સમયમાં ફાધર્સ ડેની ઉજવણીમાં ગિફ્ટ્સ અને કાર્ડ્સનું મહત્વ વધ્યું છે.મધર્સ ડેની જેમ જ ફાધર્સ ડેનો પણ પોતાનો એક ઈતિહાસ છે. અમેરિકામાં આ દિવસ ઉજવવાની શરૂઆત ૧૯૧૦માં એક દીકરી સોનોરા સ્માર્ટ ડોડ દ્વારા કરવામાં આવી હતી.

સોનોરાના પિતા વિલિયમ સ્માર્ટ એક સિંગલ ફાધર હતા જેમણે તેમની માતાના અવસાન પછી છ બાળકોનો ઉછેર કર્યો હતો.

(અનુ. પંદરમા પાને)

### વોલેટ, કમર બેલ્ટ અને પેન, કોમ્બો સેટ, મિરર ફોટો ફ્રેમ, ટીશર્ટ, કીચેઈન, મલ્ટીકલર બોટલ, જેન્ટ્સના નામવાળા કડા સહિતની વિવિધ વસ્તુઓ ઉપલબ્ધ

## અષાઢી બીજે રાજકોટના રાજમાર્ગો પર ગુંજશે

# ''જય જગન્નાથ''ના નાદઃ ઈસ્કોન મંદિરથી ભવ્ય રથયાત્રા નીકળશે







### જગન્નાથ રથયાત્રાની તૈયારી પુરજોશમાં, તા. ૨૭ મીએ ભગવાન જગન્નાથ,બળદેવ અને સુભદ્રાની સાથે નગરચર્ષા એ નીકળશે

**અબતક, રાજકોટ**

રાજકોટ, ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા આ વર્ષે આષાઢી બીજ, એટલે કે શુક્રવાર, ૨૭ જૂન ના રોજ, ૨૩મી ભવ્ય જગન્નાથ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન જગન્નાથ, ભાઈ બળદેવ અને બહેન સુભદ્રા નગરચર્યાએ નીકળી ભક્તોને દર્શન આપશે. આ ભવ્ય રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.ઈસ્કોન મંદિર રાજકોટના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજીએ આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે ઈસ્કોન મંદિર ૨૦૦૩થી દર વર્ષે ભગવાન જગન્નાથ, બળદેવ અને સુભદ્રાજીને નગરચર્યાએ કાઢી, શહેરભરમાં રથયાત્રાનું આયોજન કરે છે. આ વર્ષે પણ ૨૭મી જૂને ખૂબ જ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે રથયાત્રા કાઢવામાં આવશે.રથયાત્રા બપોરે ૪ કલાકે રામકૃપા ડેરી, કોટેચા ચોક પાસેથી શરૂ થશે જે ઈન્દિરા સર્કલ,પંચાયત ચોક, આકાશવાણી ચોક,જે.કે. ચોક, એ.જી. ચોક (કાલાવડ રોડ), જકુસ ચોક, કટારીયા સર્કલઅંતે, રથયાત્રા ઈસ્કોન મંદિર પહોંચશે.મહાપ્રસાદ અને બુંદી વિતરણ

રથયાત્રા પૂર્ણ થયા બાદ, રાત્રે ૮ વાગ્યાથી સૌ દર્શનાર્થીઓ માટે મંદિરે ભંડારા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. રથયાત્રા

(અનુ. પંદરમા પાને)

# અદાણી ફાઉન્ડેશન દ્વારા અબોલ જીવો માટે અત્યાધુનિક પશુ આરોગ્ય વાન અર્પણ

### પશુઓની તાત્કાલિક સારવારની સુવિધા મુદ્રા તથા મુંદ્રાની આસપાસના ગામોમાં વધુ મજબૂત બનશે



**અબતક, રાજકોટ**

અદાણી ફાઉન્ડેશન દ્વારા સુવિધા ગૌ સેવા કેન્દ્રને અત્યાધુનિક પશુ આરોગ્ય વાનનું અર્પણ કરવામાં આવ્યું જે અબોલ જીવોની તાત્કાલિક સારવાર માટે મહત્વનું પગલું છે. આ કેન્દ્ર રતનભાઈ ગઢવીના નેતૃત્વ હેઠળ મુંદ્રા ખાતે છેલ્લા ૭-૮ વર્ષથી કાર્યરત છે, જ્યાં અકસ્માતમાં ઘાયલ અથવા બીમારીથી ત્યજાયેલા પશુઓની દિવાથી સેવા અને સારવાર કરવામાં આવે છે. રતનભાઈ અને તેમની ૧૫-૨૦ સભ્યોની ટીમ આ કરુણામથી કાર્યમાં સતત યોગદાન આપે છે.અદાણી ફાઉન્ડેશનના સહયોગથી આ કેન્દ્રની શરૂઆતમાં ઘાયલ પશુઓને હોસ્પિટલ સુધી લઈ જવા માટે વાન આપવામાં આવી હતી. વર્ષ ૨૦૨૧માં પશુઓની સારવાર માટે શેડ બનાવવામાં આવ્યો હતો. આજે કરાયેલ અત્યાધુનિક પશુ આરોગ્ય વાનના અર્પણથી પશુઓની તાત્કાલિક સારવારની સુવિધા મુંદ્રા તથા મુંદ્રાની આસપાસના ગામોમાં વધુ મજબૂત બનશે.આ કાર્યક્રમમાં માંડવીના

(અનુ. પંદરમા પાને)

## માનવ જીવનના ઉત્થાન માટે કામ કરતી સંસ્થા - રેડક્રોસ

# વિશ્વ રક્તદાતા દિવસઃ જરૂરિયાતમંદો માટે રેડક્રોસની ડોર ટુ ડોર ઈમરજન્સી બ્લડ ડ્રાઈવ

**રાજકોટ, અબતક**

'૧૪મી જૂન વિશ્વ રક્તદાતા દિવસ' તરીકે મનાવાય છે, ત્યારે રાજકોટમાં 'રક્તદાતાઓ'ના મહામુલા રક્તને જરૂરિયાતમંદ દર્દીઓના સારવાર-સ્થળ સુધી પહોંચાડવા અનોખી 'ડોર ટુ ડોર ઈમરજન્સી બ્લડ ડ્રાઈવ' રાજકોટ રેડક્રોસ દ્વારા શરૂ કરવામાં આવી છે. કોઈ હોસ્પિટલમાંથી રક્તની માગ આવ્યા પછી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરીને ૯૦ મિનિટમાં જ દર્દીના બેડ સુધી રક્ત પહોંચાડી દેવામાં આવે છે.





આ અંગે રાજકોટ રેડક્રોસના ચેરમેન ડો. દીપક નારોલાના જણાવ્યા પ્રમાણે, 'દરેક જિંદગી જરૂરી છે'ની નેમ સાથે રાજકોટ રેડક્રોસ દ્વારા 'ડોર ટુ ડોર ઈમરજન્સી બ્લડ ડ્રાઈવ'નો આરંભ કરાયો છે. જરૂરિયાતમંદ લોકોને રક્ત મેળવવા માટે મુશ્કેલી ના વેઠવી પડે અને તેમને સારવારના સ્થળે જ રક્ત મળી રહે, તેવો હેતુ આ ડ્રાઈવનો છે. ગત ૮મી મેએ 'રેડક્રોસ દિવસ' નિમિત્તે આ ઉમદા વિચારને અમલી બનાવવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું અને ૧૯મી મે, ૨૦૨૫ના રોજથી આ ડ્રાઈવ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે રાજકોટ જિલ્લા કલેક્ટર તથા રાજકોટ રેડક્રોસના પ્રમુખ પ્રભવ જોશી તથા જિલ્લા પંચાયતનો પૂરતો સહયોગ મળી રહ્યો છે.

કેવી રીતે થાય છે સમગ્ર કામગીરી? તે અંગે ડો. નારોલાએ કહ્યું હતું કે, આ ડ્રાઈવ માટે પર્યાવરણને ધ્યાનમાં રાખીને ત્રણ ઈલેક્ટ્રીક સ્કૂટર વસાવવામાં આવ્યા છે તેમજ તાલીમબદ્ધ ૧૦ લોકોનો સમર્પિત સ્ટાફ રાખવામાં આવ્યો છે. કોઈ હોસ્પિટલમાંથી કોઈ દર્દી માટે રક્તની માગ આવે એટલે ઈ-સ્કૂટર પર જઈને સૌથી પહેલા દર્દીના રક્તનું સેમ્પલ કલેક્ટ કરી આશરે ૨૦ મિનિટની અંદર જ રેડક્રોસ લેબ ખાતે લવાય છે. લેબમાં તેને પ્રોસેસ કરવામાં આવે છે. ૪૦થી ૪૫ મિનિટમાં આ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવે છે. એ પછી રક્તદાતાઓએ આપેલા રક્તના સ્ટોરેજમાંથી મેચિંગ બ્લડ કોમ્પોનન્ટ કે રક્ત લઈને આશરે ૨૦ મિનિટની અંદર જરૂરિયાતમંદ દર્દી સુધી પહોંચાડવામાં આવે છે. સ્પેશિયલ બેગ્સ અને અલગ-અલગ ક્ષમતાના આઈસબોક્સમાં એક કે એકથી વધુ રક્ત યુનિટનું પરિવહન કરવામાં આવે છે.

તેમણે કહ્યું હતું કે, આ સેવા ૨૪ કલાક ચાલુ છે અને તેના માધ્યમથી રોજ સરેરાશ ૩૦ યુનિટ રક્ત પહોંચાડવામાં આવે છે. આ સેવાનો મોટો ફાયદો એ છે કે, તેનાથી દર્દીઓના

(અનુ. પંદરમા પાને)

### વિશ્વ રક્તદાન દિવસે રક્તદાતાઓને અપીલ

રાજકોટ રેડક્રોસના ચેરમેન ડો. દીપક નારોલાએ વિશ્વ રક્તદાતા દિવસે અપીલ કરતા કહ્યું હતું કે, રક્તદાન એ લોકોની જિંદગી બચાવવાનું અને માનવતાનું કાર્ય છે. ઉનાળામાં સામાન્ય રીતે લોહીની અછત થતી હોય છે, ત્યારે લોકોને વિનંતી છે કે, વિશ્વ રક્તદાતા દિવસે રક્તદાન કરીને અન્ય લોકોના જીવન બનાવવાના માનવતાના કાર્યમાં સહભાગી બને. તેમણે ઉમેર્યું હતું કે, '૧૪મી જૂન રક્તદાતા દિવસ' નિમિત્તે રાજકોટની રેડક્રોસ બ્લડબેન્ક ખાતે આવીને રક્તદાન કરી શકાય છે. ઉપરાંત વાર-તહેવાર, જન્મદિવસ, લગ્નની વર્ષગાંઠ જેવા પ્રસંગોએ પણ સ્વૈચ્છિકરીતે રક્તદાન કરીને અન્યોને જીવનદાન આપીને અનોખી ઉજવણી કરી શકાય છે.

# બાળકની હત્યાના ગુનામાં અરૂણા ઉર્ફે અનિતા દેવમુરારીને આજીવન કેદ

## બાળકો વચ્ચે થયેલા ઝઘડાનો ખાર રાખીને જલદીપ કોઠીયાને ઘરમાં બોલાવી ગળાચીપ આપી દસ્તાથી માથું છુંદી મોતને ઘાટ ઉતાર્યો

**અબતક, રાજકોટ**

ધોરાજી ભાદર કોલોની કવાર્ટરમાં રહેતા સ્ટાફના બાળકો વચ્ચે થયેલા ઝઘડાનો ખાર રાખી જલદીપ ગિરધરભાઈ કોઠીયા નામના બાળકની હત્યા કરવાના કેસમાં આરોપી અરૂણા ઉર્ફે અનિતા રાજેશ દેવમુરારીને આજીવન કેદની સજા ફટકારી છે.

આ કેસની હકીકત મુજબ, ધોરાજી ભાદર ઈરીગેશન કોલોની સ્ટાફ ક્વાર્ટર નંબર ૪ એ.માં આર. એમ. કાનાબાર, ક્વાર્ટર નંબર ૫ એ.માં ગિરધરભાઈ સી કોઠીયા અને ક્વાર્ટર નંબર ૬ એ.માં રાજેશકુમાર હરકિશન દેવમુરારી રહેતા હતા, કર્મચારીના બાળકો વચ્ચે થયેલા ઝઘડાનો ખાર રાખીને રાજેશ દેવમુરારીના પત્ની અનિતા ઉર્ફે અરૂણાએ તારીખ ૫/૮/૧૯૯૬ના રોજ ગિરધરભાઈ કોઠીયાના દિકરા જલદીપ કોઠીયાને ઘરમાં બોલાવી અને ગળાચીપ આપી દસ્તાથી માથું છુંદી નાખ્યા બાદ મૃતદેહને સુટકેસમાં નાખી દીધો હતો. બાદમાં રાજેશભાઈ દેવમુરારી ઘરે આવ્યા પત્ની અરૂણા ઉર્ફે અનિતાને પુછેલું કે કંઈક જુદી વાસ આવે છે. તો કહેલ કે મે જલદીપનું ખૂન કરી નાખેલ છે તમે ઝડપથી અગરબતી લઈ આવો. સમય સૂચકતા વાપરી અને પોતાના પત્ની ઉપર કાળ સવાર થઈ ગયો છે તે હકીકત સમજી રાજેશભાઈ તરત જ ઘરમાંથી બાળકો માટે નાસ્તો અને અગરબતી લેવાનું કહી અને જેતપુર પોતાના સાસરે જતા રહેલા. જલદીપ મળી રહ્યો ન હતો, તેથી તેના પિતા ગિરધરભાઈ સાથી કર્મચારી રાજુભાઈ કાનાબાર અને અન્ય લોકો તેની શોધખોળમાં લાગી ગયા હતા. પોલીસ સ્ટેશન જઈ રાત્રે ૮:૩૦ વાગ્યે ગુમશુદા ફરિયાદ પણ લખાવી હતી. તે દરમિયાન અનિતા ઉર્ફે અરૂણાએ



સરકારી વકીલ કાર્તિકેય પારેખ

મોકો જોઈ અને જલદીપના શબને પોતાના કવાર્ટરની પાછળ ની બાજુએ સરકાવી રહ્યા હતા ત્યારે નીચેના કવાર્ટરમાં રહેતા કાનજીભાઈ કોયાણી જોઈ ગયેલા, પોતાના પત્નીને આ વાત કરી, બહાર નીકળી અને ગિરધરભાઈ તથા અન્ય લોકો જે શોધખોળ કરી રહ્યા હતા. પોલીસ સ્ટેશન જાણ થતાં તત્કાલીન પોલીસ અધિકારી નટવરલાલ પરમારે ગણતરીની મિનિટોમાં હાજર થઈ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી દવાખાને મોકલ્યો હતો. જેમાં પોસ્ટ મોર્ટમ આશરે ૧૦ થી વધારે ઘા, માથા અને ગળાના ભાગે પણ નિશાન હોવાનું નોંધી અને જલ્દીપનું મૃત્યુ ગળાચીપ આપીએ અને માથામાં થયેલી હેમેરેજિક ઈન્જરીથી થયેલ હોવાનું અભિપ્રાય આપેલો. પોલીસે અરૂણા ઉર્ફે અનિતા રાજેશ દેવમુરારીની ધરપકડ કરી હતી. આ અરૂણાબેને હત્યા કરતી વખતે પહેરેલું જાંબલી કલરનું ગાઉન ધોઈ નાખેલું હતું. પરંતુ પોલીસે તેમના કપડાં, પાટલા (હાથમાં પહેરવાના), આંગળીઓના નખ વગેરે પોલીસે કબજે કર્યા હતા.ધોરાજી સેશન્સ કોર્ટમાં આ કેસ ચાલવા ઉપર આવતા સમગ્ર પુરાવો નોંધાયેલ અને કુલ ૧૭ લોકોની જુબાની થયેલી હતી. આ જુબાની બાદ એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય પારેખે દલીલો કરેલી હતી કે, આરોપી સામે સંયોગીક પુરાવો નક્કર છે. અને પુરાવાની કડી પણ મળી રહી છે. આરોપીનું પોતાના પતિ સમક્ષ એક્સટ્રા જ્યુડિશિયલ કન્ફેશન છે કે 'તેમણે જલદીપ નું ખૂન કરેલું છે' અને આ એક્સટ્રા જ્યુડિશિયલ કન્ફેશનમાં મોટીવ પણ જણાવેલો છે. ફોરેન્સિક તપાસનો રિપોર્ટ પણ આરોપી તરફ આંગળી ચીંધે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ એડિશનલ સેશન્સ જજ અલી હુસેન મોહીબુલ્લા શેખે આરોપી અરૂણા ઉર્ફે અનિતા રાજેશ દેવમુરારીને આજીવન કેદની સજા ફટકારી છે. આ કેસમાં સરકાર પક્ષે મદદની સરકારી વકીલ કાર્તિકેય પારેખ રોકાયા હતા.

# ખાટલા પરથી રમતા રમતા ઉથળી પડેલી બે વર્ષની બાળકીનું મોત

**અબતક, રાજકોટ**

માસુમ બાળકો નું બાળપણ રમત રમતમાં વીતી જાય છે ...ક્યારેક આ બાળપણ ની રમત માં જીવન વીતી જવાની ઘટનાઓ પણ સર્જાતિ હોય છે, માણાવદરના કતકપરા ના શ્રમજીવી પરિવારની બે વર્ષની માસુમ બાળકી નું ખાટલા માંથી પડી જતા જીવનદીપ ઓલવાઈ

## માણાવદરના કતકપરાના દંપતીની એકની એક બાળકીએ આંખો કાયમ માટે મીચી દીધી

ગયું હતું કતકપરા ના અશોકભાઈ અને ગૌરીબેન પરમાર જૂનાગઢની રવિવારી બજારમાં ધંધે આવ્યા ત્યારે બે વર્ષની દીકરી આઈશા ને ખાટલા પર બેસાડી હતી તે દરમિયાન બાળકી ખાટલા પરથી પડીને બેશુધ્ધ થઈ ગઈ હતી તેને પ્રથમ જુનાગઢ અને ત્યાંથી રાજકોટ લાવતા સારવાર દરમિયાન ગઈકાલે સાંજે તેમનું મોત નીપજ્યું હતું. આયશા માતા-પિતાનું એકનું એક સંતાન હતું.

# ગૌતમ ગંભીરની માતાને હાર્ટ એટેક આવતા ઈંગ્લેન્ડ સિરીઝ છોડીને ભારત પરત ફર્યા

## ગૌતમ ગંભીર ભારત આવ્યા પછી ક્યારે ઈંગ્લેન્ડ પરત ફરશે તે અંગે હાલમાં કોઈ માહિતી નહિ: ટીમ ઈન્ડિયાને ઈંગ્લેન્ડ પ્રવાસ પર ગૌતમ ગંભીરની ખૂબ જરૂર

**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડમાં ૫ મેચની ટેસ્ટ સીરીઝ માટે તૈયારી કરી રહ્યું છે. આ દરમિયાન એક ખરાબ સમાચાર આવ્યા છે. ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ભારત પરત ફરી રહ્યા છે. કેટલાક ટ્વિટમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમની માતાની તબિયત બગડતા તેમને આઈસીયુ દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં ડોક્ટરો તેના સ્વાસ્થ્ય પર સતત નજર રાખી રહ્યા છે. ગૌતમ ગંભીર ભારત આવ્યા પછી ક્યારે ઈંગ્લેન્ડ પરત ફરશે તે અંગે હાલમાં કોઈ માહિતી નથી. આ અંગેનો નિર્ણય માતાની તબિયત કેવી છે તેના પર નિર્ભર હોઈ શકે છે. ટીમ ઈન્ડિયા ૧૩ જૂનથી ૧૬ જૂન સુધી ઈન્ટ્રા-સ્ક્વોડ મેચ રમવાની હતી, જેમાં મુખ્ય કોચ તરીકે ગૌતમ ગંભીરે ભારત માટે શ્રેષ્ઠ કોમ્બિનેશન શોધવાનું કામ કરવાનું હતું. પરંતુ હવે તેની ગેરહાજરીમાં આ કામ બાકીના સપોર્ટ સ્ટાફ દ્વારા કરવું પડી શકે છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સિરીઝની પહેલી મેચ ૨૦ જૂનથી હેડિંગ્લી ખાતે રમાશે. એવી આશા છે કે ગૌતમ ગંભીરના પરિવાર પર જે સંકટ આવ્યું છે તે ટળી જાય અને તે ૨૦ જૂન પહેલા ટીમ ઈન્ડિયામાં જોડાઈ જાય. ટીમ ઈન્ડિયાને ઈંગ્લેન્ડ પ્રવાસ પર ગૌતમ ગંભીરની ખૂબ જરૂર છે. કારણ કે આ વખતે એક યુવા ટીમ એક યુવાન કેપ્ટનના નેતૃત્વમાં ઈંગ્લેન્ડ પ્રવાસ પર છે. આવી સ્થિતિમાં ગંભીર જેવા કોચનો ટેકો તેનું મનોબળ ઊંચું રાખી શકે છે. આ દ્રષ્ટિકોણથી પણ ગૌતમ ગંભીરનું વાપસી મહત્વપૂર્ણ બની જાય છે.

# પુત્રને મળવા લંડન પહોંચે એ પહેલા જૂનાગઢના દંપતીને કાળ આંબી ગયો

## કૃષિ યુનિવર્સિટીના નિવૃત બગાયત વિભાગના વડા રવજીભાઈ એસ. ચોવટીયા તથા તેમના ધર્મપત્ની શારદાબેનનું કરૂણ મૃત્યુ નીપજ્યું

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

અમદાવાદ ખાતે આજે ગોઝારા વિમાન અકસ્માતમાં જૂનાગઢનું એક દંપતી પણ કરુણ મોતને ભેટ્યું છે. જૂનાગઢના એગ્રીકલ્ચરના નિવૃત્ત અધિકારી તેમના પુત્રને મળવા લંડન જઈ રહ્યા હતા ત્યારે વિમાન ક્રેશ થતાં જૂનાગઢનું ચોવટીયા દંપતી પ્રભુને પ્યારૂ બન્યું છે. જ્યારે જૂનાગઢના એક ૬૦ વર્ષીય મહિલા પોતાની પુત્રીને મળવા આ ગોઝારા વિમાનમાં સવાર હતા તેના કોઈ સમાચાર હજુ સત્તાવાર રીતે પરિવારને પ્રાપ્ત થયેલ નથી. અમદાવાદ ખાતે વિમાન ક્રેશ થતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિવૃત બગાયત વિભાગના વડા રવજીભાઈ એસ. ચોવટીયા તથા તેમના ધર્મપત્ની શારદાબેનનું કરુણ મૃત્યુ નીપજ્યું છે. જાણવા મળતી વિગતો અનુસાર, તેમનો પુત્ર લંડન રહેતો હોય ત્યારે ચોવટીયા દંપતી ગોઝારા વિમાનમાં બેસી આજે લંડન જવા નીકળ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાતા તેમના મૃત્યુના સમાચાર સામે આવ્યા છે. વિમાન અકસ્માતમાં મરણ જનાર ડો. રવજીભાઈ એસ. ચોવટીયા જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં બગાયત વિભાગમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટ તરીકે ૧૪ વર્ષ સેવા આપી હતી અને છેલ્લા પાંચ વર્ષથી તેઓ નિવૃત્ત થયા હતા. મૂળ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના મોટા સમઢીયાળા ગામના ડો. આર.એસ. ચોવટીયા જુનાગઢના કલેકટર ઓફિસ સામે આવેલા અમૃત નગર સોસાયટીમાં રહેતા હતા અને તેમનો પુત્ર લંડન હોવાથી તેમની પાસે જતા હતા. ત્યારે આ દુર્ઘટનામાં તેમનું કરુણ મૃત્યુ થતાં ચોવટીયા પરિવારમાં શોકનો માતમ છવાયો છે.

### વિમાન દુર્ઘટનામાં જૂનાગઢના ૬૦ વર્ષીય મહિલા લાપતાઃ પરિવાર ચિંતિત

જૂનાગઢના એડિશનલ કલેકટર એ.બી. પટેલના જણાવ્યા અનુસાર, અમદાવાદથી લંડન તરફ જઈ રહેલા વિમાનમાં નીરૂબેન રામભાઈ ડાંગર (ઉ.વ. ૬૦) નામની મહિલા પણ સામેલ હતા. જો કે, નીરૂબેન ડાંગર વિમાનમાં સવાર હતા તેવી પ્રાથમિક માહિતી મળેલ છે, તેમના વિશે વધુ માહિતી મળેલ નથી, નીરૂબેન રામભાઈ ડાંગર જૂનાગઢના શિવાની પાર્ક, ગોકુલ એપાર્ટમેન્ટમાં બીજા માળે રહે છે, અને તેમની પુત્રી લંડન રહેતી હોય, તેને મળવા જઈ રહ્યા હતા ત્યારે તેમના પુત્ર અને પુત્રવધુ તેમને અમદાવાદ એરપોર્ટ સુધી મુકવા ગયા હતા અને નીરૂબેન ગોઝારા વિમાનમાં લંડન સુધીનો પોતાનો પ્રવાસ શરૂ કર્યો હતો. દરમિયાન તેના પુત્ર અને પુત્રવધુ જુનાગઢ તરફ આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં પ્લેન ક્રેશ થયા હોવાના સમાચાર મળતા તેઓ અમદાવાદ પરત ગયા છે અને અહીં જુનાગઢ ખાતે નીરૂબેનના ૮૦ વર્ષીય માતા એકલા છે. જો કે, તેમને આ બાબતની પાડોશીઓ દ્વારા હજુ સુધી જાણ નથી કરી અને વૃદ્ધ દાદી તેમની પુત્રી નીરૂબેન લંડન પહોંચી હું સુખરૂપ પહોંચી ગઈ છું તેવા ફોનની અને દીકરીને લંડન વડાવવા ગયેલ પૌત્ર તથા પૌત્રવધું ની રાહ જોઈને બેઠા છે.

(પહેલા પાનાનું ચાલું)

### પ્લેન ક્રેશ...

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે સવારે અમદાવાદ ખાતે દોડી આવ્યા હતા અને ક્રેશ પોઈન્ટ સહીતની મુલાકાત લઈ ૨૦ મિનિટ સુધી નિરીક્ષણ કર્યું હતું. બાદમાં તેઓ ઈજાગ્રસ્તોને પણ મળ્યા હતા. અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટના બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ અમદાવાદ આવી પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓ તાત્કાલિક ધોરણે સિવિલ હોસ્પિટલમાં દોડી ગયા હતા અને ઘાયલો સાથે મુલાકાત કરી હતી. વડાપ્રધાને એરપોર્ટથી સીધા જ સિવિલ અને દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી જ્યા તેમણે ૨૦ મિનિટ સુધી નિરીક્ષણ કર્યું હતું. સિવિલ હોસ્પિટલ ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. બાદમાં તબીબો પાસેથી દર્દીઓની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. તેમની સાથે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ ભાજપ પ્રમુખ સી આર પાટીલ, કેન્દ્રીય ઉડ્ડયનમંત્રી રામ મોહન નાયડુ સહિતના હાજર રહ્યા હતા.બીજી બાજુ પ્રાપ્ત વિગત અનુસાર ઘટના બન્યા બાદ સેનાની ત્રણેય પાંખો ઉપરાંત એનડીઆરએફ, ફાયર બ્રિગેડ સહીતની ટીમો દ્વારા સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું. જેથી ગણતરીની કલાકોમાં દુર્ભાગ્યવશ આશરે ૨૯૦ ભડથું થયેલા મૃતદેહ મળી આવ્યા હતા. મૃતદેહો એટલી હદે સળગી ઉઠ્યા હતા જાણે કોલસાનો ઢગ હોય જેના લીધે મૃતદેહની ઓળખ કરવા હતભાગી પરિવારોના ડીએનએ ટેસ્ટ કરવાની ફરજ પડી હતી. હાલ સુધીમાં ભાવનગરના બે, ગ્વાલીયરના એક મળી કુલ પાંચ મૃતદેહની ઓળખ થઈ જતાં પરિજનોને મૃતદેહની સોંપણી કરી દેવાઈ હતી. ક્ષતિગ્રસ્ત પ્લેનની ટક્કર બી જે મેડિકલ કોલેજની હોસ્ટેલ સાથે ટક્કર થઈ હતી. બાદમાં જોરદાર બ્લાસ્ટ થયો હતો. જેના લીધે હોસ્ટેલની મેસમાં ભોજન લઈ રહેલા આશાસ્પદ તબીબી વિદ્યાર્થીઓ પૈકી પાંચના મોતની પુષ્ટિ થઈ હતી. હોસ્ટેલ મેસના ટેબર પર ભોજન સાથેની થાળીઓ એ કરુણ દ્રશ્યોની કલ્પના કરાવી રહી છે.

### આપવીતી...

નીચલા હિસ્સા સાથે અથડાયો હતો. ઉપરના હિસ્સામાં આગ લાગી હતી. અનેક લોકો ફસાયા હતા. હું મારી સીટ સાથે જ નીચે પટકાયો હતો. દરવાજો તૂટી જતાં હું સીટ સાથે પટકાયો, મારી સામે થોડી ખુલ્લી જગ્યા હોવાથી હું માંડ-માંડ તેમાંથી બહાર નીકળ્યો. વિમાનની બીજી બાજુમાં દિવાલ હોવાથી ત્યાંથી કોઈ બહાર નીકળી શક્યુ ન હતું. મારી આંખો સામે જ બે એર હોસ્ટેસ, એક અંકલ-આંટી, અને બધુ જ બળી રહ્યું હતું. આ દુર્ઘટનામાં મારો ડાબો હાથ બળી ગયો હતો. પરંતુ મારો જીવ બચી ગયો. મેં બહાર આવીને જોયું તો ચારેકોર આગ અને ધુમાડાના ગોટે-ગોટા હતાં. જો મને બહાર નીકળવામાં થોડી સેકન્ડ વધુ થઈ હોત તો હું પણ...

### અમિત શાહ...

આ બધા પરીક્ષણો કરવા માટેની ક્ષમતા ગુજરાતમાં હોવાથી ડીએનએ પરીક્ષણ માટે ગુજરાતની બહાર ક્યાંય જવાની જરૂર રહેશે નહીં. રાજ્યની એફએસએલ અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સાથે મળીને શક્ય તેટલા ઓછા સમયમાં ડીએનએ પરીક્ષણ પૂર્ણ કરશે અને મૃતદેહ પરિવારના સભ્યોને સોંપશે.રાજ્ય સરકારે દુર્ઘટનાની જાણ થતાવેંત ત્વરિત હાથ ધરેલી રાહત-બચાવની કામગીરી સંદર્ભે આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, ડીએનએ કામગીરી માટે ૪૫ ડોક્ટરની ટીમ, એસડીઆરએફની બે ટીમ, એનડીઆરએફની બે ટીમ રાહત બચાવ કામગીરીમાં ૮૫ ફાયર ફાઈટર અને એએમસીની પૂરી ટીમ તથા ૭૫થી વધુ એમ્બ્યુલન્સને કામગીરીમાં જોડવામાં આવી હતી.

### ઈઝરાયેલ...

મૃત્યુ થયું છે. ઈરાનના બે અગ્રણી પરમાણુ વૈજ્ઞાનિકો મોહમ્મદ મેહદી તેહરાનચી અને ફરદૂન અબ્બાસી પણ હુમલામાં માર્યા ગયા છે.ઈઝરાયલે દાવો કર્યો છે કે ઈરાનના આર્મી ચીફ મોહમ્મદ બાઘેરી, અન્ય વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ અને કેટલાક વરિષ્ઠ પરમાણુ વૈજ્ઞાનિકો પણ હુમલામાં માર્યા ગયા છે

ગત મોડી રાત્રે ઈઝરાયલે ઈરાનના સંખ્યાબંધ સ્થળોએ એર સ્ટ્રાઈક કરી હતી. ઈઝરાયેલે ઈરાનની ન્યુક્લિયર સાઈટ્સને નિશાન બનાવી હતી, આ હુમલામાં ઈરાનની સેના રિવોલ્યુશનરી ગાર્ડસના વડાનું પણ મોત થયું હોવાના અહેવાલ છે. આ હુમલા બાદ ઈરાને ઈઝરાયેલને વળતો જવાબ આપવાની ચીમકી ઉચ્ચારી છે. એવામાં વધુ એક યુદ્ધ શરુ થવાના ભણકારા વાગી રહ્યા છે, જેને ધ્યાનમાં રાખીને ભારતે ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોને સાવચેતી રાખવા માટે એક એડવાઈઝરી જાહેર કરી છે.

ઈરાનમાં ભારતીય દૂતાવાસના સત્તાવાર એક્સ એકાઉન્ટમાંથી એક પોસ્ટ કરી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું, ઈરાનમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ઈરાનમાં રહેતા તમામ ભારતીય નાગરિકો અને ભારતીય મૂળના લોકોને સતર્ક રહેવા, બિનજરૂરી હિલચાલ ટાળવા, દૂતાવાસના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર ધ્યાન રાખવા કરવા અને સ્થાનિક અધિકારીઓ દ્વારા જાહેર કરવામાં આવેલા સેફટી પ્રોટોકોલનું પાલન કરવા વિનંતી કરવામાં આવે છે.

ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ જણાવ્યું હતુ કે ઈઝરાયલે નાતાન્ઝમાં ઈરાનના પરમાણુ સુવિધા પર હુમલો કર્યો હતો અને વૈજ્ઞાનિકોને નિશાન બનાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ઈરાન વિરુદ્ધ અભિયાન "જેટલા દિવસો લાગે તેટલા દિવસો સુધી ચાલુ રહેશે."

ઈઝરાયલે તેહરાન દ્વારા બદલો લેવા માટે મિસાઈલ અને ડ્રોન હુમલાની આશંકાને કારણે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે ઈરાન પાસે થોડા દિવસોમાં ૧૫ પરમાણુ બોમ્બ બનાવવા માટે પૂરતી સામગ્રી છે.માર્કો રુબિયોએ કહ્યું છે કે ઈઝરાયલે કોઈપણ યુએસ સહાય અથવા સંડોવણી વિના હુમલાઓ શરૂ કર્યા હતા. "અમે ઈરાન સામેના હુમલાઓમાં સામેલ નથી અને અમારી ટોચની પ્રાથમિક્તા આ ક્ષેત્રમાં અમેરિકન દળોનું રક્ષણ કરવાની છે," રુબિયોએ કહ્યું કે ટ્રમ્પ વહીવટીતંત્રે તેના દળોના રક્ષણ માટે પગલાં લીધાં છે અને પ્રદેશમાં ભાગીદારો સાથે વાતચીત જાળવી રાખી છે. તેમણે ઈરાનને અમેરિકન હિતો અથવા કર્મચારીઓને નિશાન બનાવવા સામે ચેતવણી પણ આપી હતી.

### સેન્સેક્સ...

બધા શેર નીચે છે. ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો છે. બજારમાં ઘટાડાનું આ સૌથી મોટું કારણ છે. જ્યારે પણ બે મોટા દેશો વચ્ચે યુદ્ધ કે તણાવ થાય છે, ત્યારે રોકાણકારો ગભરાઈ જાય છે અને શેરબજારમાંથી પૈસા ઉપાડવાનું શરૂ કરે છે. આ વખતે ઈઝરાયલે ઈરાનના પરમાણુ મથકો અને લશ્કરી સ્થળો પર હુમલો કર્યો, જેના કારણે મધ્ય પૂર્વમાં યુદ્ધ વધુ વધવાની આશંકા છે.

### ક્રૂડના ભાવ...

ટ્રમ્પના સ્પષ્ટ વિરોધમાં હુમલો કરવાનો આદેશ આપ્યો હતો, જેમણે ગુરુવારે અગાઉ કહ્યું હતું કે તેઓ ઈઝરાયલ હુમલો કરવા માંગતા નથી અને તેમનું વહીવટીતંત્ર ઈરાન પરમાણુ મુદ્દાના રાજદ્વારી ઉકેલ માટે પ્રતિબદ્ધ છે! ટ્રમ્પે એમ પણ કહ્યું કે તેમને લાગતું ન હતું કે હુમલો થશે.

(ત્રીજા પાનાનું ચાલું)

### રક્તદાન કેમ્પ...

આ રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું.

આ માનવતાવાદી પહેલમાં રાજકોટ મેડિકલ કોલેજ સંલગ્ન સાર્વજનિક હોમિયોપેથિક હોસ્પિટલ અને બ્રહ્મ ભટ્ટ સેન્ટર રાજકોટનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પિત કરવાના આશયથી યોજાયેલા આ કેમ્પમાં કુલ ૧૨૧ યુનિટ રક્ત એકત્રિત કરવામાં સફળતા મળી હતી. આ આયોજન દ્વારા દુર્ઘટનાના પીડિતો અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવામાં આવી હતી.

(૧૪માં પાનાનું ચાલુ)

### પ્રદિપસિંહ જાડેજા...

ડો. રૂદ્રદત્તસિંહ ઝાલા (ઝાલાવાડ ક્ષત્રિય સમાજના પ્રમુખ), પર્વ મેટલના એસ.ડી. ઝાલા, પીજીવીસીએલના પૂર્વ એમડી એમ.બી. જાડેજા, જયપાલસિંહ સરવૈયા, કે.બી. ઝાલા (નિવૃત્ત ડીવાયએસપી), પરબતસિંહ જાડેજા (હરભમજી છાત્રાલય ટ્રસ્ટી), દેવેન્દ્રસિંહ જાડેજા (સોળિયા), દૈવતસિંહ જાડેજા, હરિશ્ચંદ્રસિંહ જાડેજા, દેવેન્દ્રસિંહ જાડેજા (ટીકુભાઈ), અંબાદાન રોહડીયા, જયંતભાઈ પંડ્યા, ભવતુભા ઝાલા , એ.પી. જાડેજા, એસ.બી. ગોહિલ, આર.જી. વાઘેલા, જે.કે. ઝાલા, ડી.એમ. વાઘેલા, સી.પી. દલાલ અને જયેન્દ્રસિંહ જાડેજા, વિષ્ણુદાન ગઢવી(નિવૃત્ત ડીવાયએસપી) , આર.આર. ગોહિલ અને એ.જે. જાડેજા, આર.એફ. ગોહિલ(નિવૃત્ત પીઆઈ) , આર બી ઝાલા, ભકિતનગરના પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયા, આજી ડેમ પીઆઈ એ.બી. જાડેજા, પીએસઆઈ જનકસિંહ ઝાલા, એસ.એમ રાણા, આર.કે. જાડેજા, સી.બી. જાડેજા સહિત અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં. સમારંભના પ્રમુખ રાજકોટના ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજાએ પોતાના સંબોધનમાં સુકી સાજડીયાળી પરિવારની તેમજ પ્રદિપસિંહ જાડેજાની ફરજ પ્રત્યેની નિષ્ઠાની ખૂબ જ પ્રશંસા કરી હતી. આ તકે તેમણે દાખલો આપીને સુકી સાજડીયાળીના સંયુક્ત પરિવારના પણ વખાણ કર્યા હતાં અને તેમની સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવી હતી.સન્માનાર્થી પ્રદિપસિંહ જાડેજાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, આજે મારૂ સન્માન એ આપ સૌના ઘડતરના કારણે થયું છે, જીવનમાં ખૂબ જ મહેનત કરી ધગશ અને નિષ્ઠાથી આગળ વધવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. પોતાના વિદ્યાર્થીકાળથી કોલેજકાળ સુધી હરભમજીરાજ ગરાસીયા છાત્રાલયનો સિંહફાળો રહ્યો હોવાનું જણાવ્યું હતું.આ તકે સન્માન સમારંભમાં હરભમજીરાજ ગરાસીયા છાત્રાલયના ટ્રસ્ટી હરિશ્ચંદ્રસિંહ જાડેજા (માખાવડ), દેવેન્દ્રસિંહ જાડેજા (સોળિયા), પ્રદ્યુમનસિંહ ઝાલા (ભડવાણા), ડો. રૂદ્રદત્તસિંહ ઝાલા, કે.બી. ઝાલા તથા અંબાદાન રોહડીયાએ પ્રસંગોપાત ઉદ્‌બોધન કર્યુ હતું. આ પ્રસંગે જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર, મોરબી વગેરે ગામમાંથી ક્ષત્રિય સમાજના આગેવાનો અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### જોહર કાર્ડ...

પિતાના આ અપાર બલિદાન અને પ્રેમથી પ્રેરિત થઈને સોનોરાએ વિચાર્યું કે જેમ માતાઓ માટે એક દિવસ સમર્પિત છે, તેમ પિતા માટે પણ એક દિવસ હોવો જોઈએ. તેમના પ્રયાસોથી અમેરિકાના રાષ્ટ્રપતિ રિચાર્ડ નિક્સને પણ આ દિવસ ઉજવવાનું શરૂ કર્યું, અને ધીમે ધીમે તે વિશ્વભરમાં ફેલાઈ ગયો.પિતા માત્ર કમાણી કરનાર નથી, પરંતુ તેઓ કુટુંબના આધારસ્તંભ છે. તેઓ બાળકોને સુરક્ષા પૂરી પાડે છે, તેમને જીવનના સંઘર્ષોનો સામનો કરવા માટે મજબૂત બનાવે છે અને તેમને સપના જોવાની અને તેને સાકાર કરવાની પ્રેરણા આપે છે. તેઓ બાળકોને મૂલ્યો, સંસ્કાર અને શિસ્ત શીખવે છે.

ઘણીવાર પિતાનો પ્રેમ કઠોરતા પાછળ છુપાયેલો હોય છે, પરંતુ તેનો હેતુ હંમેશા બાળકોનું ભલું કરવાનો જ હોય છે. તેઓ બાળકોના ભવિષ્ય માટે અથાક મહેનત કરે છે અને તેમને સફળ થવા માટે પ્રોત્સાહિત કરે ગિફ્ટ્સ માત્ર ભેટ નથી, પરંતુ તમારા પ્રેમ, આદર અને કૃતજ્ઞતાની અભિવ્યક્તિ છે.૧૫ જૂન, રવિવારનો આ દિવસ પપ્પાના પરિવાર પ્રેમ, ત્યાગ અને મહેનતને ઓળખી, તેમને કૃતજ્ઞતા વ્યકત કરવાનો અને "થેન્ક્સ" કહેવાનો દિવસ છે. આ દિવસે આપણે સૌ આપણા પિતા પ્રત્યે આભાર વ્યક્ત કરીએ અને તેમને વિશેષ અનુભવ કરાવીએ. તેમનો પ્રેમ ખરેખર અનમોલ છે, અને આ દિવસ તેમને સન્માનિત કરવાનો શ્રેષ્ઠ અવસર છે.પિતાનો પ્રેમ એક એવું વટવૃક્ષ છે જેની છાયામાં સંતાનો સુરક્ષિત અને ખુશ રહી શકે છે. આ દિવસ તેમને યાદ અપાવે છે કે તેમનું યોગદાન કેટલું મહત્વપૂર્ણ છે અને તેમના બાળકો તેમના પર કેટલો પ્રેમ કરે છે.

### ઈસ્કોન મંદિર...

દરમિયાન શહેરના રાજમાર્ગો પર દર્શન કરતા ભક્તોને ભગવાનનો પ્રસાદ મળી રહે તે હેતુથી ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા આશરે ૫૦૦૦ કિલો બુંદીના એક લાખથી વધુ પેકેટ બનાવવામાં આવશે. આ બુંદી પ્રસાદના પેકેટ્સનું રથયાત્રા દરમિયાન શહેરના રાજમાર્ગો પર વિતરણ કરવામાં આવશે. જે ભક્તજનો આ બુંદી પેકિંગ સેવામાં ભાગ લેવા ઈચ્છતા હોય, તેઓ આજથી (૧૩ જૂન) ૨૩ જૂન સુધી બુંદી પેકિંગની સેવામાં જોડાઈ શકે છે.રથયાત્રાની તૈયારીના ભાગરૂપે ઈસ્કોન મંદિર રાજકોટ ખાતે રથોના સમારકામ અને રંગકામનું કાર્ય પણ શરૂ થઈ ગયું છે. આ વખતે રથોના સમારકામ અને રંગકામ માટે કેરળથી વિશેષ કારીગરોને બોલાવવામાં આવ્યા છે, જેમણે કાર્ય શરૂ પણ કરી દીધું છે.રાજકોટની ધર્મપ્રેમી અને ઉત્સવપ્રેમી જનતાને રથયાત્રાના દિવસે ભગવાનના રથ ખેંચવાનો અને સાંજે ભંડારા પ્રસાદનો લાભ લેવા માટે મંદિરે પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

### અદાણી ફાઉન્ડેશન...

ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, અદાણી પોર્ટ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના એકિઝક્યુટિવ ડાયરેકટર રક્ષિતભાઈ શાહ, મુન્દ્રા નગરપાલિકાના પ્રમુખ રચનાબેન જોશી અને નગરપાલિકાના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે અદાણી ગ્રૂપના ઈ. ડી રક્ષિતભાઈ શાહે જણાવ્યું 'અદાણી ફાઉન્ડેશન છેલ્લા ૨૦ વર્ષથી જીવદયા અને સામાજિક કાર્યોમાં સતત યોગદાન આપે છે અને આવા ઉમદા કાર્યોમાં હંમેશા જોડાવા તત્પર રહેશે.' ઉપરાંત રક્ષિતભાઈ શાહે રતનભાઈની ગૌ સેવાની સરખામણી ૧૦૮ ઈમરજન્સી સેવા સાથે પ્રશંસા કરી અને ફાઉન્ડેશનના સતત સહયોગની ખાતરી આપી. અનિરુદ્ધભાઈ દવેએ પ્રકૃતિ સંરક્ષણ, વૃક્ષારોપણ અને નદી સફાઈ જેવા કાર્યોને સમર્થન આપ્યું અને અબોલ જીવોની સેવા માટે અદાણી ગ્રુપ, રતનભાઈ તથા તેમની ટીમનો આભાર વ્યકત કર્યો.આ પ્રસંગે ગૌશાળાના પરિસરમાં તમામ મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું, અને વધુ વધુ વૃક્ષો વાવવાની નેમ લીધી હતી.

### વિશ્વ રક્તદાતા દિવસ...

સગાઓની રક્ત મેળવવા માટેની રઝળપાટ ઘણે અંશે ઘટી ગઈ છે. જો કોઈ દર્દીના સગા ના હોય તો પણ, તેને સારવારના સ્થળે જ રક્ત મળી જાય છે. આમ રક્તદાતાઓનું રક્ત દર્દીના ખાટલા સુધી પહોંચાડીને તેમનું જીવન બચાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, રેડક્રોસ બ્લડ બેન્કમાં હવે કલીયામેથડ ઈન્સ્ટોલ કરવામાં આવેલી છે. જેના કારણે સિંગલ યુનિટ બ્લડને પણ ઈમરજન્સીમાં પ્રોસેસ કરીને દર્દી સુધી પહોંચાડી શકીએ છીએ.

આ સેવાના વ્યાપ અંગે ડો. નારોલાએ કહ્યું હતું કે, રાજકોટની આશરે ૧૨૫ જેટલી હોસ્પિટલોને આ સેવાના દાયરામાં આવરી લેવામાં આવી છે. ઈમરજન્સી એમ્બ્યુલન્સ જેવી સેવા આપતી આ બ્લડ ડ્રાઈવની કામગીરીમાં ટ્રાફિકની અડચણ ના થાય તે માટે શહેર પોલીસ કમિશનરનો સંપર્ક કરીને આ યોજના સમજાવવામાં આવી હતી. જેના કારણે શહેર ટ્રાફિક પોલીસ દ્વારા બ્લડ ડ્રાઈવના સ્કૂટરને ટ્રાફિકની અડચણ ના થાય તેનો ખ્યાલ રાખીને ઝડપથી પસાર થવા દેવામાં આવે છે. રેડક્રોસ બ્લડ બેન્કની નજીકની કોઈ હોસ્પિટલ હોય કે, શહેરના છેવાડે આવેલી હોસ્પિટલ, સરેરાશ ૯૦ મિનિટમાં રક્ત પહોંચાડી દેવામાં આવે છે. બ્લડ ડ્રાઈવના ઈ-સ્કૂટર પર મોબાઈલ નંબર ૯૯૦૯૬ ૯૫૧૦૦ તથા ૮૮૬૬૮ ૭૧૭૧૭ લખવામાં આવ્યા છે. આ નંબર પર કોલ કરીને બ્લડ ડ્રાઈવની સેવા મેળવી શકાય છે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજકોટ રેડક્રોસની ઈનડોર બ્લડ બેન્કની સેવા ચાલુ જ છે. કોઈપણ રક્તદાતા આ બ્લડબેન્કમાં આવીને રક્ત આપી શકે છે. આ ઉપરાંત વિવિધ રક્તદાન કેમ્પો પણ સમયાંતરે યોજવામાં આવે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### અંજલીબેન રૂપાણી...

પણ આવ્યા છે. તેઓના પુત્ર ઋષભભાઈ રૂપાણી આજે રાત્રે અમદાવાદ આવી પહોંચે તેની શક્યતા જણાઈ રહી છે.

અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નું પણ કરું નિધન થયું રાજ્યભરમાં ભારે શોખનો માહોલ છવાઈ ગયો છે પોતાના પરિવારજનો અને સ્નેહેજનો પાસે લંડન જઈ રહેલા વિજયભાઈ ના અકાળે મૃત્યુના સમાચાર મળતા પરિવારજનો અને સ્નેહીજનો પર આપ ફાટી નીકળ્યું છે ગઈકાલે ઘટના બન્યાના ગણતરી ના કલાકોમાં વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી, પ્રદેશ ભાજપ અગ્રણી ધનસુખભાઈ ભંડેરી અને નીતિનભાઈ ભારદ્વાજ પણ તેઓની સાથે આવવા રવાના થઈ ગયા હતા તેઓ લંડનથી દુબઈ પહોંચ્યા હતા દુબઈથી બાય એર મુંબઈ આવ્યા હતા અને મુંબઈની ચાર્ટ ફ્લાઈટમાં આજે સવારે અમદાવાદ પહોંચ્યા હતા

અંજલીબેન રૂપાણીના એરપોર્ટ પર કરુણ રુદનથી વાતાવરણ ભારે કરુણતા છવાઈ ગઈ હતી, તેઓએ કહ્યું કે મને એકવાર વિજયનું મોઢું બતાવો ત્યારે તમામની આંખોમાં આંસુ આવી ગયા હતા વિજયભાઈ ની સુરક્ષા માટે ફાળવેલા કમાન્ડો સામે જોઈ અંજલિ બેને કહ્યું કે તમે તો કાયમી સાહેબનું ખૂબ જ ધ્યાન રાખતા હતા કાલે કેમ સાહેબ નું ધ્યાન ન રાખ્યું આ શબ્દો સાંભળતાની સાથે જ કમાન્ડો પણ રડવા લાગ્યા હતા સતત ૨૦ મિનિટ સુધી અંજલીબેનના રુદનથી ઉપસ્થિત તમામની આંખોમાં આંસુ આવી ગયા હતા

પ્લેન દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિધનની વાત મળતાની સાથે જ પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદિપસિંહ જાડેજા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડોક્ટર ભરત બોઘરા,પૂર્વ મંત્રી મુકેશ પટેલ પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી ,રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર ,ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવી,સંગઠન મહામંત્રી રત્નાકરજી ,પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય,ભાજપ અગ્રણી હરેશભાઈ જોષી,નીતિનભાઈ ભૂત અને તેજસ ત્રિવેદી ગઈકાલ સાંજથી સતત ખડેપગે છે એરપોર્ટ પરથી અંજલિ બેન રૂપાણી સીધા તેઓના ગાંધીનગર ખાતે ના નિવાસ્થાને ગયા હતા જ્યાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા વિજયભાઈના ડીએનએ ટેસ્ટ માટે તેમના બહેનના લોહીનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. તેમજ આજે રાત્રે તેમના પુત્ર વૃષભ ભાઈ રૂપાણી પણ અમેરિકાથી અમદાવાદ આવી પહોંચશે,ડીએનએ ટેસ્ટ માટે તેમનું સેમ્પલ લેવામાં આવશે, વિજયભાઈ રૂપાણીની પુત્રી પણ અમદાવાદ આવી પહોંચશે તેવી શક્યતા જણાઈ રહી છે.

### કાર્યકરો શોકમાં ગરકાવ...

માની તેના ઉકેલ માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા જેના કારણે લોક હૃદયમાં તેઓનું સ્થાન ખૂબ જ અડીખમ હતું. રાજકોટના તેઓ પનોતા પુત્ર હતા મુખ્યમંત્રી તરીકે પાંચ વર્ષના કાર્યકાળમાં વિજયભાઈ માત્ર રાજકોટ જ નહીં પરંતુ સૌરાષ્ટ્ર ભરને અનેકવિધ પ્રોજેક્ટની ભેટ આપી હતી વિજયભાઈ કરેલા એક એક કાર્યોને યાદ કરી આજે કાર્ય કરો રડી રહ્યા છે મહિલાઓના આંખમાંથી આંસુ ચુકાતા નથી પોતાના લોકપ્રિય રાજ નેતાના અકાળે અવસાનથી ભાજપ પરિવાર રિતસર પડી ભાંગ્યો છે. કોઈ કશું કહેવા કે કરવા અસમર્થ બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. સપનામાં પણ કલ્પી ન હોય તેવી કરુણ ઘટના બની છે. આખી રાત વિજયભાઈના રાજકોટ સ્થિત નિવાસસ્થાન ખાતે કાર્યકરોની અવર જવર ચાલુ રહી હતી. કેટલાક કાર્યકરો ગઈકાલે સાંજે જ અમદાવાદ પહોંચી ગયા હતા.દુઃખની આ કડીમાં ભાજપ પરિવાર રૂપાણી પરિવાર માટે મોટો સધિયારો બની રહ્યો છે. માત્ર રાજકોટ જ નહીં સૌરાષ્ટ્રમાં એવા કોઈ નેતા નહીં હોય જેને વિજયભાઈ માટે માન ન હોય તેઓએ હંમેશા એક અજાત શત્રુ તરીકેજ કામ કર્યું છે કોંગ્રેસ ના નેતાઓ સાથે પણ તેઓએ હંમેશા સારા સંબંધો કેળવ્યા છે તેમને સંગઠનના માણસ માનવામાં આવતા હતા તેઓ કાયમ કહેતા હતા કે હું કોઈ પણ રાજકીય પદ કે સરકારી પદ પરથી ભલે પૂર્વ કે ભૂતપૂર્વ બની જાવ પરંતુ ભાજપનો કાર્યકર તો આજીવન રહેવાનો છું આખો કાર્યકરોની રાજકીય કારકિર્દી નું ઘડતર કરનાર વિજયભાઈ હવે રહ્યા નથી તે વાત કાર્ય કરો કે સમર્થકોનું મન માનવા માટે તૈયાર નથી મહિલા પણ ચોધાર આંસુએ રડી રહી છે.

## અમદાવાદ એરપોર્ટ પર અંજલીબેન રૂપાણીનું હૈયાફાટ રૂદન

# ‘સાહેબનું કાયમ ખૂબ જ ધ્યાન રાખતા હતા કાલે કેમ ધ્યાન ના રાખ્યું’ તેવા શબ્દો અંજલીબેનના મોઢામાંથી નિકળતા જ વિજયભાઈના કમાન્ડો ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યાં

### લંડનથી દુબઈ ત્યાંથી મુંબઈ આવ્યા અને મુંબઈથી ચાર્ટર્ડ પ્લેનમાં અમદાવાદ પહોંચ્યા: એરપોર્ટ પર ૨૦ મિનિટના રોકાણ દરમિયાન સતત એક જ વાત મને વિજયનું મોઢું બતાવો

**અબતક, રાજકોટ**

અમદાવાદ થી લંડન જતું એર ઈન્ડિયાનુ પ્લેન ગઈકાલે બપોરે ઉડાન ભર્યાની બીજી જ મિનિટમાં ક્રેશ થયું હતું. પ્લેનમાં મુસાફરી કરી રહેલા તમામ મુસાફરો પાયલોટ અને ક્રુ મેમ્બર સહિત ૨૪૧ વ્યક્તિઓના મોત નીપજ્યા હતા. આ કરોડ ઘટનામાં રાજકોટના પનોતા પુત્ર અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નું પણ કરુણ મૃત્યુ નીપજ્યું છે. આ ઘટનાથી રાજ્યભરમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો છે. વિજય ભાઈના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી આજે વહેલી સવારે લંડન થી અમદાવાદ ખાતે આવી પહોંચ્યા હતા. તેઓના હૈયાપાટ રુદનથી વાતાવરણ ભારે ગમગીન બની



ગયું હતું. તેઓની સાથે પ્રદેશ ભાજપ અગ્રણી ધનસુખભાઈ ભંડેરી અને નીતિનભાઈ ભારદ્વાજ

(અનુ. ૧૫ માં પાને)

## વડાપ્રધાન નરેન્દ્રભાઈએ અંજલીબેનને આપી સાંત્વના

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં ગઈકાલે સર્જાયેલી પ્લેન ક્રેશની કરુણ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું નિધન થયું છે. આ ઘટનામાં પ્લેનમાં સવાર ૨૪૨ પૈકી ૨૪૧ મુસાફર મોતને ભેટયા છે.ગુજરાત જ નહીં ભારતના ઈતિહાસની સૌથી મોટી પ્લેન દુર્ઘટનાથી ખુદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ ભારે શોકમગ્ન બની ગયા છે. આજે સવારે તેઓ અમદાવાદની મુલાકાતે દોડી આવ્યા હતા. સતત ૨૦ મિનિટ સુધી તેઓએ



ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ તેઓએ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઘાયલોની ખબર અંતર પૂછી હતી. દરમિયાન હતભાગીઓના પરિવારજનોને પણ તેઓ મળે મળ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પરિવારજનોને પણ વડાપ્રધાન મળવા ગયા હતા. વિજયભાઈ રૂપાણી ના પરિવારજનો લંડનમાં હોય તેઓ તેમને મળવા માટે લંડન જઈ રહ્યા હતા. દરમિયાન પ્લેન દુર્ઘટનામાં તેઓનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું આજે સવારે તેઓના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી લંડનથી અમદાવાદ આવી પહોંચ્યા હતા અને હાલ ગાંધીનગર. સ્થિત તેઓના નિવાસસ્થાન ખાતે હોવાનું જાણવા મળી રહ્યું છે. પ્લેન દુર્ઘટનાની કરુણ ઘટનાથી શોકમગ્ન બની ગયેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે સવારે અમદાવાદ ખાતે આવી પહોંચ્યા હતા. તેઓ વિજયભાઈ રૂપાણીના પત્ની અંજલીબેન રૂપાણીને રૂબરૂ મળીને પણ સાંત્વના પાઠવી હતી. વિજયભાઈના અકાળે અવસાનથી ભાજપને ક્યારેય ન પુરાય તેવી મોટી ખોટ પડી છે. ભાજપના ટોચના તમામ નેતાઓ શોકમગ્ન બની ગયા છે કાર્યકરો ના આંખોના આંસુ સુકાતા નથી.

### વિજયભાઈના પુત્ર ઋષભભાઈ રૂપાણી મોડી રાત્રે અમદાવાદ આવી પહોંચશે: ડીએનએ રિપોર્ટ આવ્યા બાદ અંતિમવિધિ અંગે નિર્ણય લેવાશે

# રાજકોટવાસીઓના આંસુ સુકાતા નથી: કાર્યકરો શોકમાં ગરકાવ







### વિજયભાઈ રૂપાણીના અકાળે નિધનથી ગુજરાત અને ખાસ કરીને રાજકોટને ક્યારેય ન પુરાય તેવી મોટી ખોટ પડી, તેઓના લોકલાડીલા નેતા હવે રહ્યા નથી તે વાત માનવા કાર્યકરો - સમર્થકો તૈયાર નથી

**અબતક, રાજકોટ**

અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ઉડાન ભર્યાની બીજી જ મિનિટમાં ક્રેશ થવાના કારણે વિમાનમાં સવાર ૨૪૨ પૈકી ૨૪૧ મોત નીપજ્યા છે. ગુજરાતની પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું પણ પ્લેન દુર્ઘટનામાં અકાળ અવસાન થયું છે.ભાજપના લાખો કાર્યકરો અને વિજયભાઈના સમર્થકો હજી એ વાત માનવા તૈયાર નથી કે તેઓના લોકલાડીલા રાજનેતા હવે તેમની વચ્ચે હયાત રહ્યા નથી. ગઈકાલ બપોરથી જ જ્યારે આ ઘટના બની હોવાનું સામે આવ્યું ત્યારથી રાજકોટવાસીઓના આંસુ સુકાતા નથી કાર્યકરો શોકમાં ગરકાવ થઈ ગયા છે.અમદાવાદથી લંડન જતી જે ફ્લાઈટ ક્રેશ થઈ છે તેમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ સવાર હતા તે વાતની જાણ થતાની સાથે જ રાજ્યભરમાં ભાજપના ટોચના નેતાઓ અને કાર્યકરોમાં ચિંતાનું મોજુ કરી વળ્યું હતું. વિજયભાઈની સ્થિતિ જાણવા માટે સતત કાર્યકરોએ પ્રયાસ કર્યા હતા દરમિયાન પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર.પાટીલે પ્લેન દુર્ઘટનામાં વિજયભાઈ રૂપાણીનું નિધન થયું હોવાની પુષ્ટિ કરતાંની સાથે જ ભાજપના લાખો કાર્યકરો અને વિજયભાઈ રૂપાણીના હજારો સમર્થકો પડી ભાંગ્યા હતા. તેઓના રાજકોટ સ્થિર નિવાસ સ્થાન ખાતે ગઈકાલ બપોરથી જ સમર્થકો ઉમટી પડ્યા હતા. તેમની રક્ષા માટે સતત પ્રાર્થના કરવામાં આવતી હતી વિજયભાઈ હંમેશા એક કોમનમેન જ રહ્યા હતા. નાનામાં નાના માણસને સામાન્ય મુશ્કેલીને પણ તેઓ હંમેશા મોટી

(અનુ. ૧૫ માં પાને)

## પહેલી કારથી લઈને વર્ષો જૂના સ્કૂટરનો નંબર ‘૧૨૦૬’ વિજયભાઈ માટે આ લકી નંબર જ બન્યો અનલકી







**અબતક, રાજકોટ**

ગુજરાત માટે ગુરૂવાર સૌથી કરૂણ દિવસ હતો. અમદાવાદથી લંડન જતું વિમાન ક્રેશ થતા ૨૬૫થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. જેમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ પોતાનો જીવ ગુમાવ્યો છે. જે તારીખે તેમનું મૃત્યુ નિપજ્યું તે તારીખ હતી ૧૨/૦૬/૨૦૨૫, જે ટૂંકમાં ૧૨/૦૬ થાય. પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીનો પ્રિય નંબર હતો આ ૧૨૦૬. તેમની કાર, ટુવ્હીલર વાહન દરેકના નંબર તેમણે ૧૨૦૬ જ રાખ્યા હતા. યોગાનુયોગ તેમનું પ્લેન ક્રેશમાં નિધન પણ ૧૨-૦૬ તારીખે જ થયું હતું. જોકે, જે વિમાન ક્રેશ થયું તેમાં તેમનો પેસેન્જર નંબર પણ ૧૨ હતો. કહેવામાં આવે છે કે, ૧૨૦૬ રૂપાણીનો લકી નંબર હતો. વિજયભાઈની એર ટિકિટની વિગતો મૂજબ બપોરે ૧:૧૦ વાગ્યાનો ડિપાર્ચર ટાઈમ હતો જે ફ્લાઈટ ૨૮ મિનિટ મોડી હતી. સાંજે ૬:૧૪ વાગ્યે તે લંડન પહોંચવાની હતી. વિજયભાઈ સવારે ૧૧:૩૦ વાગ્યે એરપોર્ટ પહોંચ્યા હતા અને ચેકઈન કરીને ૧૨:૩૦ વાગ્યે બોર્ડિંગ કરાવ્યું હતું. તેઓ સીટ નં. ૨-ઉ પર બેઠા હતા. રાજકોટના નિર્મલા રોડ પર સૌરાષ્ટ્ર ક્લાકેન્દ્ર પાસે પ્રકાશ સોસાયટી શેરી નં.૪માં વિજય રૂપાણીનું નિવાસસ્થાન આવેલું છે. જેનું નામ તેમના સદ્દગત પુત્ર પુજીત પરથી રાખવામાં આવેલું છે.

## વિજયભાઈની રવિવારે રાજકોટમાં અંતિમવિધિ કરવામાં આવે તેવી સંભાવના

### અંતિમ વિધિમાં મુખ્યમંત્રી કેન્દ્રીય મંત્રીઓ રાજ્ય સરકારના મંત્રીઓ અને ભાજપના સંગઠનના હોદ્દેદારો સહિતના લોકો હાજરી આપશે

અમદાવાદમાં પ્લેન ક્રેશ થવાની ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ દુ:ખદ અવસાન થયું છે.આજે મોડી રાત્રે તેઓના પુત્ર ઋષભભાઈ રૂપાણી અમેરિકાથી અમદાવાદ આવી પહોંચશે હાલ વિજયભાઈના ડીએનએ ટેસ્ટમાટે તેમના બહેન લોહીનો સેમ્પલ લેવામાં આવ્યું છે. ડીએનએ ટેસ્ટ થયા બાદ મૃતદેહ સોંપવાની કાર્યવાહી કરવામાં આવશે. સંભવત આગામી રવિવારે તેઓની અંતિમ વિધિ કરવામાં આવે તેવી શક્યતા ભાજપના નેતાઓ વ્યક્ત કરી રહ્યા છે. પ્લેન દુર્ઘટનામાં મોતને ભેટેલા મોટાભાગના હતભાગીઓના મૃતદેહની હાલત એટલી હદે ખરાબ થઈ ગઈ છે કે તેઓની ઓળખ કરવા માટે ડીએનએ ટેસ્ટ કરવા પડી રહ્યા છે.

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના મૃતદેહની ઓળખ માટે તેમના બહેનના લોહીનું સેમ્પલ લેવામાં આવ્યું છે. ડીએનએ ટેસ્ટ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે દરમિયાન આજે મોડી રાત્રે તેઓના પુત્ર અમેરિકાથી પરત ફરશે. ત્યારબાદ વિજયભાઈના પાર્થિવ દેહને રાજકોટ સ્થિત તેમના નિવાસ્થાને લાવવામાં આવશે સંભવત રવિવારે વિજયભાઈની અંતિમ વિધિ કરવામાં આવે તેવી શક્યતા હાલ દેખાય રહી છે.

નાના બજેટમાં લકઝરી ફીલીંગ
આજે જ બુક કરો
THE DIVINE Residency
3 BHK
પ્રીમિયમ બંગ્લોઝ
ગેટ પેક સોસાયટી





માધાપર, મનહરપુર ગામની પાછળ, ૧૫૦ ફીટ રીંગ રોડ, રાજકોટ.
99985 55009 | 99985 55431